# સ્વામિનારાયણ ચરિત્ર

## ભગવાન સ્વામિનારાયણના દિવ્યજીવનનું વૃત્તાંત

**ભાગ-૧**





પૂર્ણ પુરુષોત્તમ
ભગવાન સ્વામિનારાયણ



જીવનપ્રાણ
અબજીબાપાશ્રી

## શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

સત્ય, અહિંસા, પ્રામાણિકતા, કૌટુંબિક એકતા આદિ સામાન્ય આચરણથી લઈને આધ્યાત્મિક દિવ્ય આચરણોનું સિંચન કરવું તેમજ સનાતન ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની આધ્યાત્મિક અલૌકિક સ્થિતિનો આસ્વાદ માણતા એક દિવ્ય સમાજની રચના કરી શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ તૈયાર કરવો એ જ એકમાત્ર આ આધ્યાત્મિક સ્વામિનારાયણ સંસ્થાનો લક્ષ્ય છે.

દેશ અને સમાજની પ્રત્યેક વ્યક્તિમાં આધ્યાત્મિકતાની નવી ચેતના પ્રગટાવી જીવનપરિવર્તનના મહામૂલા કાર્યમાં આ **SMVS** સંસ્થા સતત પ્રવૃત્ત રહે છે. સંસ્થાના ૧૦૦ જેટલા સંતો-પાર્ષદો તથા ૧૦૧ જેટલાં ત્યાગી મહિલામુક્તો, ૧૦,૦૦૦થી પણ વધુ કાર્યકરો અને સ્વયંસેવકો સંસ્થા દ્વારા ચાલતાં સેંકડો બાળ-બાલિકા મંડળો, યુવા-યુવતી મંડળો તથા પુરુષ-મહિલાના સંયુક્ત મંડળોમાં જીવનપરિવર્તનની દિવ્ય પ્રેરણા આપી પોતાના જીવનની સાફલ્યતાને અનુભવી રહ્યાં છે. અવનવાં આધ્યાત્મિક અભિયાનો દ્વારા જન જન સુધી પહોંચી અજ્ઞાન ને દુઃખરૂપી તિમિરને દૂર કરી જ્ઞાન ને સુખરૂપી પ્રકાશ પાથરી રહ્યાં છે.

ભારત, યુ.કે., અમેરિકા, કેનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, કુવૈત, દુબઈ, કેન્યા, યુગાન્ડા, ઝામ્બિયા આદિ દેશોમાં આધ્યાત્મિક સેવાઓનાં સોપાન સર કરવાની સાથે સર્વજનહિતાવહ એવા સામાજિક સેવાકાર્યોમાં પણ આ સંસ્થા ભાગીરથી બની રહી છે. શિક્ષણ, સંસ્કાર અને સત્સંગનો ત્રિવેણી સંગમ ખડો કરી, ગુરુકુલ જેવાં પરિસરો બાંધી અનેક તરુણોના જીવનને ઘાટ આપવાનું સેવાકાર્ય તો વળી જરૂરિયાતમંદોને શૈક્ષણિક તેમજ તબીબી સહાયની સેવાથી માંડી વસ્ત્રદાન, રોગનિદાન કેમ્પ, રક્તદાન કેમ્પ જેવી અનેક સેવાઓ તેમજ તબીબી સેવામાં વિશેષ રૂપે મેડિકલ સેન્ટરો તથા **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલ આદિ સેવાઓ પણ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. ભૂકંપની હોનારત હોય કે પછી પૂરની તારાજી હોય પરંતુ જનહિતાવહ કાજે રાહતકાર્યની સેવામાં આ સંસ્થા સર્વત્ર ખડે પગે હાજર રહે છે.

સંસ્થાની આવી મહામૂલી આધ્યાત્મિક, સામાજિક તેમજ સર્વજનહિતાવહ સેવા-પરિચર્યાનાં અજવાળાં સર્વત્ર જનમાનસમાં ફેલાયાં છે. દેશ અને સમાજના જન જન પ્રત્યે આ સંસ્થા પોતાનાં સેવાકાર્યો અને આધ્યાત્મિક મૂલ્યોની સુવાસ પ્રસરાવવામાં સદાય અગ્રેસર રહી છે ને રહેશે.

# સ્વામિનારાયણ ચરિત્ર

ભગવાન સ્વામિનારાયણના દિવ્યજીવનનું વૃત્તાંત

**ભાગ-૧**


**લેખનકાર્ય**

સાહિત્ય લેખન વિભાગ



**પ્રકાશક**

સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ

સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર-૩૮૨૪૨૧

# સ્વામિનારાયણ ચરિત્ર

ભગવાન સ્વામિનારાયણના દિવ્યજીવનનું વૃત્તાંત

**ભાગ-૧**


**રજૂકર્તા** : શ્રી સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

**આદ્ય સ્થાપક** : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
પ.પૂ. અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)

**પ્રેરક** : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

**પ્રકાશક** : સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ,
સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર-૩૮૨૪૨૧
ફોન : ૯૯૨૫૨૩૭૦૦૪, Email : ssd@in.smvs.org

**આવૃત્તિ** : પ્રથમ, સપ્ટેમ્બર - ૨૦૨૪

# ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના આશીર્વાદ

આપણા સૌના જ્ઞેય, ધ્યેય અને ઉપાસ્ય મૂર્તિ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. જે સમગ્ર સંપ્રદાયના તમામ આશ્રિતગણનું લક્ષ્ય છે, નિશાન છે અને મુકામ છે. સૌએ એમના દિવ્ય સ્વરૂપમાં જોડાઈ છતે દેહે મૂર્તિસુખના અનુભવી થવું અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિને પામવી એ જ અંતિમ લક્ષ્ય સેવવાનું છે. છતાં શ્રીજીમહારાજના પ્રાગટ્યથી માંડીને આ લોકમાં દેખાતો ભાવ અદૃશ્ય કર્યો ત્યાં સુધીના તેઓના તમામ ચરિત્રો પણ અતિ દિવ્ય ને કલ્યાણકારી જ છે. એ ચરિત્રોનું વાંચન, મનન અને ચિંતન પણ અંતઃકરણને શુદ્ધ અને પવિત્ર કરનાર છે.



આ વાતને સમર્થન આપતાં શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૫૮મા વચનામૃતમાં કહ્યું છે, 'અમે જે જે ચરિત્ર કર્યાં હોય અને જે જે આચરણ કર્યાં હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય અને અમારો મહિમા પણ આવી જાય.'

આમ, સ્વામિનારાયણ મહાપ્રભુના દિવ્યજીવનનું વૃત્તાંત સૌના માટે સદાય સુખિયા થવા પથદીપક સમાન છે. માટે સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય ચરિત્રો સર્વેએ એકાગ્રતાથી વાંચવા... તો મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાનનો જેમ છે તેમ મહિમા જરૂર સમજાશે અને તેમની મૂર્તિનું ખૂબ ખૂબ સુખ આવશે...

દાસાનુદાસ સેવક<br>
સાધુ સત્યસંકલ્પદાસના<br>
જય સ્વામિનારાયણ

# પ્રસ્તાવના

'મૂળો નાસ્તિ કુતો શાખા' એમ જેમણે દેહ ધર્યો જ નથી તો પછી ચરિત્રો શાનાં..? તેથી સૌને જરૂર પ્રશ્ન થાય કે સંવત ૧૮૩૭ની સાલમાં છપૈયામાં ધર્મપિતા-ભક્તિમાતાને ઘેર ઘનશ્યામ પ્રભુ પ્રગટ્યા. અગિયાર વર્ષ સુધી અનેક બાળચરિત્રો કર્યાં, સાત વર્ષ સુધી વનવિચરણ કર્યું. સદ્. રામાનંદ સ્વામી પાસે દીક્ષા લીધી, ધર્મધુરા ગ્રહણ કરી. સ્વામિનારાયણ સંપ્રદાય સ્થાપ્યો, ૩૦ વર્ષ સુધી સત્સંગમાં વિચર્યા ને સંવત ૧૮૮૬માં દેહ મૂક્યો. તો શું એ બધું ખોટું..?

ના. આમાંનું કશું જ ખોટું નથી. અવરભાવની દૃષ્ટિએ બધું સાચું જ છે. પરંતુ જેણે ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપને જેમ છે તેમ સર્વોપરી, સનાતન, સર્વાવતારી, અજોડ, દિવ્યાતિદિવ્ય, સર્વ કારણના કારણ, ભવ્યાતિભવ્ય, સદા સાકાર અને સદા પ્રગટ ને પ્રત્યક્ષ જાણી સર્વે અંગે નિશ્ચય કર્યો હોય, મહારાજના પરભાવના સ્વરૂપની દૃઢતા કરી હોય એના માટે એ નર-નાટક જ છે.

જેને દિવ્યભાવ છે તેને મહારાજના અવરભાવના ચરિત્રોમાં પણ પરભાવ જ જણાય. માત્ર જરૂર છે અવરભાવની દૃષ્ટિ અને સમજણ છોડવાની. કેમ જે પરભાવનું સ્વરૂપ ગમે તેટલું પોતાનું સર્વોપરીપણું, દિવ્યપણું છુપાવવા તથા દબાવવા પ્રયત્ન કરે તોપણ એ પ્રગટ્યા વિના છાનું રહે નહીં. પરંતુ દિવ્યભાવ વગર તેને ઓળખી કે પામી શકાય નહીં.

મહારાજનો મનુષ્યોને મનુષ્ય જેવાં દર્શન આપવા પાછળનો હેતુ એક જ હતો : અનંત જીવોને પોતા જેવા પુરુષોત્તમરૂપ પાત્ર કરવા. તો સ્વાભાવિક છે કે એમના અવરભાવનાં ચરિત્રો પણ પોતાના મૂળભૂત સંકલ્પને પૂરો કરવા માટે જ હોય.

સર્વોપરી મહાપ્રભુના દિવ્ય ચરિત્રોને વાંચી, માણી, તેમનાં ચરિત્રો સાથે સંલગ્ન થતાં હૃદયમાં શાંતિનો તથા સુખનો મહાસાગર ઘૂઘવવા લાગે છે.

માત્ર લીલાચરિત્રો વાંચી, સાંભળી એમાં જ આનંદ માણવો અને એમાં જ રાચવું એ કાર્ય સત્સંગની રીત છે. મહારાજ કયા ગામથી કયા ગામ ગયા અને

કેવી રીતે કોનો મોક્ષ કર્યો કે કોને સુખ આપ્યું એટલું માત્ર જાણવાથી પુરુષોત્તમરૂપ પાત્ર નથી થવાતું. અને એટલું કરવાથી મહારાજના એ ચરિત્રોનો જે હેતુ છે એ પણ પાર પડતો નથી. એ તો જ્યારે એ ચરિત્રોના માધ્યમથી મહારાજના પરભાવના સ્વરૂપનો અધિકાધિક મહિમા સમજાય. ત્યારબાદ આપણે પણ પરભાવમાં પહોંચીએ ત્યારે જ સ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રો વાંચ્યાં ને જાણ્યાંનો હેતુ પાર પડ્યો કહેવાય.

ભગવાન સ્વામિનારાયણના જીવનનું વિસ્તૃત દર્શન કરાવતી આ પુસ્તકની શ્રેણી 'સ્વામિનારાયણ ચરિત્ર' સંપ્રદાય માટે એસ.એમ.વી.એસ. સંસ્થાનું સૌથી મોટું યોગદાન ગણાશે. વળી, મૂળભૂત ગ્રંથ ભગવાન સ્વામિનારાયણમાંથી સંકલિત કરેલ આ પુસ્તકને સ્વામિનારાયણ ભગવાનના અવરભાવના સમગ્ર જીવનના સમયકાળ મુજબ વિવિધ ભાગમાં વિભાજિત કરવામાં આવી છે. અને વર્ષ દરમ્યાન નિયમિતપણે એના વિવિધ ભાગ પણ PDF રૂપે પ્રકાશિત કરવામાં આવશે. આ ભાગનું વાંચન તથા મનન કરીને આપણે શ્રીજીમહારાજના પ્રત્યેક ચરિત્રના હેતુને સ્વજીવનમાં લક્ષ્યાર્થ કરીએ. અપેક્ષા છે કે સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતમાત્રને ભગવાન સ્વામિનારાયણનું આવું દિવ્ય જીવનદર્શન અવશ્ય ગમશે જ...

- સાહિત્ય લેખન વિભાગ

# અનુક્રમણિકા

## ૧. અવરભાવ-પરભાવની સમજણ


અવરભાવમાં દર્શન....................................૧
અક્ષરધામે સંવાદ....................................૩
પ્રાગટ્ય હેતુ....................................૭


## ૨. પૂર્વભૂમિકા (આ.સં. ૧૭૯૬-૧૮૩૬, ઈ.સ. ૧૭૩૯-૧૭૮૦)


ધર્મ-ભક્તિનું પ્રાગટ્ય....................................૧૦
ધર્મ-ભક્તિનો દિવ્ય વિવાહ....................................૧૧
રામપ્રતાપભાઈનું પ્રાગટ્ય....................................૧૨
સદ્‌ગુરુ રામાનંદ સ્વામીનો યોગ....................................૧૪



## ૩. પ્રાગટ્ય તથા અલૌકિક બાળચરિત્ર (આ.સં. ૧૮૩૭ - ૩૯ ઈ.સ.૧૭૮૦-૮૩)


શ્રીહરિનું પ્રાગટ્ય....................................૧૬
કોટરાનું કૃત્ય....................................૨૦
ઘનશ્યામ પ્રભુનું બગાસું....................................૨૨
પ્રભુ પારણેથી ઊતર્યા....................................૨૩
નામકરણ....................................૨૪
કર્ણવેધ સંસ્કાર....................................૨૬
પ્રભુની પરીક્ષા....................................૨૮
ચકલીથી પ્રભુ ભડક્યા....................................૨૮
મારા તેજ વડે સર્વે તેજાયમાન છે....................................૩૦
હું મારા મુક્તો સહિત પ્રગટીશ....................................૩૧
રામપ્રતાપભાઈનો વિવાહ....................................૩૧
અમે દિવ્ય તેજોમય છીએ....................................૩૨
ભક્તિમાતાને બધાં ધામો દેખાડ્યાં....................................૩૩

ભૂલાં ન પડતા હોં !....................................................૩૫
મૃત્તિકા ખાધી................................................૩૫
વિસાર્યા તો વિઘ્ન.............................................૩૬
ચૌલ સંસ્કાર..................................................૩૮
કાલીદત્તનું કાસળ.............................................૩૯


## ૪. અયોધ્યામાં નિવાસ (આ.સં. ૧૮૪૦-૪૧ ઈ.સ. ૧૭૮૩-૧૭૮૫)

અયોધ્યાગમન.................................................૪૨
મલ્લોનો પરાભવ..............................................૪૪
બીજાને પ્રાર્થના ??...........................................૪૮
હિંસા એ તો મોટું પાપ છે....................................૪૯
ભૂતોનો મોક્ષ.................................................૫૦
કડવાં ચીભડાં મીઠાં થયાં.....................................૫૨
એમનું તો એમને આપવું જ...................................૫૩
તરવૈયા ઘનશ્યામ પ્રભુ.......................................૫૪
ગોમતી ગાય.................................................૫૫
આંખોમાં બ્રહ્માંડોનું દર્શન.....................................૫૬
તકની સેવા...................................................૫૭
પ્રભુ રિસાઈ ગયા.............................................૫૮
અંગૂઠી લીલા.................................................૬૦
ચકલાંને સમાધિ..............................................૬૩
વેણીરામને સાજા કર્યા.........................................૬૫



# ૧

# અવરભાવ-પરભાવની સમજણ

આપણા ઈષ્ટદેવ સર્વ કારણના કારણ, સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાન સંવત ૧૮૩૭માં આ બ્રહ્માંડમાં મનુષ્યોને મનુષ્ય જેવા દેખાયા, છપૈયામાં બાળલીલાઓ કરી, વનવિચરણ કર્યું, લોજમાં પધાર્યા, દીક્ષા ગ્રહણ કરી, ધર્મધુરા સંભાળી, સત્સંગમાં વિચર્યા, મંદિરો-સાધુ કર્યાં, ગઢપુરમાં સવિશેષ રહ્યા ને મનુષ્યભાવ અદશ્ય કર્યો. એ જ મહાપ્રભુ આજે પ્રતિમા સ્વરૂપે દર્શન આપે છે.

આ બધો કહેવાય અવરભાવ અર્થાત્ આ લોકના મનુષ્યોને જે દેખાયું, જે જણાયું, જે જે લખાયું એ બધો અવરભાવ.

પણ ખરેખર અક્ષરધામમાં એટલે કે પરભાવમાં મહારાજ કેવા છે ?

તો એ માટે પ્રથમ સમજીએ કે પરભાવ એટલે શું ?

જે નરી આંખે દેહધારી મનુષ્યોને નથી દેખાતું, નથી અનુભવાતું છતાં એ જ સાચી હકીકત છે, નરી વાસ્તવિકતા છે, સંપૂર્ણ સત્ય છે એને કહેવાય છે પરભાવ.

## અવરભાવમાં દર્શન

સ્વામિનારાયણ પ્રભુના આ બ્રહ્માંડમાં દર્શન કેટલા સમયે થયાં ? ક્યાં સુધી થશે ? અર્થાત્ અવરભાવમાં શ્રીજીમહારાજનાં દર્શનની લીલા સમજીએ.

સ્વામિનારાયણ ભગવાનના હસ્તે જ દીક્ષા પામેલા ને બ્રહ્મચારી તરીકે સ્થાપિત થયેલા એવા શ્રી વૈષ્ણવાનંદ સ્વામી ‘શ્રીહરિલીલાસિંધુ’ ગ્રંથમાં લખે છે :

"તુમ પૂછે હમ સબ બાત મુનિ સોઈ ધામ ધામી કહાવે હૈ;
કઉ દિવસ ભૂમિ પર આઈ નહિ હરિ, અબ કિ બેર સો આય હૈ.
સબપરહી પર પરમેશ્વર જન કરન પૂરન પ્રાય હૈ;
અવતારી સબ અવતાર પરબ્રહ્મ પદ જન દાય હૈ."[૧]

અક્ષરધામાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ શ્રીહરિ સ્વામિનારાયણ મહાપ્રભુએ પ્રથમ વખત જ આ ભૂમિ પર દર્શન આપ્યાં છે. આ પહેલાં તેઓ ક્યારેય પધાર્યા નથી. અર્થાત્ સ્વામિનારાયણ ભગવાન આ બ્રહ્માંડમાં (આ પૃથ્વી પર) ફક્ત એક જ વખત પધારે છે, એક જ વખત દર્શન આપે છે. એટલે કે અત્યાર સુધીના સમયગાળા દરમ્યાન ફક્ત એક જ વખત અવરભાવમાં મનુષ્યોને મનુષ્ય જેવા દેખાયા છે.

બ્રહ્માના પચાસ વર્ષ ને દોઢ પહોર દિવસ ચડ્યો ત્યારે અક્ષરધામના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાનનું આ બ્રહ્માંડમાં પ્રાગટ્ય થયું.

બ્રહ્માનો એક દિવસ = ૪,૩૨,૦૦,૦૦,૦૦૦ (ચાર અબજ બત્રીસ કરોડ) માનવવર્ષ થાય. અને જેવડો દિવસ છે એવડી જ એમની રાત્રિ છે. એ બંને દિવસ અને રાત્રિનો સરવાળો કરીએ તે બ્રહ્માનું અહોરાત્ર કહેવાય છે.

બ્રહ્માનું અહોરાત્ર = ૮,૬૪,૦૦,૦૦,૦૦૦ વર્ષ એટલે કે આઠ અબજ ચોસઠ કરોડ વર્ષ થયાં.

એવી રીતે ૩૦ દિવસનો મહિનો અને ૧૨ મહિનાનું એક વર્ષ તે એવાં ૫૦ વર્ષ એટલે કે એક પરાર્ધ વર્ષ. એ તેમનું અને આ બ્રહ્માંડનું અડધું આયુષ્ય થયું કહેવાય.

આમ, આ બ્રહ્માંડનું અડધું આયુષ્ય થયું ત્યારે પરાત્પર પુરુષોત્તમનારાયણ એવા સનાતન ભગવાન સ્વામિનારાયણનાં દર્શન અવરભાવમાં અવરભાવના મનુષ્યને થયાં.

આ બ્રહ્માંડમાં સંવત ૧૮૩૭ ચૈત્ર સુદ નોમને દિવસથી એમનું અવરભાવમાં દર્શન સુલભ થયું કહેતાં તેમણે નર-નાટ્ય ધારણ કર્યું. સર્વોપરી સ્વામિનારાયણ મહાપ્રભુએ આ બ્રહ્માંડને વિષે અવરભાવમાં ૪૯ વર્ષ, ૪ માસ, ૨ દિવસ સુધી મનુષ્યોને મનુષ્ય જેવાં દર્શન આપી અનંત આશ્ચર્યકારી લીલાઓ કરી સુખ આપ્યું ને પોતાનું સર્વોપરીપણું પ્રસ્થાપિત કર્યું. ત્યારપછી મનુષ્યોને દેખાતું મનુષ્ય

---

૧. શ્રીહરિલીલાસિંધુ : રત્ન-૧, તરંગ-૬

સ્વરૂપ એટલે કે અવરભાવ અદૃશ્ય કર્યો. પછી શું મહારાજનું આ બ્રહ્માંડમાંથી પ્રગટપણું જતું રહ્યું ? શું તેઓ અધ્ધર અક્ષરધામમાં જતા રહ્યા ?

વળી, વર્તમાનકાળે શ્રીજીમહારાજને પ્રગટ કેમ સમજવા ? તો શ્રીજીમહારાજ આ બ્રહ્માંડમાં આવ્યા જ નથી. તો પછી એમના માટે જવાનો સવાલ જ નથી રહેતો. શ્રીજીમહારાજને ગમન-આગમન જેવા ભાવ જ નથી, ક્રિયા જ નથી. "તેઓ જન્મ ધરતે થકે પણ અજન્મા છે અને દેહ મૂકતે થકે અજર-અમર છે."[૨] "નટ મર્યો પણ નથી ને બળ્યો પણ નથી; જેવો છે તેવો ને તેવો જ છે."[૩] તેમ તેઓ સદાય સાકાર, દિવ્ય, તેજના સમૂહમાં જ છે ને જ્યાં છે ત્યાં જ છે, જેવા છે તેવા જ છે. જેમ છે તેમ જ છે ને જે છે તે જ છે. તેમના માટે 'મનુષ્ય દેહ ધર્યો' એવું કહેવાય નહીં. એવું જો કહીએ તો મનુષ્યભાવ પરઠ્યો કહેવાય. મનુષ્યને મનુષ્ય જેવા દેખાયા. પોતે મનુષ્ય જેવા થયા નથી અને અત્યારે પ્રતિમા જેવા છે પણ નહીં.

વર્તમાનકાળે શ્રીજીમહારાજ સદાય પ્રગટ પ્રગટ ને પ્રગટ જ છે. સદા પ્રત્યક્ષ પ્રત્યક્ષ ને પ્રત્યક્ષ જ છે. પણ પ્રતિમા સ્વરૂપે પ્રગટ ને પ્રત્યક્ષ છે. અને એમનું પ્રગટપણું યાવદ્‌ચંદ્રદિવાકરૌ સુધી કહેતાં આ બ્રહ્માંડનું પીઠ રહે ત્યાં સુધી પ્રતિમા સ્વરૂપે સદાય પ્રગટ પ્રગટ ને પ્રગટ જ છે ને રહેશે.

"પ્રત્યક્ષ એવાસ્મિ સદેતિ ભાનં, દત્વા સ્વકેભ્યો નિજમૂર્તિ દાનમ્,
યાવદ્ રવીન્દુ પ્રગટ પ્રમાણં, શ્રીસ્વામિનારાયણમા નમામિ."

શ્રીજીમહારાજ આ બ્રહ્માંડમાં એક વખત પ્રગટ દર્શન આપ્યા પછી ક્યારેય પરોક્ષ થતા જ નથી.

## અક્ષરધામે સંવાદ

એક સમયે શ્રીજીમહારાજે અનંત જીવો ઉપર અનરાધાર કરુણા વહેવડાવવા માટેનો એક દિવ્ય સંજોગ ઊભો કર્યો.

એક સમયે અક્ષરધામે પોતાના મૂર્તિસુખમાં લુબ્ધ એવા મુક્તોએ મહાપ્રભુને પ્રશ્ન કર્યો...

અક્ષરધામ એટલે પરભાવ. તે કોઈ સ્થાન નથી... સ્થળ નથી... અક્ષરધામ એટલે તેજનો સમૂહ. આ પરભાવમાં કોઈ લૌકિક ક્રિયા નથી. તેમ છતાં,

૨. વચનામૃત : અમ. ૪, ૩. વચનામૃત : પં. ૭

સંપ્રદાયના ગ્રંથોમાં ઘણાક મોટેરા સંતોએ મહારાજ અને મુક્તના સંવાદની નોંધ લીધી છે. તે એટલા માટે લીધેલી જણાય છે કે અવરભાવવાળાને અવરભાવની રીતે સમજાવવામાં આવે તો સરળતાથી વાતને સમજાવી શકાય. ને એ વાતની જીવને હા પડે !

ખરેખર, વાસ્તવિકતા એ છે કે પરભાવમાં (અક્ષરધામમાં) કોઈ સંવાદ નથી. કોઈ વાતચીત પણ નથી કે લૌકિક ક્રિયા પણ નથી. આ જ કારણ સત્સંગની શુદ્ધ સમજણ છે.

અહીં પણ માત્ર સ્વામિનારાયણ મહાપ્રભુ ને એમના મુક્તોનો પ્રાગટ્ય હેતુ શો હતો તે જાણવા સારુ જ મહારાજ અને મુક્ત વચ્ચેના સંવાદને માધ્યમ તરીકે સમજીશું..!!!

"અક્ષરધામે પ્રશ્ન કરે છે, મુકતો મળી મુનિવર;
કેમ જીવો નથી આવતા ધામે, બોલો હે હરિવર."

સ્વામિનારાયણ મહાપ્રભુને મુક્તોએ પૂછ્યું, "હે દયાળુ ! પૃથ્વીલોક પર અસંખ્ય જીવો-મુમુક્ષુઓ માયાના કાર્યમાં સબડે છે. જીવમાંથી મુમુક્ષુ અને મુમુક્ષુમાંથી મુક્ત થઈ કેમ આપની મૂર્તિસુખ સુધી પહોંચતા નથી ?

અનેક જીવો જુદી જુદી ૮૪ લાખ જાતની યોનિમાં જઈ અનંત દેહો ધરી જન્મમરણરૂપી સંસૃતિમાં અટવાયા કરે છે અને ભટક્યા કરે છે. એમના પર આપ કૃપા ન કરો ? દયાળુ, એમના પર આપની કૃપા ન વરસવાનું કોઈ કારણ ? આપે અન્વયના અનંત ઐશ્વર્યાવેશ અવતારોને આપની ઇચ્છાથી પૃથ્વી પર મોકલ્યા છે છતાં તેઓ મુમુક્ષુને મુક્ત કરી આપની મૂર્તિના સુખભોક્તા કેમ કરતા નથી ?" સર્વોપરી એવા સ્વામિનારાયણ મહાપ્રભુએ આ પ્રશ્ન સાંભળી મંદ મંદ હાસ્ય રેલાવ્યું. સાથે મુખકમળ પર અતિ કરુણાના ભાવ પણ ઊપસ્યા છે. કરુણામૂર્તિ નાથનું દર્શન અલૌકિક-અલભ્ય હતું. સ્વામિનારાયણ મહાપ્રભુએ પૃથ્વી પરના મૃત્યુલોકના જીવો કેમ અક્ષરધામ સુધી કે મૂર્તિનાં સુખ સુધી પહોંચી શકતા નથી તેનું રહસ્ય જણાવતાં કહ્યું,

"હરિ કહે જે જે ગયા ભૂ પરે, અવતારો ધરી જન્મ;
પોતપોતાને ધામે લાવ્યા, પાડી નહિ સાચી ગમ,
કાં જે પોતે અજાણ અમથી, નહિ દર્શન વ્યતિરેક;
અનંત અવતારોને એક જ કિરણ છે, અમ જેવા તો અમે એક."

આ વાત શ્રીહરિ ચિંતામણિ ગ્રંથમાં તેમજ સદ્. નિર્ગુણદાસજી સ્વામીની વાતોમાં આલેખાયેલી છે તે મુજબ...

પછી શ્રીજીમહારાજે કહ્યું, “સ્વામી ! આપણે અહીં આવ્યા તેનું કારણ તમે જાણો છો ?” સદ્. ગોપાળાનંદ સ્વામીએ ના પાડી. મહારાજ બોલ્યા કે, “અક્ષરાધિપતિ સ્વયં શ્રી પુરુષોત્તમ આદિ જે અમે તે આદિ સર્વ મુક્તો આગળ એમ બોલ્યા કે, આ બ્રહ્માંડ ઘણા કાળથી સર્જાયું છે. છતાં કોઈ જીવ મુક્ત થઈને અક્ષરધામમાં કેમ આવતા નથી ? પછી અમે ઐશ્વર્યાર્થીઓને આજ્ઞા કરી કે, બ્રહ્માંડમાં જઈને એકાંતિક ધર્મ પ્રવર્તાવીને જીવોને મુક્ત કરી અક્ષરધામમાં મોકલો. પરંતુ, તેઓ એકાંતિક ધર્મ પ્રવર્તાવી શક્યા નહીં.”

પછી મુક્તોએ કહ્યું કે, “હે મહારાજ ! જે ધામના અધિપતિ પૃથ્વી ઉપર પધાર્યા તેમની જેમણે જેમણે ઉપાસના કરી તેને તે તે ધામના અધિપતિ પોતપોતાના ધામમાં લઈ જાય છે. એટલે તેઓ અક્ષરધામમાં આવતા નથી.”[૪]

શ્રીજીમહારાજ ગઢપુરમાં અક્ષરઓરડીમાં વિરાજમાન હતા. આગળ મૂળજીભાઈ બેઠા હતા. તેમને મહારાજે કહ્યું કે, “અક્ષરધામના અધિપતિ શ્રી પુરુષોત્તમનારાયણ પ્રતિ બ્રહ્માંડમાં એક એક વાર પધારે છે. બીજા અનેક પ્રતિ બ્રહ્માંડમાં વારંવાર થયા કરે છે. તેમને ભજીને તેમના ભક્ત તેમના ધામને પામે છે. જ્યારે શ્રી પુરુષોત્તમનારાયણ બ્રહ્માંડમાં પધારે છે ત્યારે તેમના આશ્રયે કરીને ભક્ત અક્ષરધામને પામે છે.”

મૂળજીભાઈએ પૂછ્યું કે, “આજ પુરુષોત્તમ ભગવાન કઈ રીતે બ્રહ્માંડમાં પધાર્યા છે તે કહો.” પછી શ્રીજીમહારાજ બોલ્યા કે, “અમે અક્ષરધામમાં મુક્તો પ્રત્યે બોલ્યા કે, ઘણા કાળથી બ્રહ્માંડ સર્જાયું છે પણ તેમાંથી કોઈ જીવ મુક્ત થઈને આ ધામમાં કેમ આવતા નથી ?” મુક્તો બોલ્યા જે, “હે મહારાજ ! જ્યારે તમે બ્રહ્માંડમાં પધારો છો ત્યારે તમારા આશ્રયે રહેલા જીવ મુક્ત થઈને અત્રે આવે પણ બીજાને ભજીને અત્રે અવાય નહીં.”[૫]

આમ જોતાં, અક્ષરથી લઈ અન્વયની લાઇનના નીચે સુધીના ઐશ્વર્યાવેશ અવતારો છે. તેઓ અમારા ધામ સુધી જીવોને પહોંચાડી શકતા નથી. કેમ કે તેઓને અમારો સાક્ષાત્ કહેતાં વ્યતિરેક સંબંધ નથી. અમારી વ્યતિરેક મૂર્તિનાં દર્શન પણ નથી તેથી તેઓ જીવોને અમારા સુખ સુધી ક્યાંથી પહોંચાડી શકે ?

૪. સદ્. નિર્ગુણદાસ સ્વામીની વાતો : વાર્તા-૯૫
૫. સદ્. નિર્ગુણદાસ સ્વામીની વાતો : વાર્તા-૧૦૭

તેઓની ગતિ હતી તે પ્રમાણે તેમણે પોતપોતાના ધામ સુધી જીવોને પમાડ્યા. પણ અમારા સુખ સુધી કોઈને પહોંચાડી શક્યા નહીં.

અક્ષરધામે (પરભાવમાં) મહારાજ મુક્તોને કહે છે :

“લાડીલા જે પોતાના તેને, શ્રીજી કહે કરી પ્યાર;
ચાલો મુનિઓ દર્શન દઈએ, ભરતખંડ મોઝાર.”

ત્યારે મુક્તો મહારાજને નમ્રભાવે કહે છે, હે મહારાજ ! હે દયાનિધાન...

“મુકતો કહે હરિ તવ કૃપાથી, સદાય અમને સુખ;
આપ પધારી ટાળો જીવનાં, કોટિ જન્મનાં દુ:ખ.
મુકત કરી સુખ આપવું એ છે, કેવળ આપનું કામ;
શું છે જરૂર અમારી ત્યાંય, બોલો પૂરણકામ.”

ત્યારે સૌ મુક્તોના પ્રાણપ્યારા શ્રીજીમહારાજ શું કહે છે ?

“શ્રીજી કહે એ જીવો બિચારા, મૂળ માયામાં ફસેલ;
પ્રીછે નહિ મુજને તે કારણ, આવો તમે મારી ગેલ.”

હે વ્હાલા મુક્તો ! તમો પણ જીવોને તમારા જેવા દિવ્ય અનાદિમુક્ત કરવા મનુષ્યોને મનુષ્ય રૂપે દેખાવ, જેથી સજાતિ જાણી હેત કરશે. માટે હે મુક્તો...

“તમો પણ એ સરખા થઈને, કરોને મારું ભજન;
ધર્મ જ્ઞાન વૈરાગ્ય ભક્તિમાં, દૃઢ કરાવો મન.
દિવ્યભાવ ઉપાસના મહિમા, સમજાવો કરી જુકત;
વર્તન ઉપદેશ દેખી સુણી, જીવ થાશે બહુ મુકત.
વર્તમાન ધરાવી દેહ પડાવી, મૂર્તિમાં રાખી જીવ;
અનાદિમુકતની પંક્તિમાં રાખો, સદ્ય કરીને મુકત.”

હે મુક્તો ! જીવો તો દેહધારી છે. તેને આપણી આ અલૌકિક રીતમાં કંઈ ગમ નહિ પડે, ઉપરથી આપણને પોતા જેવા મનુષ્ય સમજશે. છતાંય આપણે તો ચૉકલેટ દેખાડી દવા પાઈ દેવી છે.

“હરિ હરિજનની રીત જ ન્યારી, દેહદર્શીને ન પડે ગમ;
પોતા જેવા ભાવો પરઠે, જાણે ન આપણો મર્મ.
માટે દેહાદિક તેના તજાવી, કરશું મુકત અકામ;
તમો અમો ને ત્રીજો થાનાર, જાણે સાર તમામ.”

માટે હે મુનિઓ...

"સુણો મુનિઓ મારી ઇચ્છાથી, ધરો મનુષ્ય સ્વરૂપ;
જુદે જુદે સ્થળે દર્શન દઈને, કલ્યાણ કરો અનુપ."

આવા જ ભવ્ય ને પ્રચંડ સંકલ્પથી, મનુષ્યને મુમુક્ષુ કરીને તથા મુમુક્ષુને અનાદિમુક્ત કરવાના હેતુથી, મહારાજ ને મુક્તોએ આ બ્રહ્માંડમાં મનુષ્યોને મનુષ્ય જેવા દેખાવાનો પ્રચંડ સંકલ્પ કર્યો. અને આત્યંતિક કલ્યાણની અવિરત, અખંડ શરદઋતુ ચાલુ કરી. વાહ મહારાજ વાહ ! કેવી અનહદ, અકારણ કૃપા કરી આપે !

## પ્રાગટ્ય હેતુ

સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનને આ બ્રહ્માંડમાં પધારવા માટેના ચોક્કસ હેતુ હતા. પોતાના આ ચોક્કસ નિર્ધારિત હેતુઓની વાત કરતાં શ્રીજીમહારાજે પોતાના અતિ વ્હાલા એવા સદ્.ગોપાળાનંદ સ્વામીને કારિયાણી ગામે અક્ષરઓરડી મધ્યે બેસાડીને કહ્યું હતું, "સ્વામી ! આપણે આ બ્રહ્માંડમાં શા માટે પ્રગટ થયા છીએ તેની ખબર છે ને ?" એમ કહી મહારાજે તેમના પ્રગટ થવાના છ હેતુ કહ્યા હતા.

૧. પોતાના એકાંતિક ભક્તને સુખ આપવાં તથા તેમના મનોરથો પૂર્ણ કરવા અને તેમને લાડ લડાવવા.
૨. અધર્મી તથા અસુરોથી કષ્ટ પામતાં એવાં ભક્તિ-ધર્મ તેમનું રક્ષણ કરવું.
૩. પોતાનું સર્વોપરી જ્ઞાન તથા સર્વોપરી ઉપાસના પ્રવર્તાવવી અને મુમુક્ષુઓને પોતાના મુક્ત ભેગા ભેળવવા. અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિ પ્રવર્તાવવી.
૪. અન્વયની લાઈનના અન્ય ધામોના ધામી અને તેમના ભક્તોને પૃથ્વીને વિષે મનુષ્યજન્મ ધરાવીને પોતાના સર્વોપરી સ્વરૂપનું જ્ઞાન તથા ઉપાસના સમજાવીને તેમને પોતાના ધામમાં લઈ જવા અર્થાત્ મૂર્તિસુખના ભોગી કરવા.
૫. એકાંતિક ધર્મનું સ્થાપન કરવું તથા દુષ્ટજનોનો નાશ કરવો અને સત્પુરુષનું રક્ષણ કરવું.
૬. મુમુક્ષુને મુક્ત કરવા તથા પોતાના અને પોતાના મુક્તોનાં દર્શન-સ્પર્શાદિક સંબંધે કરીને નવા મુમુક્ષુ કરીને તેમનો આત્યંતિક મોક્ષ કરવો.

શ્રીજીમહારાજના પ્રગટ થવાના છ હેતુ હતા પરંતુ તે પૈકી ત્રીજો ને ચોથો હેતુ તેમનો પ્રગટ થવાનો મુખ્ય હેતુ હતો. પોતાનું સર્વોપરી સ્વરૂપ અનંતને ઓળખાવી પોતાના મૂર્તિસુખના અધિકારી કરવા કહેતાં જીવોનો આત્યંતિક મોક્ષ કરવો અને આ વાત એમના અવરભાવના જીવનકાર્ય દરમ્યાન એમની વાણીમાં, વર્તનમાં, ક્રિયામાં પડઘાય છે.

વળી, સ્વમુખવાણી વચનામૃતમાં પણ જ્યાં પોતાના પ્રાગટ્યનો હેતુ જણાવ્યો છે ત્યાં જીવોના કલ્યાણ માટે જ એમનું પ્રાગટ્ય છે એવું સ્પષ્ટ જણાઈ આવે છે.

ગ.પ્ર. ૬૪ - "પુરુષોત્તમ ભગવાન તે જીવના કલ્યાણને અર્થે કૃપાએ કરીને પૃથ્વીને વિષે મનુષ્ય જેવા જણાય છે."

ગ.પ્ર. ૭૧ - "ભગવાન જીવના કલ્યાણને અર્થે મૂર્તિ ધારણ કરે છે."

ગ.પ્ર. ૭૮ - "અક્ષરાતીત ને મન-વાણી થકી અગોચર એવા જે ભગવાન તે જ પોતે કૃપા કરીને એમ ધારે છે જે, "જ્ઞાની-અજ્ઞાની એવા જે મર્ત્યલોકના મનુષ્ય તે સર્વે મુને દેખો એમ ધારીને સત્યસંકલ્પ એવા જે આ ભગવાન તે કૃપાએ કરીને મર્ત્યલોકના સર્વ મનુષ્ય દેખે એવા થાય છે. (જણાય છે.)"

લો. ૧ - "આ ભગવાન જીવોના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા જણાય છે."

જે. ૫ - "અમે આ સંત સહિત જીવોના કલ્યાણને અર્થે પ્રગટ થયા છીએ."

છે. ૩૨ - "એવા જે ભગવાન તે જે પોતે દયાએ કરીને જીવોના પરમ કલ્યાણ કરવાને અર્થે હમણાં પ્રગટ પ્રમાણ થકા તમારી સર્વની દૃષ્ટિને ગોચર સાક્ષાત્‌પણે વર્તે છે."

છે. ૩૮ - "અને એવા સર્વોપરી જે પુરુષોત્તમ ભગવાન તે જ દયાએ કરીને જીવોના કલ્યાણને અર્થે આ પૃથ્વીને વિષે પ્રગટ થયા થકા સર્વ જનના નયન ગોચર વર્તે છે."

તેમજ પોતાના પ્રાગટ્યનો હેતુ દર્શાવતાં એમ પણ કહ્યું છે કે, "દૂસરા અવતાર હૈ સો કાર્ય-કારણ અવતાર હુઆ હૈ ઓર મેરા યહ અવતાર હૈ સો તો જીવો કો બ્રહ્મરૂપ કરકે આત્યંતિક મુક્તિ દેને કે વાસ્તે અક્ષરાતીત પુરુષોત્તમ જો હમ વહ મનુષ્ય જેસા બન્યા હૂં."

આવી રીતે, આ વસુંધરા પર એમનું પ્રાગટ્ય એ જીવો પર થયેલી માત્ર અકારણ કરુણા છે ને આ જ એમનો આ બ્રહ્માંડમાં પ્રાગટ્યનો હેતુ હતો ને છે.

"જાણીએ આખા જગતને, લઈ જાયે અમારે ધામ,
કેડે ન રાખીએ કોઈને, એમ હૈયે છે ઘણી હામ.
ફરી ફરી ફેરો પડે, એવું કરવું નથી આ વાર,
સહુ જીવનો સામટો, આજ કરવો છે ઉદ્ધાર."

# ૨

# પૂર્વભૂમિકા

## (આ.સં. ૧૭૯૬-૧૮૩૬, ઈ.સ. ૧૭૩૯-૧૭૮૦)

### ધર્મ-ભક્તિનું પ્રાગટ્ય

ભારતભૂમિના ઉત્તરપ્રદેશમાં કૌશલ દેશના સરવાર પ્રદેશની ઉત્તરે દેવસરિતા નદીના તટ પર ઈટાર નામક રળિયામણું ગામ વસેલું છે. આ સુંદર તથા પવિત્ર ગામને વિષે ઘણા વિદ્વાન વિપ્રો તેમજ સુખીસંપન્ન વેપારીઓ વસતા હતા. આ ઈટાર ગામને વિષે વિદ્વાન ભક્તિપ્રધાન અંગયુક્ત કન્હિરામ પાંડે વિપ્ર રહેતા હતા. તેઓ ત્યાંના રાજા શિરનેતાના પ્રીતિપાત્ર તેમજ પૂજનીય હતા. તેમને એક પુત્ર હતા જેમનું નામ બાળશર્મા હતું.

આ બાળશર્મા પણ શ્રદ્ધાળુ, ધીરજવાન ને આત્મનિષ્ઠા જેવા અનેક ગુણે યુક્ત હતા. તેમનાં પત્નીનું નામ ભાગ્યવતી હતું. તે સુશીલ ને સંસ્કારી પતિવ્રતા સ્ત્રી હતાં. બાળશર્માને ભાગ્યવતી થકી સંવત ૧૭૯૬ કારતક સુદ (પ્રબોધિની) એકાદશી તા. ૧૧-૧૧-૧૭૩૯ બુધવારને દિવસ પ્રભુકૃપાથી દિવ્ય ગુણે યુક્ત પુત્રરત્નનું પ્રાગટ્ય થયું.

શ્રીહરિની કૃપાથી તેમનું પ્રાગટ્ય હતું એટલે તેમનું નામ હરિપ્રસાદ રાખવામાં આવ્યું. એમનામાં દિવ્ય ગુણોનો ભાસ થતો હોવાથી 'દેવશર્મા' એવું બીજું નામ પાડવામાં આવ્યું. દેવશર્માનો આઠમે વર્ષે ઉપવીત સંસ્કાર કર્યો. ૫ વર્ષ સુધી તેમણે શાસ્ત્રાભ્યાસ કરી તેમાં નિપુણતા મેળવી લીધી હતી. દેવશર્મા ખૂબ ધીર-

ગંભીર-સહનશીલ સ્વભાવ ને ધર્મમાં દૃઢતાવાળા હોવાથી તેઓ 'ધર્મદેવ'ના નામે પણ ઓળખાતા. કિશોર અવસ્થાએ પહોંચ્યા એટલે તેમને ગૃહસ્થાશ્રમી કરવા સારુ પિતા બાળશર્મા પુત્રને અનુરૂપ કોઈ સુકન્યાની શોધ કરતા હતા.

આ જ સરવાર પ્રદેશમાં મખોડા તીર્થ મનોરમા નદીને કાંઠે વસેલું છે. તેની ઉત્તરે નાનું સરખું છતાં સુંદર ને મનોહર એવું છપૈયા ગામ વસેલું છે. ગામને વિષે નારાયણ સરોવર નામે પદ્મસર છે.

આ છપૈયાપુરને વિષે ત્રવાડી કૃષ્ણશર્મા કરીને વિપ્ર રહેતા હતા. તેમનાં પત્નીનું નામ ભવાનીદેવી હતું. બંનેનાં જીવન પ્રભુપરાયણ હતાં. તે બંને થકી સંવત ૧૭૯૮, કારતક સુદ પૂનમ ને બુધવાર ને તા.૨૨-૧૧-૧૭૪૧ના મંગળ દિવસે સાયંકાળે પુત્રીરત્નનું પ્રાગટ્ય થયું. તેમનું બાલાદેવી એવું નામકરણ થયું.

તેઓ જેમ જેમ મોટાં થતાં ગયાં તેમ તેમનાંમાં અનેક ગુણોનું સાહજિકપણે દર્શન થઈ આવતું. તેઓ માયાળુ, પ્રેમાળ, ઉદાર, લજ્જાશીલ, સ્વાભાવિક નમ્રતા જેવા અનેક ગુણે સંપન્ન હતાં. તેમજ તેમનાંમાં ભક્તિપ્રધાન સંસ્કાર હતાં. અહોનિશ તેઓ પ્રભુભક્તિમાં રત રહેતાં તેથી તેમને સૌ 'ભક્તિ' કહીને પણ બોલાવતા. પ્રભુમાં અપાર સ્નેહ હતો, પ્રેમ હતો. તેથી કોઈ તેમને 'પ્રેમવતી'ના નામથી પણ ઓળખતા.

## ધર્મ-ભક્તિનો દિવ્ય વિવાહ

કૃષ્ણશર્મા પુત્રી ભક્તિની પ્રભુ પ્રત્યેની અતિશે ભક્તિથી અત્યંત રાજી થતા હતા. તેઓ સમજતા કે પ્રભુના સંકલ્પથી આવેલ આ કોઈ મહાન મુક્ત છે. ભવાનીદેવી પણ પુત્રીના સંસ્કાર અને પ્રભુ પ્રત્યેની દિવ્ય ભક્તિને જોઈ હરખાઈ ઊઠતાં.

ભક્તિદેવી મોટાં થતાં ગયાં. કિશોર અવસ્થાએ પહોંચ્યાં એટલે તેમનાં માતાપિતાએ તેમનાં સંબંધ માટે વિચાર્યું. પુત્રી ભક્તિને સહાયક નીવડે, પ્રભુભજનમાં મદદરૂપ થાય, તેની ભક્તિનું સંવર્ધન કરે એવા કોઈ સદ્‌ગુણી ધર્મિષ્ઠ યુવાનની તલાશમાં હતા. જે માટે પ્રથમથી જ પ્રભુએ ધર્મદેવનું પ્રાગટ્ય કરી દીધું હતું.

પ્રભુકૃપાથી નિયત સમયે ભક્તિદેવીનો ઈટાર ગામે બાળશર્માના પુત્ર દેવશર્માની (ધર્મદેવની) સાથે સંબંધ થયો. ઘડિયા લગ્ન લેવાયાં. ધર્મદેવ તથા ભક્તિદેવી લગ્નગ્રંથિથી જોડાયાં. પ્રભુના સંકલ્પથી જ તેઓ ગૃહસ્થાશ્રમી થયાં

હતાં. તેમાં પણ પ્રભુનો અનેરો દિવ્ય સંકલ્પ સમાયેલો હતો. ધર્મદેવ તથા ભક્તિદેવી પણ અજાણ હતાં કે સર્વ કારણના કારણ, પૂર્ણ પુરુષોત્તમ પોતાના ઘેર આ લોકમાં (અવરભાવમાં) પુત્ર રૂપે પધારવાના છે. પ્રભુએ જ એમની બાધિતાનુવૃત્તિ રાખી અજાણ કરી દીધા હતા.

ધર્મદેવ તથા ભક્તિદેવીનો છપૈયાપુરને વિષે સારી રીતે લગ્ન વિધિ સંપન્ન થયો. ભક્તિદેવીના પિતા કૃષ્ણશર્મા પોતાના વેવાઈ બાળશર્માને એક બાજુ બોલાવી કંઈક કહેવા માગતા હતા. પરંતુ તેઓ ભારે મૂંઝવણમાં હતા. આવી વાત આ મંગળ અવસરે કહેવી કે ન કહેવી ? તેમ છતાં તેમણે ભારે હૈયે બાળશર્માને વાત કરી, ‘‘બાળશર્મા ! આપની પાસેથી મારે એક અપેક્ષા છે. હું આપના ધર્મભીરુ સ્વભાવને જાણું છું. આપ દયાળુ ને ઉદાર હૃદયી છો. એટલે ના નહિ પાડો એવી હૈયે ધારણા બાંધી આપને કહી રહ્યો છું.’’

બાળશર્માએ કહ્યું, ‘‘કૃષ્ણશર્મા ! વિના સંકોચે આપ કહો. મનમાં મૂંઝાશો નહીં. મારાથી ઘટતું બધું જ કરીશ. બોલો, શી અપેક્ષા છે ?’’ કૃષ્ણશર્માએ હૈયે હામ ભીડી માંડ માંડ કહ્યું, ‘‘આપના પુત્ર ધર્મદેવ અહીં છપૈયામાં અમારે ઘેર જ રહે એવી મારી માગણી છે.’’

આ સાંભળી જાણે માથા પર વીજળી પડી હોય તેમ બાળશર્મા ઘડીભર અવાચક થઈ ગયા. પુત્રપ્રેમ હતો. ધર્મદેવ શુભગુણે યુક્ત પુત્ર હતા. તેમને કોઈને સોંપવા અત્યંત આકરું હતું. તેમ છતાં તેઓ સહિષ્ણુ અને ઉદાર દિલ હતા. એટલે ભારે હૈયે કૃષ્ણશર્માની માગણી સ્વીકારી લઈને રાજી કર્યા.

બાળશર્માએ પુત્ર ધર્મદેવને ભેટી તેના પર અપાર પિતૃવાત્સલ્ય વરસાવ્યું. આંસુનો ધોધ બહાર ધસી ન આવે તેથી આંસુને હૈયામાં જ ધરબી, હૈયું કઠણ કરી, પુત્ર પર અપાર પ્રેમ વરસાવ્યો અને પુત્રને છાતીએ ચાંપી દીધા. ધર્મદેવ પિતાની આવી પિતૃવત્સલતા જોઈ ગદ્ગદિત થઈ ગયા. આવું પ્રેમસભર મિલન જોઈ ઉપસ્થિત સહુ કોઈ પર દિવ્યતાની આભા પ્રસરી ગઈ. બાળશર્માએ પુત્ર તથા પુત્રવધૂ બંનેને શિખામણના બે શબ્દો કહી અંતરના આશીર્વાદ આપ્યાં ને સહુ ઈટારપુર જવા નીકળી ગયા.

## રામપ્રતાપભાઈનું પ્રાગટ્ય

છપૈયાપુરને વિષે ધર્મદેવ તથા ભક્તિદેવીનું ગૃહસ્થજીવન વ્યતીત થવા લાગ્યું. સમય જતાં ધર્મદેવને ત્યાં પ્રથમ પારણું બંધાયું. સંવત ૧૮૨૫ના શ્રાવણ સુદ

આઠમના દિવસે તા. ૨૦-૮-૧૭૬૮ના (બે શ્રાવણ માસ હોવાથી અહીં નિજ શ્રાવણ લીધો છે. અધિક શ્રાવણ મુજબ તા.૨૭-૭-૧૭૬૮ આવે છે) રોજ તેમના ઘેર પુત્રનું પ્રાગટ્ય થયું. તેમનું 'રામપ્રતાપ' એવું નામ પાડવામાં આવ્યું.

ધર્મદેવ તથા ભક્તિદેવીનો સંસાર સુખમય હતો. પ્રભુપરાયણ જીવિતવ્ય જિવાતું, વ્યવહાર કરાતો છતાં વૃત્તિ તો હંમેશાં પ્રભુ સમક્ષ જ રહેતી. બંનેમાં આવા સદ્ગુણ જોઈ તેમજ તેમનું વ્યવહારે સુખી જીવન જોઈ કેટલાક અદેખા ને આસુરી મતિવાળા લોકોએ આ દંપતીને ત્રાસ આપવો શરૂ કર્યો. અકારણ ક્યાંકથી ને ક્યાંકથી ઉપાધિઓ ઊભી કરતા.

ધર્મદેવ તો ધાર્મિક વૃત્તિયુક્ત ને સહિષ્ણુ હતા. બધું સહન કરી લેતા. એ જોઈ લોકોનું જોર ધીરે ધીરે વધી રહ્યું હતું. તેમની આજીવિકા પર પણ અસર પડી હતી તેથી હવે તેમને છપૈયામાં રહેવું મુશ્કેલ જણાવા લાગ્યું. દંપતીએ પુત્રને લઈ અયોધ્યા જવાનું નક્કી કરી લીધું. તેમણે છપૈયા છોડી પુત્રને સાથે લઈને અયોધ્યાના શાખાનગર બરહટ્ટામાં આવીને રહેવું શરૂ કર્યું. દ્વેષી ને ઈર્ષ્યાવાળા લોકો ત્યાં પણ આવી પહોંચ્યા અને ધર્મદેવને ત્રાસ આપવાનું શરૂ કર્યું. રોજના કંકાસ-ઝઘડાથી ધર્મદેવ ત્રસ્ત થઈ ગયા હતા. છેવટે કંટાળીને તેમણે અયોધ્યા પણ છોડ્યું.

"ત્યારે અભકત નર જે અભાગી રે, તેને વાત એ વસમી લાગી રે;
પછી જિયાં તિયાંથી અદેવ રે, વૈર આદરિયું તતખેવ રે,
ધર્મવાન ભક્તિવાન જન રે, તેને આદર્યું કરવા વિઘન રે;
વળી ભક્તિ ધર્મ ઋષિ જેહ રે, તેને સમજે સાચા શત્રુ તેહ રે,
જેમ જેમ પીડા પામે ધર્મ રે, એવાં કરે તે કુકર્મી કર્મ રે;
જેમ જેમ પીડા પામે ભક્તિ રે, એવાં કષ્ટ ઉપજાવે કુમતિ રે,
જેમ જેમ દુ:ખી થાય મુનિ રે, એવી મતિ છે સહુ અસુરની રે;
પરઠે ગુણમાં અવગુણ અતિ રે, મહા પાપમય જેની મતિ રે,
પુર ગ્રામ દેશમાં જે દૈત્ય રે, પીડે છે ભક્તિ ધર્મને નિત્ય રે;
તેને દુ:ખે ભક્તિ ધર્મદેવ રે, આવ્યાં અયોધ્યામાં તતખેવ રે,
તોય કુકર્મી કેડ ન મૂકે રે, દેતાં દુ:ખ ઘડીયે ન ચૂકે રે;
પછી એ દુ:ખ ટાળવા કાજ રે, ગયા કાશીમાંહી ધર્મરાજ રે."

## સદ્‌ગુરુ રામાનંદ સ્વામીનો યોગ

ધર્મદેવ તથા ભક્તિદેવીએ ભયભીત થઈને અયોધ્યાનગરનો ત્યાગ કરી કાશી તરફ જવા પ્રયાણ કર્યું, કાશીનગરને વિષે તેઓનું આગમન થયું. કેટલાક માસ તેઓ અહીં રોકાયા. પછી ત્યાંથી તેઓ પ્રયાગ ક્ષેત્રમાં આવ્યાં. અહીં તેમને સદ્. રામાનંદ સ્વામીનો યોગ થયો. સદ્. રામાનંદ સ્વામીનાં દર્શન થતાં દંપતીને અંતરે સુખ અનુભવાયું અને અસુરોએ આપેલ કષ્ટનું દુઃખ શમી ગયું. હૈયામાં શાંતિ વળી થઈ. એમની સમીપે રહેવાથી હૈયું ઠર્યું. ઉદ્વેગ ને મૂંઝવણો સાવ વિસરાઈ ગયાં. હૈયું સાવ હળવું થઈ ગયું. કેમ કે સદ્. રામાનંદ સ્વામી ખરેખર તો મહારાજના ધામમાંથી આવેલા મુક્ત જ હતા ને !! સદ્. રામાનંદ સ્વામી પણ મહારાજે રચેલ નર-નાટકના એક દિવ્ય પાત્ર જ હતા.

ધર્મદેવે સદ્. રામાનંદ સ્વામીને પોતાના ગુરુ કર્યા અને સ્વામીએ તેમને વર્તમાન ધરાવી કંઠી ધારણ કરાવી. સદ્. રામાનંદ સ્વામી તો અંતર્યામીપણે જાણતા જ હતા કે આ દંપતીને ત્યાં જ સર્વ કારણના કારણ પૂર્ણ પુરુષોત્તમનારાયણનો પ્રાદુર્ભાવ થવાનો છે. આ પૃથ્વી પરની અતિ વિશિષ્ટ ઘટનાનાં નિમિત્ત આ દંપતી જ થવાનાં છે. મોટા મુક્તો બધું જ જાણતા હોવા છતાં સંપૂર્ણપણે ઢાંકી-ઢબૂરીને વર્તતા હોય છે. આ લોકની (અવરભાવની) રીત પ્રમાણે જ સંપૂર્ણ અજ્ઞાનપણું જણાવતા હોય છે અને સમયે કહેતા હોય છે. તે ન્યાયે સદ્. રામાનંદ સ્વામીએ ધર્મ-ભક્તિ દંપતી પર કૃપા કરી અંતર્યામીપણે ભાવિ સંકલ્પ કહ્યો.

“અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમનારાયણનો આ બ્રહ્માંડમાં પ્રાદુર્ભાવ થવાનો સંકલ્પ છે. અને મને જણાવતાં આનંદ થાય છે કે, આપને ત્યાં જ એ મહાપ્રભુ પ્રગટ થવાના છે. અક્ષરધામના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમનારાયણ પ્રભુના અવરભાવનાં માતાપિતા બનવાનું તમને ગૌરવ પ્રાપ્ત થશે. ધર્મ-ભક્તિ ! બોલો આનાથી વિશેષ મોટી ઉપલબ્ધિ બીજી કઈ હોઈ શકે ? માટે તમારે હવે દુઃખી થવાનું કોઈ કારણ નથી અને આ લોકમાં (અવરભાવમાં) આવતાં દુઃખો, પડતી મુશ્કેલીઓ પ્રભુની મરજીથી જ હોય છે. એમાં પણ એમનો કોઈક દિવ્ય હેતુ, સંકેત રહેલો હોય છે. પરંતુ જ્યારે સમય પાકશે ત્યારે તેઓ જ અતિ સુખિયા કરી દેશે.

માટે ધર્મદેવ ! તમે હવે પાછા છપૈયાપુરને વિષે જ પધારો. ત્યાં જ રહો. તમારા વ્યવહારની પરિસ્થિતિ પલટાઈ જશે. આબરૂ-કીર્તિ-યશ વગેરે વધશે.

ધન-સંપત્તિ પણ સહેજે પ્રાપ્ત થશે. હવે શ્રીહરિને આ બ્રહ્માંડમાં પધારવાનો સમય પાકી ગયો છે. અનંત કાળથી જે ક્ષણની રાહ આ બ્રહ્માંડવાસીઓ જોઈ રહ્યા છે તે કૃપાની ક્ષણ હવે સાવ નજીક જ છે. માટે આપ છપૈયાપુરને વિષે પરત પધારીને ત્યાં જ સુખેથી રહો ને ત્યાં સૌને પ્રભુભજન-ભક્તિની રીત શિખવાડજો.''

ધર્મ-ભક્તિને પણ સદ્. રામાનંદ સ્વામીની વાત સાંભળી દુઃખ ભુલાઈ ગયું. તેમને પણ આ બ્રહ્માંડમાં શા હેતુથી તેઓ પ્રગટ્યાં હતાં તેનો અહેસાસ થયો ને સ્વયં શ્રીહરિ પ્રગટ થશે તે વિચારમાત્રથી દંપતીને હૈયે આનંદ આનંદ છવાઈ ગયો. તેઓ હર્ષાયમાન થઈ પુલકિત થયાં. તેઓએ અતિ રાજી થકા હરખ ને ઉમંગે સદ્. રામાનંદ સ્વામીના આશીર્વાદ લઈ પ્રયાગથી છપૈયા પધારવા માટે પ્રયાણ કર્યું.

## પ્રેમે પ્રગટ્યા પ્રભુ પૂરણકામ

**(રાગ : ધોળ)**

પ્રગટ થયા પ્રભુ છપૈયા ગામ રે, ભક્તિ માતા ધર્મ તાતનું નામ રે...ટેક
કૌશલ દેશમાં ધર્યો અવતાર રે, નોમ અજવાળી રૂડો ચૈતર માસ રે...૧
તેડાવો સંતોને પુછાવો નામ રે, નામ ધર્યું રૂડું શ્રી ઘનશ્યામ રે...૨
મુખડું શોભે અતિ બાલુડે વેષ રે, સુંદર ભૂરા માથે નાના કેશ રે...૩
હરખે ઝુલાવે માતા દૂધસાકર પાય રે, માતાને મન વ્હેલા વ્હેલા મોટા થાય રે...૪
રડતાં રમાડતાં પારણિયે પોઢાડે રે, રેશમી દોરી લઈ હીંચકાવે રે...૫
પોઢો પોઢો પ્રભુ જગના આધાર રે, પ્રેમાનંદ નિત્ય નવી લીલા ગાવે રે...૬

# 3

# પ્રાગટ્ય તથા અલૌકિક બાળચરિત્ર

**(આ.સં. ૧૮૩૭-૩૯, ઈ.સ. ૧૭૮૦-૮૩)**

## શ્રીહરિનું પ્રાગટ્ય

ધર્મ-ભક્તિ બંને છપૈયાપુરને વિષે પરત પધાર્યાં. સદ્. રામાનંદ સ્વામીના આશિષથી ધર્મદેવની પરિસ્થિતિ પલટાઈ, ફરીથી તેમની કીર્તિ પ્રસરાવા લાગી. મુમુક્ષુને પ્રભુભજનનો રાહ ચીંધી ભગવાનના માર્ગે વાળવાનો એમનો આગ્રહ, પવિત્ર જીવન, શુદ્ધ તેમજ ઉચ્ચ સંસ્કારને લઈ એમની કીર્તિ ચોમેર પ્રસરી ચૂકી. દરેક જગ્યાએથી તેમનો આદર-સત્કાર થવા લાગ્યો. આર્થિક પરિસ્થિતિ પણ સુધરી. જાણે બધું જ સમુંસુતરું થઈ જતું; કરવું પડતું ન હતું. પ્રથમ પ્રયત્ન કરતાં તોપણ નહોતું થતું પણ હવે વિના યત્ને બધું આપોઆપ થવા લાગ્યું. એમની સઘળી મુશ્કેલીઓ આપોઆપ દૂર થતી ગઈ, ને દિવસો આનંદિત પસાર થતા હતા. જાણે પ્રભુના આગમન પહેલાં જ આ પ્રભુપ્રાગટ્યની એંધાણીઓ વર્તાઈ રહી હોય એમ જ બધું ભાસતું હતું.

અક્ષરધામના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનનો આ બ્રહ્માંડમાં પ્રાદુર્ભાવ થવાનો, પ્રગટ થવાનો મંગળકારી સમય પાકી ચૂક્યો હતો. વસુંધરા પણ અનંત કાળ ને અનંત યુગોથી મહાપ્રભુના આગમનને વધાવવા સારુ ખૂબ જ ઉત્સુક હતી.

સ્વયં અક્ષરધામાધિપતિ એમની પાવન પગલીઓ પાડી વસુંધરાનો ખોળો ખૂંદે, પાવન કરે એના માટે એની તડપ હતી અને ટૂંકાગાળામાં તે મંગળકારી

સમય પણ જાણે આવી ચૂકવાનો હતો. છપૈયાપુરને વિષે રહેલાં વન-વૃક્ષો, વનરાઈઓ, નદી-તળાવો વગેરે પણ પ્રભુની અદ્‌ભુત ને દિવ્ય લીલાના સાક્ષી થવા, નજરે નિહાળવા ને એમના દિવ્ય સ્પર્શથી પાવન થવા, એમની સાથે રમણ કરવા આતુર હતા. નિશ્ચેતન જડ પદાર્થો - નદી, નાળાં, પર્વત વગેરે પણ જાણે ચેતનવંતાં જણાઈ આવતાં હતાં.

અનંત યુગોથી જે ઘટના ઘટી ન હતી કે ન કદી ઘટવાની હતી એવી અદ્‌ભુત પળ-ક્ષણ જાણે પૃથ્વી પર ઘટવાની હતી.

જો કે એમને પ્રગટ થવાનો કોઈ જ અવધિ હોતો નથી.

નથી એમને પૃથ્વી પર આવવું-જવું પડતું.

નથી એમને માતાના ઉદરમાં આવવું પડતું.

નથી પંચભૂતના દેહને ધારણ કરવો પડતો.

નથી એમને પરોક્ષ થવું પડતું.

તેઓ તો કેવળ દિવ્યાતિદિવ્ય, સ્વતંત્ર, સત્તાવાન એવું સનાતન સ્વરૂપ છે.

સર્વ કારણના પણ કારણ છે ને સર્વના નિયંતા પણ એ જ છે. છતાં, અનંતાનંત મુમુક્ષુઓને પોતાની સર્વોપરી ઉપાસના દૃઢ કરાવી, પોતા જેવા પુરુષોત્તમરૂપ કરી, અનાદિમુક્ત કરી, મૂર્તિસુખના અધિકારી કરવા પોતાનું તેજ-પ્રતાપ-ઐશ્વર્ય એવા અનંત કલ્યાણકારી ગુણોને ઢાંકી-ઢબૂરી જીવોને સમાસ થાય તે માટે મનુષ્યોને મનુષ્ય જેવા દેખાવાનું પ્રયોજન હતું અને ટૂંક જ સમયમાં એ ઈતિહાસ બદલતી પળ આવી ગઈ. નૂતન આધ્યાત્મિક ઈતિહાસમાં જોટો ન જડે એવી સુંદર પળ આવી પહોંચી.

ભારતની ધન્ય ધરાને પાવન કરવા સંવત ૧૮૩૭ના ચૈત્ર સુદ નવમીના તા. ૩-૪-૧૭૮૧ના મંગલકારી દિને રાત્રિના દસ કલાકે પ્રભુ છપૈયાપુરને (ઉત્તર પ્રદેશને) વિષે પ્રગટ્યા.

> સંવત્પુરાણ શત ઉપર સાડત્રીશે, રૂડો વસંત ઋતુ ને મધુમાસ દીસે;
>
> છે શુકલપક્ષ નવમી શશીવાર સાર, ત્યારે થયા પ્રગટ પ્રેમવતી કુમાર.[૬]

પિતા ધર્મદેવ ને માતા ભક્તિદેવીને કૃતકૃત્ય કર્યાં. સનાતન સ્વરૂપે આજ નાનકડા એવા ખોબલા જેવા છપૈયા ગામને વિષે પ્રગટી એ ધરાને ધન્ય ધન્ય કરી. નાનકડું આ ગામ બન્યું મોટું ધામ.

---

૬. **શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૨, વિશ્રામ-૩**

"ધન્ય ધન્ય દહાડો આજનો રે, ધન્ય અવસર ધન્ય વાર."

મહાપ્રભુનું પ્રાગટ્ય પણ મહાઅલૌકિક અને આશ્ચર્યકારક હતું. કેમ ન હોય ? હોય જ ને ! એ જ તો એમનું સર્વોપરીપણાનું લક્ષણ છે. તેઓ પ્રાગટ્યની સાથે જો ન જણાઈ આવે તો નવાઈ જ કહેવાય !

તેઓના પ્રાગટ્યની સાથે જ એમનો પ્રૌઢ પ્રતાપ જણાઈ આવ્યો.

પ્રાગટ્યની સાથે જ ચહુકોરે તેજ તેજનો અંબાર ઊભરાયો. શીતળ-શાંત-મૃદુ-મધુર-સુખમય અપાર તેજનો રાશિ ચોતરફ છવાઈ ગયો. જાણે અક્ષરધામનું મધ્ય જ જોઈ લ્યો !

અપાર તેજના બંબ છૂટ્યા હોય એમ, તેજની શેડ્યોથી ઠસોઠસ ભરેલો મોટો તેજ પુંજ નિહાળી સહુ આશ્ચર્યચકિત થયા.

"તેજ તેજ તો ઝળહળે, ચારે દિશા માંહી,
મધ્યે પ્રભુજી દર્શન દે છે, ઘનશ્યામ હરિ સુખદાયી."

પ્રકાશે યુક્ત સૂર્યની ઓળખ આપવી પડતી નથી. તેમ આ સનાતન ભગવાન આજ અવરભાવમાં ધર્મ-ભક્તિપુત્ર બની પ્રગટ થયા છે. તેની ઓળખાણ આપવાની જરૂર જ ન પડી. તેમના પ્રાગટ્યની સાથે જ સહુને સર્વોપરી ભગવાનપણાની સહેજે પ્રતીતિ થવા લાગી. તેજના સમૂહ મધ્યે શોભતી મનોહર મૂર્તિએ સુખદ તેજોમય દર્શન આપ્યાં. ભક્તિમાતા પણ અતિશે આનંદમાં ગરકાવ થઈ દેહભાવ ભૂલી ગયાં હતાં. તો ધર્મપિતાને પણ હૈયે હરખ સમાતો નહોતો. તેઓ પણ પ્રભુનાં દિવ્ય દર્શનથી ભાવવિભોર બન્યા હતા. અંતરના અતિશે આનંદથી ગાત્રો સુખથી ભરાઈ ગયાં ને રોમાવલિ રોમાંચિત થઈ ઊઠી હતી.

મહાપ્રભુ આજ પ્રગટ્યા એના મંગળ એંધાણ વર્તાવા લાગ્યા.

વાતાવરણમાં દિવ્યતા, અનેરી મંગળતા છવાઈ ગઈ હતી.

પવન મંદ મંદ વહી સુરીલા સ્વરોથી સુરીલું ગાન કરતો હતો.

દસે દિશાએ રાત્રિના સમયે પણ જાણે ઉઘાડ નીકળ્યો હોય એમ આકાશ સ્વચ્છ અને નિરભ્ર હતું.

ચમકીલા તારાઓ અવની પર ઊંચે આકાશેથી પ્રભુપ્રાગટ્યનો આનંદ વ્યક્ત કરતાં હોય એમ ચમક ચમક ચમકી મુસ્કાન વેરતા હતા.

છપૈયા ગામની વનરાઈઓ આજ ઝૂમી ઊઠી હતી. સમીરના સથવારે પ્રભુપ્રાગટ્યના હરખ અને આનંદને વ્યક્ત કરવા લળી લળીને ધરાને ચુંબતી

હોય એમ ઢળીને પોતાના ઉમળકાને ઠાલવતી હતી. અંતરીક્ષને વિષે પ્રભુ પ્રગટ્યાની વધાઈ આપવા અને દર્શન કરવા અનંત મુક્તોની ઠઠ જામી ગઈ હતી. જેઓ આકાશેથી પુષ્પવૃષ્ટિ તેમજ ચંદનવૃષ્ટિ કરી પ્રભુના આગમનને વધાવતા હતા.

સૌ ગ્રામવાસીઓના અંતરે આજ અકારણ આનંદના ઓઘ ઊમટ્યા હતા. સહુ આબાલવૃદ્ધ નર-નારીઓ ધર્મદેવના આંગણે પ્રભુદર્શન કાજ ઊમટ્યાં હતાં. છપૈયાની સન્નારીઓ આજ આનંદવિભોર બની હતી. એમનાં હૈયે હરખ સમાતો નથી. પ્રભુપ્રાગટ્યનાં મંગલ ગીતો ઉચ્ચ સ્વરે કંઠને નિચોવી નિચોવીને ગાવા લાગી...

"સખી આનંદની વાત કહું આજ રે, પ્રભુ પ્રગટ્યા કલ્યાણને કાજ રે;
નાનું છપૈયા નામનું ગામ રે, બની ગયું છે એ મોટું ધામ રે.
પિતા ધર્મ ને માતા ભક્તિ રે, થકી પ્રગટ્યા એ કેવી જુક્તિ રે;
સંવત અઢારસો સાડત્રીસ રે, નોમ અજવાળી ચઈતર માસ રે.
સહુ દિશે જયનાદ થાય રે, ભલે પધાર્યા હે મહારાજ રે;
સર્વોપરી ને પૂરણકામ રે, જેનું સ્વામિનારાયણ નામ રે.
કયાં તમે ને કયાં અમે નાથ રે, રંક ટાળી કીધા સનાથ રે;
કીડી કુંજરનો આ મેળાપ રે, કેવળ કૃપા કરી છે આપ રે.
અનંતકોટિ બ્રહ્માંડના આધાર રે, આપ વરસ્યા છો અનરાધાર રે;
જય હો જય હો જયજયકાર રે, વાગે ઢોલ-નગારાં અપાર રે.
વાગે વિધવિધ પ્રકારનાં વાજાં રે, સ્વયં પોતે પધાર્યા મહારાજા રે;
અંગે આનંદ ઉમંગ વધાર્યા રે, અનંત મુકતો દર્શને પધાર્યા રે."

અક્ષરાતીત પુરુષોત્તમનારાયણે ઘણીક વાર સુધી દિવ્ય તેજના સમૂહમાં દર્શન આપી પ્રતીતિ કરાવી કે અમારે દેહ ધરવાનો હોતો નથી. દેહધારી થયા નથી. જન્મ ધરવો પડતો નથી. દેહધારીને તેજનો સમૂહ થોડો હોય ? પ્રભુ પોતે આ બ્રહ્માંડમાં મનુષ્યને સજાતિપણે સુખ આપવા સારુ પધાર્યા હતા. ભક્તવત્સલ ભગવાને કરુણા કરી સર્વે તેજના સમૂહને મૂર્તિને વિષે સમાવી લઈ નર-નાટક આદર્યું ને તુરત જ સર્વે મનુષ્યોએ પ્રભુને મનુષ્ય જેવા જોયા. સર્વેને મહાપ્રભુનાં બાલ સ્વરૂપનાં દર્શન થયાં.

ભક્તિમાતા પોતાના જાયાને ગોદમાં લઈ વ્હાલ વરસાવવા લાગ્યાં.

સાધનસંપન્ન એવા ધર્મદેવ પોતાના ઘેર ઊમટેલ સાધુ, સંતો, ભૂદેવો વગેરેને ઘરેણાં, વસ્ત્રો, અન્ન વગેરેનાં દાન દેવા લાગ્યાં. પ્રભુપ્રાગટ્યની વધાઈ લઈને આવનાર સહુ ગ્રામવાસીઓને દ્રવ્ય તથા અનેક પ્રકારની ભેટો આપી ધર્મદેવ પ્રસન્ન કરી રહ્યા હતા.

દિવ્યાતિદિવ્ય બાળપ્રભુનું અવરભાવનું દર્શન પણ એટલું બધું સુંદર ને કામણગારું લાગ્યું કે રમાડવા ન હોય તોય રમાડવા જ પડે. ન તેડવા હોય તોય તેડવા જ પડે, ન હસવું હોય તોય હસવું જ પડે. જે કોઈ તેમને તેડે તો તેડ્યા પછી હાથમાંથી મૂકવાનું મન થાય જ નહિ ને. એવું ઘેલું બાળપ્રભુએ ગ્રામવાસી નર-નારીઓને લગાડ્યું હતું.

કામણગારા બાળપ્રભુના પ્રાગટ્યની અને દિવ્યતાની ખ્યાતિ દૂર-સુદૂર સુધી પહોંચી ગઈ. તેથી નર-નારીઓનો પ્રવાહ દરરોજ ધર્મદેવના ઘર ભણી ઊમટતો હતો. જાણે સર્વોપરી પ્રભુ જ પોતાનું દર્શન કરાવવા સહુને ખેંચી રહ્યા ન હોય ! એમની મનમોહક મુખાકૃતિથી તેમજ એમની કામણગારી દિવ્ય ચેષ્ટાઓથી સહુના મનને તેઓ હરી લેતા જેથી એમનાં દર્શનથી સહુ મુગ્ધ થતા હતા. કોઈ તો દર્શન કરતાં જ સૂધ-બૂધ ખોઈ બેસતા હતા. દેહભાવથી સહેજે વિરક્ત થઈ જતા. બાળપ્રભુથી જરાય ખસવાનું મન કોઈને થતું ન હતું. મુમુક્ષુઓને તો જાણે પોતાના ચિત્તનો ચોરનાર મોહન મળ્યો હોય એમ બાળપ્રભુમાં જ ચિત્ત ખોઈ બેસતા. બાળપ્રભુના સાંનિધ્યમાં કેટલો સમય વીતી જતો એની પણ કોઈને ખબર પડતી નહોતી. ધર્મદેવ તથા ભક્તિમાતાને પણ એમ થતું કે આપણો લાલ, આપણો જાયો માત્ર આપણો નથી, સહુ કોઈનો છે. માત્ર આપણા ઘેર જ આપણા માટે નથી પ્રગટ્યા, પણ સહુ કોઈને માટે જ પ્રગટ્યા છે.

અને હા, ખરેખર તો એ ક્યાં કોઈ એકના હતા. એ તો સર્વેના હતા ને છે. એની પ્રતીતિ તો એમણે આ અદ્‌ભુત પ્રથમ બાળચરિત્રમાંથી જ આપી દેવા માંડી હતી.

## કોટરાનું કૃત્ય

બાળ ઘનશ્યામના પ્રાગટ્યથી સર્વત્ર આનંદ હતો. દસે દિશે જયજયકાર હતો. શ્રદ્ધાળુઓનાં તથા મુમુક્ષુઓનાં ઉદ્વિગ્ન મન શાંત થયાં હતાં. હૈયે ઘણી ધરપત વ્યાપી હતી. સ્વયં પૃથ્વીને પણ ઘણી જ નિરાંત થઈ હતી. અધર્મ ને અસુરોના

કૃત્યોથી, પાપોથી પૃથ્વી ભાર અનુભવી રહી હતી, યુગોની એની અકળામણ હતી, તે હવે ઘનશ્યામ પ્રભુના પ્રાગટ્યથી હળવાશ અનુભવી રહી હતી. નદી, સરોવર, પહાડો, વૃક્ષ-વેલાઓ, પશુ-પક્ષીઓમાં પણ જાણે કોઈએ નવું જોમ પૂર્યું હોય એમ પ્રકૃતિ હર્ષોન્મત્ત જણાતી હતી. સર્વત્ર માંગલ્યમય દર્શન થતાં હતાં.

બીજી બાજુ જે આસુરી વૃત્તિવાળા મનુષ્યો હતા, અધર્મી હતા, પાપીઓ હતા એમનાં અંતર અશાંત થઈ ઊઠ્યાં હતાં. એમની વેરવૃત્તિ સતેજ થઈ હતી. બાળ ઘનશ્યામ પ્રભુની દિવ્યતાની, નિત્ય થતી દિવ્ય લીલોઓની અને એમના કામણગારા મોહક સ્વરૂપની વાતો થતી તે સાંભળીને એમનાં અંતર સળગી ઊઠતાં હતાં. તેઓને લાગ્યું કે હવે બાળ ઘનશ્યામ પ્રભુ આપણા જેવા અધર્મીઓનો ઉચ્છેદ કરશે. તો તે પહેલાં આપણે જ એમનો નાશ કરી દઈએ. આવી મલિનવૃત્તિ, મલિનભાવો અસુરોના મનમાં પ્રગટ થવા લાગ્યાં.

ઘનશ્યામ પ્રભુનો વેરી અસુર કાલીદત્ત. તેણે સર્જેલી એક કોટરા નામની આસુરી મતિવાળી મહાપાપી એવી સ્ત્રીએ નક્કી કર્યું કે બાળ ઘનશ્યામને રમાડવાના બહાને ધર્મદેવના ઘેર જઈ ઘનશ્યામને ત્યાં ને ત્યાં જ પૂરા કરી દેવા. એવા આશયથી કોટરા મુખ પર રમાડવાના આનંદના ભાવ વ્યક્ત કરતી ને ધર્મદેવનું ઘર પૂછતી પૂછતી ધર્મદેવને ઘરે આવી પહોંચી.

બાળ ઘનશ્યામને પ્રગટ થયાને આજે છઠ્ઠો દિવસ હતો. છ દિવસના બાળ ઘનશ્યામ પ્રભુને રમાડવા સારુ કોટરા રાક્ષસીએ હાથમાં લીધા. મનમાં મેલી મુરાદો રમી રહી. બાળપ્રભુથી તો આ બધું થોડું અજાણ હતું ? તેઓ તો સર્વના અંતર્યામી હતા. બાળપ્રભુને મારવા સારુ કોટરાએ મનમાં ઘૃણા જગાવી. આંખો લાલચોળ કરીને હાથની મુઠ્ઠીથી ભીંસી દેવાના પ્રયત્ન કર્યા.

"તે કોટરા ફરી પાછી આવી, ઇચ્છા હરિને હણવાની લાવી;
ત્યાંયે પ્રભુએ કરી ક્રૂર દૃષ્ટિ, ત્યાં કંપવા લાગી સમગ્ર સૃષ્ટિ,
તો દૃષ્ટિ તો વજ્ર સમાન લાગી, તે કોટરા ત્યાં ભય પામી ભાગી;
આદિત્યને દેખી ઉલૂક જેમ, સંતાઈ પેસે ગઈ દુષ્ટ તેમ."[૭]

ત્યાં જ ઘનશ્યામ પ્રભુએ પોતાનાં સુંદર દિવ્ય નેત્રો ખોલ્યાં. કોટરા સામું દૃષ્ટિ કરી. પૂર્ણ પુરુષોત્તમનારાયણની આ તો કૃપાદૃષ્ટિ હતી. એમની દૃષ્ટિ મળે જ ક્યાંથી ? પણ આ તો મહાપાપી હતી. આસુરી મતિયુક્ત હતી. પાત્રતાહીન

---
૭. શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૨, વિશ્રામ-૪

હતી તેથી પ્રભુની દિવ્યદૃષ્ટિ સહી ન શકી. પ્રભુની વક્રદૃષ્ટિમાં એ બળવા લાગી. ‘બળું છું... બળું છું...’ એમ ચીસો પાડવા લાગી ને અંતે બાળ ઘનશ્યામ પ્રભુની દિવ્યદૃષ્ટિથી એની આસુરી મતિ, વેરબુદ્ધિ તથા કરેલાં પાપો ત્યાં ને ત્યાં બળીને ભસ્મીભૂત થઈ ગયાં. જેથી તે તત્કાળ બાળ ઘનશ્યામને મૂકીને નાસી ગઈ. એમ બાળ પ્રભુએ માત્ર કૃપાદૃષ્ટિ વડે કોટરાની આસુરી વૃત્તિનો સંહાર કર્યો ને પોતાની સર્વોપરીતાનો પ્રથમ પરિચય કરાવી દીધો.

## ઘનશ્યામ પ્રભુનું બગાસું

બાળ ઘનશ્યામ પ્રભુ પોતે સંપૂર્ણ દિવ્ય (પરભાવનું) સ્વરૂપ છે અને સદા તેજના સમૂહ મધ્યે વિરાજે છે. તેમ છતાં અહીં (અવરભાવમાં) મનુષ્યોને મનુષ્ય જેવાં દર્શન આપે છે. તેથી તેઓ સંપૂર્ણ ક્રિયાઓ મનુષ્યના જેવી જ કરતા. પરંતુ એમના મનુષ્યચરિત્રમાં પણ દિવ્યતા રહેલી હોય જ !

એક વખત ભક્તિમાતા ઘનશ્યામ પ્રભુને પયપાન કરાવી રહ્યાં હતાં. બાળ ઘનશ્યામ પ્રભુ પયપાન પૂર્ણ કરી ભક્તિમાતાની ગોદમાં ગેલ કરી રહ્યા હતા. તેવા સમયે જ ઘનશ્યામ પ્રભુને બગાસું આવ્યું. બગાસું ખાતાં એમણે મુખ પહોળું કર્યું. ઘનશ્યામ પ્રભુ થોડા સાવ સામાન્ય દેહધારી બાળક હતા ? તેઓ તો અલૌકિક મૂર્તિ હતા. તેથી બીજાં બાળકો જેવું એમનું બગાસું ન જ હોય ને ! ભક્તિમાતાએ ઘનશ્યામ પ્રભુના બગાસું ખાતી વખતે પહોળા થયેલા મુખમાં એક અલૌકિક ઐશ્વર્ય જોયું.

“બગાસું બહુનામીએ ખાધું, દેખાયું તેમાં બ્રહ્માંડ બાધું.”[૮]

ઘનશ્યામ પ્રભુના નાનકડા મુખારવિંદને વિષે અનંતકોટિ બ્રહ્માંડની હારમાળાઓ એકકાળાવિચ્છિન્ન દેખાવા લાગી. અનંત ધામો અને તેના ધામી, અનંત ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ ને અક્ષરકોટિઓ પણ જોવામાં આવી.

આવું મહાઐશ્વર્ય જોઈને ભક્તિમાતાને ઘનશ્યામ પ્રભુ વિષે સર્વોપરીપણાનો અલૌકિકભાવ પ્રગટ્યો. તેમણે તેમનાં બહેન વસંતબાઈ, ચંદનબાઈ અને સુંદરીબાઈને પણ આ અદ્‌ભુત ચરિત્રની વાત કરી તો સહુ આશ્ચર્ય પામ્યાં. સહુને ફરી પ્રતીતિ થઈ કે ઘનશ્યામ પ્રભુ સર્વાવતારી મહાપ્રભુ છે. જે આપણને અવરભાવમાં બાળ સ્વરૂપે ભાસે છે.

---

૮. શ્રી ઘનશ્યામલીલામૃતસાગર : તરંગ-૪

# પ્રભુ પારણેથી ઊતર્યા

ઘનશ્યામ પ્રભુની સમીપે જે કોઈ આવે, જે કોઈ એમને રમાડે અથવા ધર્મદેવના ઘેર કોઈ પણ આવે તેમને પ્રભુ અચૂક પોતાની દિવ્યતાનાં દર્શન કરાવતાં. જેથી સંબંધમાં આવનાર સહુને એમનામાં દિવ્યતાનાં, એમની સર્વોપરીતાનાં દર્શન સહેજે થઈ જતાં હતાં. એમ કરતાં બાળ ઘનશ્યામ પ્રભુ અઢી માસના થયા.

આજે ભક્તિમાતાને માખણ તાવવું હતું. તેથી ઘનશ્યામ પ્રભુને પારણાંમાં સુવાડી પોતે રસોડામાં માખણ તાવવા લાગ્યાં. ભક્તિમાતા ગયા જાણી ઘનશ્યામ પ્રભુએ નેત્રો ખોલ્યાં. હળવેકથી પારણાંમાં બેઠા થઈ ગયા. આજુબાજુ બધે નજર કરી તો ચૂસવાની ચૂસણી દૂર પડી હતી. તે ભાળી તેને લેવા સારુ પ્રભુ પારણાંમાંથી નીચે ઊતર્યા. ભાંખોડિયે ભાંખોડિયે ચાલી ચૂસણીને હાથમાં લીધી અને પાછા પારણાંમાં આવી પોઢી ગયા ને ચૂસણી મુખમાં મૂકી ચૂસવા લાગ્યા.

એ જ સમયે સૂરવાલ ગામના રામદયાળ ધર્મદેવના આંગણે આંબલી નીચે ચોતરા ઉપર બેઠા હતા. તેમણે આ સઘળી બાળ ઘનશ્યામની લીલા જોઈ. તેઓ તો આશ્ચર્ય પામી ગયા. તેમણે ધર્મદેવને પૂછ્યું, ‘‘ધર્મદેવ ! તમારા પુત્રની ઉંમર કેટલી છે ?’’ ત્યારે ધર્મદેવે કહ્યું કે, ‘‘તેઓ તો હજુ અઢી માસના જ છે.’’ આ સાંભળી રામદયાળે વધુ આશ્ચર્ય અનુભવ્યું. તેઓ તો વાત માની શક્યા નહિ, કેમ કે અઢી માસનું બાળક પોતાની ક્રિયા જાતે કઈ રીતે કરી શકે ?

તેથી તેમણે ધર્મદેવને કહ્યું, ‘‘ધર્મદેવ ! આ અઢી માસના જણાતા તમારા પુત્ર કોઈ મનુષ્ય નથી લાગતા. જરૂર આ કોઈ અવતારી ઈશ્વર છે. એ સિવાય આવો ચમત્કાર કોઈ જણાવી શકે નહીં.’’ એમ કહી રામદયાળ પ્રભુના પારણાં પાસે ગયા.

“જોયું પારણિયાં સામું જ્યારે રે, દીઠા ઘનશ્યામજીને ત્યારે રે;
મંદ મંદ કરે છે તે હાસ રે, પોતાનું તેજ કર્યું પ્રકાશ રે,
નિજ અંગમાંથી નિરધાર રે, નીકળ્યું તેજ રૂડું અપાર રે;
દિવ્ય શાંત પ્રકાશ દેખાય રે, એને ઉપમા કોઈ ન થાય રે.”૯

ઘનશ્યામ મહાપ્રભુ તેમની સામું જોઈ મંદ મંદ હાસ્ય કરતાં કરતાં પોતાના સ્વરૂપમાંથી તેજના અંબાર છોડવા લાગ્યા. ચારેબાજુ મોટો તેજનો સમૂહ વ્યાપી

૯. શ્રી ઘનશ્યામલીલામૃતસાગર : તરંગ-૫

ગયો. તેજના સમૂહ મધ્યે ઘનશ્યામ પ્રભુનાં દિવ્ય દર્શન થયાં. તેજના સમૂહથી તો રામદયાળ અંજાઈ ગયા. થોડી વારમાં પ્રભુએ તેજને પોતામાં સમાવી લીધું ને પારણાંમાં રહી રામદયાળ સામું જોઈ કિલકિલાટ કરવા લાગ્યા. જાણે કહેતા હતા કે 'તમે ભલે અમને દેહધારી દેખતા પણ અમે સદા તેજના સમૂહમાં તેજોમય છીએ ને જ્યાં અમે છીએ ત્યાં જ અમારું અક્ષરધામ છે.'

રામદયાળને પણ પ્રભુકૃપાથી નિશ્ચય થયો કે, 'આ કોઈ સામાન્ય બાળક નથી, પણ દિવ્યાતિદિવ્ય સ્વરૂપ છે. સર્વ કારણના કારણ છે. એ સિવાય આવું ઐશ્વર્ય ને આવી અલૌકિકતા બીજા કોઈ જણાવી શકે નહીં.'

## નામકરણ

બાળ ઘનશ્યામ પ્રભુની અવરભાવની ક્રિયામાંથી પણ તેમનું દિવ્યપણું, સર્વોપરીપણું છતું થઈ જતું હતું. આવી નિત્ય નિત્ય નૌતમ દિવ્ય લીલા કરતા બાળપ્રભુ મોટા થઈ રહ્યા હતા.

ઘનશ્યામ પ્રભુની ઉંમર ત્રણ માસની થઈ. ઉપર બાર દિવસ વીત્યા. સંવત ૧૮૩૮ અષાઢ વદ સાતમ ને ગુરુવાર હતો. તા. ૧૩-૭-૧૭૮૧, ગુરુવાર.

આ દિવસે શ્રીહરિની ઇચ્છાથી જ માર્કંડેય નામના ઋષિ સવારના સમયે ધર્મદેવના ઘરે પધાર્યા. વિવેકની મૂર્તિ સમા ધર્મદેવે પોતાના ઘરે આવેલા આ ઋષિમુનિનો સત્કાર કર્યો, આદરથી વિરાજમાન કર્યા. ચંદન, પુષ્પ વડે તેમની પૂજા કરી. ત્યારબાદ ધર્મદેવે વિનય વચને પ્રાર્થના કરી કે,

"હે ઋષિરાજ ! આપ સમર્થ સંતવર્ય છો. આપના આગમનથી, આપના ચરણથી મારું ઘર પાવન થયું છે. કૃપા કરી સામે ચાલી આપ મારા ઘેર પધાર્યા છો. એ આપની મારા પર કૃપા સમજું છું. અમારે ત્યાં એક નાનકડા બાળક પ્રગટ થયા છે, જે અલૌકિક મૂર્તિ છે. સહુને એમનામાં દિવ્યતાનાં દર્શન થાય છે. અમે એમને લાડથી 'ઘનશ્યામ' નામથી બોલાવીએ છીએ. એમના અલૌકિક ગુણો મુજબ યથાર્થ નામ તો આપ જેવા સમર્થ સંત જ 'ગુણ તેવા નામ' પાડી શકે ! માટે આપ આજે આ ઘનશ્યામનું નામકરણ કરી આપો."

ભગવાનના અનંત કલ્યાણકારી ગુણોને યથાર્થ કોણ જાણી શકે ? જો પોતે જ ભેગા ભળી કૃપા કરી ગુણો ઓળખાવે તો જ ઓળખાય.

ભક્તિમાતા ઘનશ્યામ પ્રભુને સુવાળી ગોદડીમાં વ્હાલપૂર્વક લઈ આવ્યાં.

ભક્તિમાતા ઘનશ્યામ પ્રભુને ખોળામાં બેસાડી માર્કંડ ઋષિની સામે બેઠાં. ધર્મદેવ પણ માર્કંડ ઋષિની બાજુમાં બેઠા અને કહ્યું, ''હે ઋષિવર્ય ! હવે આ ઘનશ્યામનો નામકરણ વિધિ કરી આપો.''

માર્કંડ ઋષિએ ઘનશ્યામ પ્રભુ સામે અનિમેષ દૃષ્ટિથી જોયા કર્યું. બાળ ઘનશ્યામ પ્રભુનાં અલૌકિક દર્શન કરતાં તેઓ આનંદવિભોર બની ગયા છે. દિવ્ય મુખારવિંદ ઉપર ઝળહળતી રેખાઓનાં દર્શન થયાં. બંને ચરણોમાં સોળ ચિહ્નોનાં દર્શન થયાં. ઘડીભર પોતે ભાવસમાધિમાં ડૂબી ગયા. તેમને આ દિવ્ય મૂર્તિ બાળપ્રભુ માટે કાંઈ પણ કહેવું જટિલ બની ગયું. ઘડીભર થંભી ગયા.

પછી ધર્મદેવની આતુરતા જોઈ તેઓ બોલ્યા, ''હે હરિપ્રસાદજી ! આપના પર જે અલૌકિક કૃપા વરસી છે તેનું વર્ણન મારે કઈ રીતે અને કયા શબ્દોમાં કરવું ? ટૂંકમાં એટલું જ કહીશ કે આપના જેવી કૃપાવંત વ્યક્તિ અનંતકોટિ બ્રહ્માંડમાં બીજી કોઈ નથી. કેમ કે આપને ત્યાં સ્વયં પૂર્ણ પુરુષોત્તમ સનાતન સ્વરૂપ એવા પ્રભુ પ્રગટ્યા છે. તેઓ રાજાધિરાજ છે. અનંતકોટિ બ્રહ્માંડના નાથ છે. એમનાં તમને અહોનિશ દર્શન થાય છે. એમની તમને નિરંતર સેવા મળે છે. આ કૃપાનું માપ શબ્દથી કે વર્ણનથી થઈ શકે નહીં.

હે ધર્મદેવ ! આ કોઈ દુન્યવી બાળક નથી. કોઈ દેહધારી વ્યક્તિ પણ નથી. તેઓ અનંત કલ્યાણકારી ગુણે યુક્ત છે.

હે ધર્મદેવ ! આ અલૌકિક મૂર્તિનું નામકરણ કરવાનું મારું ગજું નથી. તેઓ સ્વયં પોતે જ પોતાનું નામ જણાવે તો જ યથાર્થ જાણી શકાય તેમ છે. તેમ છતાં તેમનામાં જે અવરભાવના ગુણો સહેજે જણાઈ આવે છે. તે પરથી તેમનું નામ કહું છું. આ દિવ્ય બાળપ્રભુ સૌની ચિત્તવૃત્તિઓને પોતામાં હરી લેશે એટલે તેમનું એક નામ 'હરિ' રાખો.

એટલું જ નહિ પણ આમનું જે કોઈ દર્શન કરશે તેને પોતાની મૂર્તિમાં આકર્ષણ પમાડશે માટે તેમનું બીજું નામ 'કૃષ્ણ' રાખો અને આ બંને ગુણોનો તેમનામાં સમન્વય છે માટે તેમનું ત્રીજું નામ 'હરિકૃષ્ણ' રહેશે. જ્યારે તમારા પુત્રમાં તપ, ત્યાગ, યોગ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિ અનેક દિવ્ય ગુણો રહેલા છે માટે તે 'નીલકંઠ' નામથી પણ ઓળખાશે.

"માર્કંડ ઋષિએ તે જેહ, નામ પાડ્યાં છે અમારાં તેહ;
કૃષ્ણ હરિ હરિકૃષ્ણ સાર, નીલકંઠ નામ નિરધાર."

હે ધર્મદેવ ! આપ અતિ અતિ કૃપાવંત છો ! હું બીજું તો વધુ નથી કહેતો પણ

આ બાળકમાં કદીયે પુત્રપણાના ભાવ લાવશો મા. દિવ્યભાવે તેમની ખૂબ સેવા કરજો. એમના પ્રાકૃતચરિત્રોમાં પણ અપાર દિવ્યતા રહેલી હશે તેનાં દર્શન કરજો. તો આપને અતિ અતિ સુખ વર્તશે.''

માર્કંડેય મુનિનો આવો દિવ્યભાવ સોતો મહિમા સાંભળી ધર્મદેવ તથા ભક્તિમાતા ખૂબ જ રાજી થયાં. દંપતી પોતાને ખૂબ કૃપાવંત સમજવા લાગ્યાં ને તેનું ગૌરવ પણ અનુભવવા માંડ્યાં. તેમણે મુનિને ઉત્તમ પ્રકારનાં વસ્ત્રો, આભૂષણોનું દાન આપ્યું. માર્કંડેય મુનિએ પણ મહાપ્રભુનાં દિવ્ય તેજોમય દર્શનથી ખૂબ કૃતાર્થ થઈ હર્ષાયમાન થકા વિદાય લીધી. આમ, પ્રભુનું નામકરણ કરવાની સેવા મળી એમ જાણી પોતે ખૂબ ધન્યતા અનુભવી.

## કર્ણવેધ સંસ્કાર

"એમ કરતા ચાર માસ વીત્યા રે, બેઠો પાંચમો માસ પુનિત રે;
ત્યારે રૂડે દિવસે દંપતી રે, મહી બેસાર્યા સુખ મૂરતિ રે,
પછી સપ્ત માસે દિન સારે રે, આવી પૂર્ણાતિથિ ગુરુવારે રે;
તે દિ પુત્રના વીંધાવ્યા કર્ણ રે, ભૂષણ પેરાવ્યાં સારાં સુવર્ણ રે."[૧૦]

ઘનશ્યામ પ્રભુ સાત માસના થયા એટલે ભક્તિમાતાએ ઘનશ્યામ પ્રભુને કર્ણવેધ સંસ્કાર આપવાનું નક્કી કર્યું. તે માટે એમણે સંવત ૧૮૩૮ની શરદપૂર્ણિમાનો દિવસ નક્કી કર્યો. સહુ સગાંસંબંધીને પણ બોલાવ્યાં. બાળપ્રભુએ જાણ્યું કે દેહધારી અમારે વિષે પણ દેહભાવ (અવરભાવ) જ પરઠશે. ને તેથી જ અન્ય જગતના જીવની જેવી ક્રિયા અમારે વિષે પણ કરશે. તેથી તેમણે પોતાના મનુષ્યભાવમાં (અવરભાવમાં) દિવ્યભાવનાં (પરભાવનાં) દર્શન કરાવવાનું નક્કી કર્યું.

ભક્તિમાતા બાળ ઘનશ્યામ પ્રભુને લઈને ઘરની બહાર આંબલીનું ઝાડ હતું તેના ચોતરા ઉપર ઘનશ્યામ પ્રભુના કાન વીંધાવવા સારુ બેઠાં. કાન વીંધનારો સોય લઈને આવ્યો. ઘનશ્યામ પ્રભુના કાન વીંધવા સારુ તેમણે કાન પકડવા હાથ લાંબો કર્યો. પણ આ શું ? ઘનશ્યામ પ્રભુના દેખાતા શરીરમાંથી તેજ તેજ છૂટવા માંડ્યું. ચોતરફ તેજના શેરડા છૂટતા હોય એમ તેજનો સમૂહ દેખાવા લાગ્યો. ઘનશ્યામ પ્રભુ ક્યાં છે ? પોતે ક્યાં છે તેનું કશું જ ભાન ન રહ્યું. બસ, જ્યાં જુએ ત્યાં તેજ તેજ જ દેખાય જેથી તે ડરી ગયા. ત્યાંથી ભાગવા પ્રયત્ન કર્યો પણ જાય

૧૦. ભક્તચિંતામણિ : પ્રકરણ-૧૮

ક્યાં ? બધી બાજુ તેજનો સમૂહ ફરી વળેલો. કોઈ દિશા કળાય જ નહિ ને !!!

ઘનશ્યામ પ્રભુએ કાન વીંધનારને પોતાના દિવ્યભાવનું (પરભાવનું) દર્શન કરાવ્યું. પણ પાત્રતા નહોતી એટલે ખમી ન શક્યા. ઘનશ્યામ પ્રભુએ જાણ્યું કે હવે તે ખમી નહિ શકે એટલે તેજને પોતામાં સમાવી લીધું. પણ ઘનશ્યામ ભક્તિમાતાના ખોળામાં ન દીઠા. ભક્તિમાતાએ જોયું તો તેઓ આંબલીની ડાળી પર બેઠા હતા. ભક્તિમાતાએ રામપ્રતાપભાઈને બૂમ પાડી બોલાવ્યા ને કહ્યું, “ઘનશ્યામ આંબલીની ડાળી પર બેસી ગયા છે. તેને જલદી નીચે ઉતારો. ત્યાંથી પડી જશે તો વાગી જશે.”

રામપ્રતાપભાઈ આંબલીના ઝાડ પર ચઢ્યા ને જોયું તો ઘનશ્યામ નીચે ભક્તિમાતા પાસે બેઠા હતા. નીચે ઊતરી માતા પાસે આવીને જોયું તો ઘનશ્યામ માતા પાસે બેઠેલા દેખાયા અને ઉપર જોયું તો આંબલીના ઝાડ પર પણ બેઠેલા દેખાયા. આ પ્રમાણે ઘનશ્યામનાં બે સ્વરૂપે દર્શન થયાં. રામપ્રતાપભાઈ, ભક્તિમાતા ને કાન વીંધવાવાળા તો આ જોઈ આભા જ બની ગયાં. સગાંસંબંધીઓ જે આવેલાં હતાં તેઓ પણ આ આશ્ચર્યકારી ચરિત્ર નિહાળી ઘનશ્યામને વિષે ભગવાનપણાની પ્રતીતિ કરવા લાગ્યાં. ભક્તિમાતાને ભૂલ્ય સમજાઈ કે ઘનશ્યામ પ્રભુને વિષે મનુષ્યભાવ (અવરભાવ) પરઠી લૌકિક (અવરભાવની) ક્રિયા કરી તેથી એમણે આ લીલા શરૂ કરી.

ભક્તિમાતા તથા રામપ્રતાપભાઈએ પ્રાર્થના કરી કે, “હે દયાળુ ! રાજી રહેજો. આપને વિષે દેહભાવ પરઠ્યો હોય અથવા આપને જગતના જીવ જેવા સમજ્યા હોય તો ક્ષમા કરજો. આપ દિવ્ય સ્વરૂપ છો. આપ મનુષ્ય જેવા નથી ને મનુષ્ય જેવા થયા પણ નથી. પણ હે ઘનશ્યામ પ્રભુ ! કૃપા કરી લીલા બંધ કરી આજનો પ્રસંગ સાચવી લ્યો.” પછી ઘનશ્યામ પ્રભુએ બાળચેષ્ટા કરતાં કહ્યું, તમે અમને ગૉળ લાવી આપો તો જ અમે કાન વીંધવા દઈએ.” એમની આ લીલામાં પણ કંઈક હેતુ હશે. એવું સમજી ભક્તિમાતા ગૉળ લઈ આવ્યાં અને પ્રભુને આપ્યો. પછી ઘનશ્યામ પ્રભુ તુરત જ માતાને રાજી રાખવા એક સ્વરૂપે થયા ને એમના ખોળામાં બેસી કાન વીંધાવવા તૈયાર થયા.

ભક્તિમાતાએ કાન વીંધનારને શિખામણ આપી : “તું આમને બાળક ન સમજીશ. સર્વોચ્ચ પ્રભુની સેવા મળી છે એવા અહોહોભાવથી ને દિવ્યભાવથી કાન વીંધતાં ઘનશ્યામને દુઃખ ન પહોંચે એવી રીતે સેવા કરજે. તો ઘનશ્યામ પ્રભુ સુખેથી કાન વીંધાવશે ને તને પણ આ લોક-પરલોકમાં સુખિયો કરશે.”

કાન વીંધવાવાળા પણ એવી જ દિવ્યભાવ સોતી ઘનશ્યામ પ્રભુની સેવા કરી કૃતકૃત્ય થયા. વાહ !

"દિવ્ય થકા માનુષ તનુ ધરીને, પ્રેમી જન પર કરુણા કરી ને;
મનોરથો પૂરનાર તમને અનંત પ્રણામ."

## પ્રભુની પરીક્ષા

ઘનશ્યામ પ્રભુ પોતાના પરભાવને ઢાંકી-ઢબૂરી વર્તતા હતા. મનુષ્યને એમની સર્વે ક્રિયા મનુષ્ય સરખી જ જણાતી હતી. ધર્મપિતાને થયું કે ઘનશ્યામ પ્રભુ હવે અવરભાવમાં ઘણી જ સમજ શક્તિ ખીલી હોય એવું જણાવી રહ્યા છે. તેથી હવે એમની પરીક્ષા લઉં.

એક દિવસ સવારે ધર્મપિતાએ ભક્તિદેવી પાસે બાજોઠ મગાવ્યો. તેના પર એક રેશમી વસ્ત્ર પાથર્યું. પછી તેના પર એક સોનામહોર, એક આયુધ (શસ્ત્ર) ને એક પુસ્તક મૂક્યું. આ ત્રણેય વસ્તુઓ મૂકીને જોવા લાગ્યા કે પ્રભુ પ્રથમ કઈ વસ્તુ ઉપાડે છે.

ઘનશ્યામ પ્રભુએ તો તુરત જ પારણેથી ઊતરી દડબડ દડબડ દોડી બાજોઠ પાસે આવીને સીધું પુસ્તક જ હાથમાં લીધું. આ જોઈ ધર્મદેવ તથા ભક્તિમાતાના અંતરમાં આનંદ થયો.

ઘનશ્યામ પ્રભુએ શાસ્ત્ર હાથમાં લીધું એ જોઈ આ લોકની રીત મુજબ ધર્મદેવ અને ભક્તિમાતાએ એવું વિચાર્યું કે અમારા ઘનશ્યામ બહુ મોટા વિદ્વાન થશે. પરંતુ તેમને ક્યાં ખબર હતી કે આ તો અક્ષરધામના પતિ પ્રભુ સ્વયં પોતે જ છે. તેમને વળી શાસ્ત્રની શી જરૂર ? તેઓ બોલે એ જ શાસ્ત્ર છે. એમને વળી ક્યાં વિદ્વાન થવાનું હતું ? તે તો એ શાસ્ત્રો જેમના મહિમાને ગાવા લખાય છે એવા સર્વોપરી ભગવાન પોતે હતા. વળી, શાસ્ત્રનો સારમાત્ર પોતે જ છે. તેમ છતાં ધર્મદેવ અને ભક્તિમાતાને પોતાનો વિશેષ મહિમા અને દિવ્યતા કરાવવા આ લીલા આદરી હતી.

## ચકલીથી પ્રભુ ભડક્યા

ભક્તિમાતાને બાળપ્રભુ ઘનશ્યામને વિષે અતિશે સ્નેહ હતો. એમના અવનવા ચરિત્રોનાં દર્શન કરી ઘનશ્યામ પ્રભુ પર દિવ્યભાવ સોતું વ્હાલ વરસાવતાં.

ભક્તિમાતા બાળ ઘનશ્યામ પ્રભુજીને ખૂબ સાચવતાં. સમયે સમયે એમની સેવા કરતાં. ઘનશ્યામ મહાપ્રભુજીને ખૂબ વ્હાલથી જમાડવા, સ્નાન કરાવવું વગેરે ક્રિયામાં તેઓ ખૂબ કાળજી દાખવતાં. એમને નક્કી હતું કે હું કોઈ દેહધારી બાળકને આ બધી ક્રિયા કરાવતી નથી. આ તો ઘનશ્યામ મહાપ્રભુ છે. એટલે એમની ક્રિયામાં તેઓને દિવ્યભાવ વર્તાતો. તો ક્યારેક ક્યારેક ઘનશ્યામ પ્રભુ જ એમને પોતાનો દિવ્યભાવ (પરભાવ) ભૂલવાડી દેતા.

નિયમ મુજબ સાંજે ભક્તિમાતાની ગોદમાં સૂઈ ઘનશ્યામ પ્રભુજી પયપાન કરતા હતા. વચ્ચે વચ્ચે ભક્તિમાતા સામું જોઈ મુખ મલકાવીને હસતા. માતા પણ બાલપ્રભુની ચેષ્ટા જોઈ આનંદિત થતાં હતાં. એમ બાળ ઘનશ્યામ માતાના ખોળામાં રમતા હતા તે સમયે બાજુમાંથી એક ચકલી ઊડી. ચકલીના ઊડવાનો ફફડાટ સાંભળી ઘનશ્યામ પ્રભુએ મનુષ્યચરિત્ર આદર્યું. તેઓ ચકલીના ફફડાટના અવાજથી ભડકી ગયા, હબકી ગયા હોય એવું જણાયું.

"જેના એક રોમમાં કોટિ બ્રહ્માંડ ઊડે રે;
જેની ભ્રકુટિ જોઈને કાળ થર થર કંપે રે,
તે પ્રભુ પ્રાકૃત બાળકની પેઠે રે;
ઊડે ચકલી તે જોઈ બહુ બીએ રે."

ભક્તિમાતાએ ઘનશ્યામને વ્હાલથી છાતીએ ચાંપી દીધા. ને પછી ચકલીને વઢતાં બોલ્યાં : "અરે ચકલી ! મારા ઘનશ્યામને બિવરાવ્યા ? ઊભી રે હવે... જો હું તને ઘરમાં નહિ પેસવા દઉં. ખમ્મા મારા લાલ; ડરશો નહિ હોં. એ ચકલીની હું ખબર લઈ નાખીશ." એમ કહી તેઓ ઘનશ્યામના વાંકડિયા કેશ પર હાથ ફેરવવા લાગ્યાં. પ્રભુએ પ્રથમ પ્રાકૃતચરિત્ર કર્યા બાદ હવે દિવ્યચરિત્ર કરતાં કહ્યું, "હે માતા ! આપ ભૂલો છો. અમે એવા બીકણ નથી કે નાનીઅમથી ચકલીથી ડરી જઈએ."

ત્યારે ભક્તિમાતા બોલ્યાં કે, "હે વીરા ! મારા લાલ ! તમે કોણ છો તે ન બીઓ ?" ત્યારે ઘનશ્યામ પ્રભુ પોતાની માતાને વિસ્મય પમાડતાં બોલ્યા કે, "અમે તો સર્વ કારણના કારણ, સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છીએ. આપનું બોલવું કે ચકલીનું ઊડવું એ પણ અમારી ઈચ્છાથી થાય છે. ભલે અમે આપને બાળક જેવા દેખાઈએ પણ અમે તેવા નથી. જુઓ અમે કેવા છીએ !" એમ કહી પ્રભુએ પોતાની માતાને તેજ તેજના અંબારમાં દિવ્ય દર્શન કરાવ્યાં.

"શ્રી ઘનશ્યામ પ્રભુ થકી, છૂટે તેજ અંબાર;
ઝળળળ ને ફરરર છૂટે છે, તેજની શેડ્યો અપાર."

આવી રીતે પ્રભુ પોતાનાં દિવ્ય દર્શન આપીને થોડી વારમાં પોતાની બધી સામર્થી ઢાંકી દઈ વળી પાછા માતાના ખોળામાં પૂર્વવત્ રમવા લાગ્યા. આવી રીતે બાળ ઘનશ્યામ અવનવાં ચરિત્ર કરી માતાપિતાને પોતાના સર્વોપરીપણાનો અચળ નિશ્ચય કરાવતા ને સુખ પણ આપતા; છતાં પ્રભુની ઈચ્છાથી તેઓને ક્યારેક પાછું આ બધું વિસરાઈ પણ જતું.

વાહ ! ઘનશ્યામ વાહ !

## મારા તેજ વડે સર્વે તેજાયમાન છે

ઘનશ્યામ પ્રભુ પારણાંને વિષે પોઢ્યા હતા. તે અચાનક રડવા લાગ્યા. ભક્તિમાતા બાળપ્રભુનો રડવાનો અવાજ સાંભળી તુરંત દોડી આવ્યાં. 'ખમ્મા મારા લાલને' એમ કહી હેત વરસાવી ઘનશ્યામને ગોદમાં લીધા.

ઘનશ્યામને રીઝવવા મસ્તક ઉપર પ્રેમાળ હાથ ફેરવી બોલ્યાં, "તમોને ભૂખ બહુ લાગી હતી એટલે રડતા હતા ?" ત્યારે ઘનશ્યામ પ્રભુએ માતા સામું જોઈ 'હા' કહી. ભક્તિમાતા રાજી થયાં ને કહ્યું, "સારું, તમને જમાડી દઉં છું હોં." આટલું કહ્યું ત્યાં તો ઘનશ્યામ પ્રભુના જમણા અંગૂઠામાંથી તેજ નીકળવા લાગ્યું. તે જોઈને ભક્તિમાતા બી ગયાં કે, 'અહો ! આટલું બધું તેજ ક્યાંથી ?'

ઘનશ્યામ પ્રભુએ જાણ્યું કે માતા તેજથી અંજાઈ ગયાં છે ને ડરી ગયાં છે. એટલે તેઓ બોલ્યા કે, "દીદી ! બીશો નહીં. આ તેજની માત્ર એક કિરણે કરીને તો અનંતકોટિ બ્રહ્માંડના ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ ને અક્ષરકોટિ તે સર્વે તેજાયમાન છે. અને અમે તો પૂર્ણ પુરુષોત્તમ ભગવાન, સર્વ કારણના કારણ સ્વયં છીએ. આ લોકમાં તમે અમને તમારા પુત્ર રૂપે દેખો છો. અમે કોઈના પુત્ર નથી. એ તો આ લોકમાં અમે પ્રાકૃત બાળકની માફક આચરણ કરીએ છીએ. પણ અમે સદા તેજોમય જ છીએ. એમાં આજે અમે તમને થોડું તેજ દેખાડ્યું. એમાં તમે શા માટે બીઓ છો ?" એમ કહી સઘળું તેજ પોતાને વિષે લીન કરી દીધું.

"ઐશ્વર્ય સામર્થી અને, કોટિ રવિ સમ તેજ છે;
મનુષ્યને સાદશ્ય થાવા, પ્યાર દિલે સહેજ છે."

## હું મારા મુક્તો સહિત પ્રગટીશ

ભક્તિમાતા ઘનશ્યામ પ્રભુને ખોળામાં સુવડાવી તેમની સાથે માનુષિક ચેષ્ટા કરતાં ગમ્મત કરતાં હતાં. ઘનશ્યામ પ્રભુના પેટ પર આંગળી ફેરવી ઘનશ્યામને ખૂબ હસાવતા હતાં. ઘનશ્યામ પણ ખડખડાટ હસતા હતા. તે જોઈ ધર્મદેવ તથા રામપ્રતાપભાઈ બોલ્યા કે, ‘‘એમને બહુ હસાવશો નહિ, પેટમાં દુખશે.’’

એટલું કહ્યું ત્યાં તો ઘનશ્યામ પ્રભુના નાભિકમળમાંથી જાણે તેજનો સમુદ્ર નીકળ્યો. ને દસે દિશામાં તેજ ભરાઈ ગયું. તેજને વિષે કોઈ ઐશ્વર્યાર્થીને દીઠા. તેમણે ધર્મ-ભક્તિ તથા રામપ્રતાપભાઈની ખૂબ સરભરા કરી. પૂજન કર્યું. પછી હાથ જોડી નમસ્કાર કરી બોલ્યા, ‘‘હે ધર્મ-ભક્તિ ! તમે ખૂબ કૃપાવંત છો. કેમ કે આપને ત્યાં સ્વયં પુરુષોત્તમનારાયણ પ્રગટ થયા છે. અનંત સાધને કરીને પણ એમની પ્રાપ્તિ થતી નથી. તે કૃપા કરીને આપને ત્યાં પ્રગટીને આ લોકમાં પુત્ર રૂપે સુખ આપે છે. તે જ એમની અચરજકારી લીલા છે.

મને જ્યારે આ બ્રહ્માંડમાં મોકલવામાં આવ્યો ત્યારે કહ્યું હતું કે, આ બ્રહ્માંડની અડધી આવરદા થશે ત્યારે હું મારા મુક્તે સહિત તમારા બ્રહ્માંડમાં પ્રગટીશ અને અનંત જીવોનો ઉદ્ધાર કરીશ. તે વાત આ બ્રહ્માંડમાં તમારે ત્યાં પ્રગટી સત્ય કરી છે.

માટે હે ધર્મદેવ ! આ કોઈ અન્ય બાળક જેવા બાળક નથી, અન્ય મનુષ્ય જેવા મનુષ્ય પણ નથી, અન્ય ઐશ્વર્યાર્થી જેવા પણ નથી પરંતુ સર્વ કારણના કારણ સ્વયં પુરુષોત્તમનારાયણ છે. એ જે કાંઈ ચેષ્ટા કરી રહ્યા છે તે દેખાવા માત્ર છે. માત્ર મનુષ્ય લીલા છે જે દેહધારીને દેખાડવા માટે છે. એવો દિવ્યભાવ તેમને વિષે સમજશો તો તમોને એમનું અતિશે સુખ આવશે.’’ એમ કહી સર્વેને વંદન કર્યા અને જે તેજનો સમૂહ હતો તે પાછો બાળ ઘનશ્યામ પ્રભુને વિષે સમાઈ ગયો.

## રામપ્રતાપભાઈનો વિવાહ

ધર્મ-ભક્તિના મોટા પુત્ર રામપ્રતાપભાઈ બાર-તેર વર્ષની ઉંમરના થયા. તેમનો વિવાહ કરવાનું નક્કી કર્યું. છપૈયાની પશ્ચિમે નાનકડું તરગામ છે. ત્યાંના જમીનદાર સરવરિયા બળદેવ દુબેની (દ્વિવેદીની) શુભગુણ સંપન્ન દીકરી હતી. તેમનું નામ સુવાસિની દેવી હતું. તેઓ પ્રભુના સંકલ્પનાં જ પાત્ર હતાં. અને તેથી રામપ્રતાપભાઈનાં સુવાસિનીદેવી સાથે લગ્ન લેવાયાં. ધર્મદેવ તથા

ભક્તિમાતાએ આ માંગલિક અવસર સાત્ત્વિકતાથી ખૂબ રૂડી રીતે પાર પાડ્યો.

સુવાસિનીદેવી છપૈયા પધાર્યાં. ઘનશ્યામ પ્રભુ અવરભાવમાં એ વખતે એક વર્ષના હતા. સુવાસિનીદેવી પર મહાપ્રભુની અઢળક કૃપા જ કહેવાય કે તેમને બાળ ઘનશ્યામ પ્રભુની ખૂબ સેવા મળવાની હતી. એમનાં દિવ્ય ને પ્રાકૃતચરિત્ર માણવા મળવાનાં હતાં. એમની દિવ્ય લીલાના સાક્ષી, ભાગીદાર થવાનું મળવાનું હતું. બાળ ઘનશ્યામ પ્રભુને રમાડવા, જમાડવા, લાડ લડાવવા, પોઢાડવા, નવડાવવા, કપડાં પહેરાવવાં વગેરે અનેક સેવાનું દિવ્ય સુખ પ્રાપ્ત થવાનું હતું. દિવ્યાતિદિવ્ય બાળપ્રભુની અલૌકિક સેવા કોને મળે ? એ તો જે સંકલ્પના પાત્ર હોય તેમને જ મળે ને !! જેથી સુવાસિનીદેવીને આ નાનકડા બાળપ્રભુમાં સહેજે દિવ્યતા જણાઈ આવી. તેમને ઘનશ્યામ પ્રભુ સાથે અતિશે દિવ્ય સ્નેહની ગાંઠ બંધાઈ ગઈ.

જેથી તેઓ ઘનશ્યામ પ્રભુનો દિવ્યભાવે મહિમા સમજી ખૂબ પ્રીત કરવા લાગ્યાં. સુવાસિનીભાભી ઘનશ્યામ પ્રભુને ઘડીભર પોતાનાથી અળગા ન કરતાં. હંમેશાં પોતાની નજર સમક્ષ જ એમને રાખતા. એમની સેવામાં, એમને સાચવવામાં, જમવા, ઊઠવા, બેસવા, રમવામાં ક્યાંય કસર ન રહી જાય તેની તકેદારી રાખતાં. પોતાનું સઘળું વાત્સલ્ય નાનકડા બાળપ્રભુ પર રેડી દેતાં હતાં. આ જોઈ ઘનશ્યામ પ્રભુ પણ એમની ઉપર પ્રસન્નતા વરસાવતા ને અવનવાં બાળચરિત્રો કરી સુવાસિનીભાભીને વિસ્મય પમાડી ખૂબ સુખ આપતા.

સમય સરકતો જતો હતો. બાળ ઘનશ્યામ પ્રભુ રોજ અવનવી લીલાઓ કરી પોતાનું સર્વોપરીપણું ને દિવ્યપણું જણાવતા હતા. એમ કરતાં કરતાં ઘનશ્યામ પ્રભુને બે વર્ષ પૂરાં થયાં.

## અમે દિવ્ય તેજોમય છીએ

ઘનશ્યામ પ્રભુને આજે ભારે ભારે વસ્ત્રો-આભૂષણો પહેરાવવામાં આવ્યાં હતાં. બાળ ઘનશ્યામ પ્રભુનું સ્વરૂપ મનમોહક, કામણગારું શોભી રહ્યું હતું. તેઓ આજે ખૂબ રૂપાળા દીસતા હતા. જે કોઈ એમનાં દર્શન કરે કે તુરંત એમનું ચિત્ત બાળપ્રભુ તરફ આકર્ષાઈ જતું હતું.

બાળ ઘનશ્યામ પ્રભુ તો આવી રીતે સુંદર સજી-ધજી બજારમાં આવ્યા. બજારમાં હરતાં-ફરતાં સહુ નર-નારીઓની વૃત્તિ પ્રભુ પોતાના સ્વરૂપમાં ખેંચી રહ્યા હતા.

જે કોઈ સુંદર બાળ ઘનશ્યામનાં દર્શન કરતા તેઓ ત્યાં ને ત્યાં કાષ્ઠવત્ સ્થિર બની ઊભા રહી જતા ને એમનાં દર્શનમાં મગ્ન થઈ જતા. તો કેટલાક એમના મોહક સ્વરૂપનાં દર્શન કરતાં જ અભિભૂત થઈ જતા હતા.

એવામાં બંસીધર હલવાઈની પુત્રી રામકુંવરે જ્યાં ઘનશ્યામનાં દર્શન કર્યાં ત્યાં તેને સમાધિ થઈ ગઈ. ઘણીક વાર સુધી તે સમાધિમાં રહીને પછી સમાધિમાંથી બહાર આવી. ત્યાં તો તે ઘનશ્યામ પ્રભુને પગે લાગીને બોલી જે, ‘‘અહો ! આ ઘનશ્યામબાબુ તો દિવ્ય તેજોમય તેજના સમૂહ મધ્યે બિરાજે છે ને એમના જેવા (પુરુષોત્તમરૂપ) બીજા અનેક મુક્તોનાં દર્શન પણ મને થયાં.

“અક્ષરધામમાં ગઈ’તી આજ રે, તમને જોયા ત્યાં મહારાજ રે;
તેજોમય દિવ્ય સિંહાસન રે, તે પર બેઠા ધર્મનંદન રે,
બીજા અનેક તમારા જેવા રે, બેઠા સિંહાસન પાસે એવા રે.”[૧૧]

આ ઘનશ્યામબાબુ ભલે અહીં (અવરભાવમાં) બાળ સ્વરૂપે આવા સુંદર લાગે, પણ તેઓ તો સદા દિવ્ય તેજોમય અલૌકિક મૂર્તિ છે. આપણને તો તે મનુષ્ય જેવા ભાસે છે. પણ તેઓ એવા નથી.’’ આ સાંભળી બાળ ઘનશ્યામ પ્રભુ પણ મંદ મંદ હસતા જાણે કહી રહ્યા હતા કે, ‘તમે અમારા અવરભાવના રૂપમાં મોહ પામ્યાં હતાં. અમારાં વસ્ત્ર-અલંકારની શોભામાં ગુલતાન થયાં હતાં, જે ખરેખર અમારી શોભા નથી. તમે આવાં અમારાં દેખાતાં દર્શનમાં રાચો એ અમને પસંદ નથી. અમે જેવા છીએ તેવા ઓળખો ને એવાં ભાવથી દર્શન કરો તો જ અમને ગમે. ને તો જ અમે રાજી થઈએ.’

વાહ પ્રભુ ! આપે અમને સૌને આ રામકુંવર દ્વારા કેવો આદેશ આપી દીધો કે, વર્તમાનકાળે જે પ્રતિમાનાં તમને દર્શન થાય છે, અમને એવાં વાઘા-વસ્ત્ર-અલંકારે સહિતના પ્રતિમા જેવા ન સમજશો, દિવ્ય તેજોમય જાણીને દર્શન કરશો તો તમે પણ એવા જ થશો.

## ભક્તિમાતાને બધાં ધામો દેખાડ્યાં

ભક્તિમાતાને ઘનશ્યામ પ્રભુ સાથે અતિ સ્નેહ હતો એટલે એમના વગર એમને ઘડીયે ન ચાલે. એમને વિષે દિવ્યભાવ પણ ઘણો. ક્યારેક ક્યારેક ઘનશ્યામ પ્રભુ સાથે અતિ સ્નેહ જણાવી ઘનશ્યામને ખૂબ રમાડે. ખૂબ હસાવે. તેમાં ક્યારેક

૧૧. શ્રી ઘનશ્યામલીલામૃતસાગર : તરંગ-૧૭

પુત્રભાવ પણ પ્રગટે તો ક્યારેક જાણપણું પણ રાખે કે આ તો સ્વયં શ્રીહરિ છે.

આજે ભક્તિમાતાએ ઘનશ્યામ પ્રભુને કહ્યું, "તમે સર્વના કારણ છો, સર્વના નિયંતા છો, સર્વે ધામોના ધામી છો તો અન્ય ધામોનાં તથા તે ધામના અધિપતિનાં દર્શન કરાવો ને !" આ સાંભળી ઘનશ્યામ પ્રભુ ઘડીક માતા સામું જોઈ રહ્યા.

માતાની પ્રાર્થનાને અવગણી નહિ પણ સમાધિ કરાવીને ઘનશ્યામ પ્રભુ તથા ભક્તિમાતા એક પછી એક ધામમાં જતાં હવાં.

ત્યાંથી પછી બદરિકાશ્રમને વિષે ગયાં. ત્યાં અક્ષરાધિપતિને પધારેલા જોઈ બધાને ખૂબ આશ્ચર્ય થયું. તેઓ માની શકતા નહોતા કે સ્વયં પુરુષોત્તમનારાયણ અમને દર્શન આપવા પધાર્યા છે. તેઓ આનંદિત થયા. તેમણે ઘનશ્યામ પ્રભુ અને ભક્તિમાતાનું ભાવથી પૂજન-અર્ચન કરી આશિષ માંગ્યાં.

ત્યાંથી ઘનશ્યામ પ્રભુ આગળ અને પાછળ ભક્તિમાતા એમ તેઓ શ્વેતદ્વીપમાં ગયાં. ત્યાં અનેક નિરન્નમુક્તો હતા. સ્વયં અક્ષરધામના અધિપતિ પધાર્યા છે એવું જાણી શ્વેતદ્વીપપતિ વાસુદેવ પણ પોતાના અનેક નિરન્નમુક્તો સાથે શ્રીહરિનું સ્વાગત કરવા સામે ચાલીને પધાર્યા. ઘનશ્યામ પ્રભુને શ્વેતદ્વીપપતિએ આસન આપીને બેસાર્યા. તેમજ બંનેનું સન્માન કરીને રાજી કર્યાં.

ત્યારબાદ ઘનશ્યામ પ્રભુ ભક્તિમાતા સાથે મૂળઅક્ષરના ધામમાં પધાર્યાં. આદિ સૃષ્ટિકર્તા મૂળઅક્ષરે પણ અક્ષરધામ નિવાસી પ્રભુ પધાર્યા જાણી આશ્ચર્ય અનુભવ્યું.

આ બધાં મહાપ્રભુની અન્વય શક્તિ વડે ઐશ્વર્યનાં સુખે સુખિયા છે આ જોઈ, ઘનશ્યામ પ્રભુનો કેવો મહિમા છે ! કેવી એમની સામર્થી છે ! એ જોયું-જાણ્યું ત્યારે ભક્તિમાતાને ફરી એક વાર પ્રતીતિ થઈ કે આ તો સર્વ કારણના કારણ છે.

ત્યાંથી પછી ભક્તિમાતાને અક્ષરધામનાં દર્શન કરાવ્યાં. અનેક પુરુષોત્તમરૂપ મુક્તોનાં દર્શન પણ કર્યાં, તેજના સમૂહને મધ્યે તેજોમય મૂર્તિ એવા પૂર્ણ પુરુષોત્તમનારાયણનાં દર્શન કર્યા પછી સમાધિમાંથી બહાર નીકળી અવરભાવમાં ઘનશ્યામ પ્રભુની સામું જોયું. ત્યાં તો થોડી વારમાં ઘનશ્યામ પ્રભુનો મનુષ્યભાવ અદશ્ય થયો ને તેજના સમૂહ મધ્યે દિવ્ય સ્વરૂપનાં દર્શન થયાં. ધામનું સ્વરૂપ તથા મનુષ્ય સ્વરૂપ બે ન રહ્યાં. બે છે જ નહીં; એક જ છે તે વાતની પ્રતીતિ થઈ.

આવું અદ્‌ભુત ઐશ્વર્ય જોઈ ભક્તિમાતા આશ્ચર્ય પામી ગયાં. થોડી વારમાં દિવ્યભાવ (પરભાવ) દૂર થતાં જોયું તો ઘનશ્યામ પ્રભુ તો એમના ખોળામાં

મનુષ્યભાવ (અવરભાવ) જણાવી ભક્તિમાતા સામું ટગર ટગર જોઈ મંદ મંદ હાસ્ય કરી રહ્યા હતા.

## ભૂલાં ન પડતા હોં !

ઘનશ્યામ પ્રભુએ આજે અજબ ચરિત્ર કર્યું. ઘનશ્યામ પ્રભુ પોતે ભાંખોડિયાંભેર ચાલતાં ચાલતાં ઘરમાં ઓરડામાં જતા હતા. વચ્ચે ઉંબરો આવ્યો. ઉંબરો ઓળંગી શક્યા નહિ તેથી ત્યાં અટકી ગયા. ઉંબરો ઓળંગવા તેઓ મથામણ કરવા લાગ્યા. ઉંબરા પર ચઢી તો ગયા પણ ઊતરતી વખતે તેઓ ગુલાંટ ખાઈ ગયા. ગબડતાં ગબડતાં થોડીઘણી ક્યાંક પછડાટ વાગી હશે તેથી ઊંચા અવાજે રડવા લાગ્યા.

ભક્તિમાતાએ રસોડામાંથી ઘનશ્યામ પ્રભુના રડવાનો અવાજ સાંભળ્યો અને ઝડપથી બહાર આવ્યાં. ઘનશ્યામ પડી ગયા હતા તેને ઊંચકી લીધાં ને વહાલ વરસાવી કહેવાં લાગ્યાં, “ખમ્મા મારા લાડીલા લાલને ! અરરર... મારો લાડલો ઉંબરેથી પડી ગયો..??? તમને કાંઈ વાગ્યું તો નથી ને !” એમ કહી એમના શરીરે જોવા લાગ્યાં.

ત્યારે ઘનશ્યામ પ્રભુ પોતાની અલૌકિકતા છતી કરતાં બોલ્યા, “દીદી ! અમે કોઈ દિવસ પડીએ એવા નથી. અમે તો ક્ષર-અક્ષર થકી પર પુરુષોત્તમ છીએ. આ તો અમારું માત્ર મનુષ્યચરિત્ર હતું. અમે તો અનેક પડેલા જીવો છે તેને બેઠા કરવા ને માયામાં ગોથાં ખાતા જીવોને બહાર કાઢી જીવોનું કલ્યાણ કરવા જ આવાં ચરિત્રો કરીએ છીએ. દીદી ! જોજો તમે પણ અમારાં આવાં ચરિત્રો જોઈ ભૂલાં ન પડતાં હો.” એમ કહી જાણે ઘડી પહેલાં કશું જ ન બન્યું હોય તેમ ખિલખિલાટ હસવા માંડ્યા. તે જોઈ ભક્તિમાતાથી પણ હસ્યા વિના ન રહેવાયું.

## મૃત્તિકા ખાધી

બાળ ઘનશ્યામ પ્રભુ અદલ મનુષ્યના જેવી જ ચેષ્ટા કરતા. અન્ય નાના બાળકની જેમ આજે ઘનશ્યામ પ્રભુએ પણ અદ્‌ભુત બાળચેષ્ટા કરી. જો કે એમના પ્રાકૃતચરિત્રમાં પણ જરૂર કોઈક હેતુ રહેલો હોય. તેમાં પણ દિવ્યચરિત્ર કરી દિવ્યભાવ જણાવતા હોય.

ઘનશ્યામ પ્રભુ ભાંખોડિયે ભાંખોડિયે ચાલી ઘરના આંગણામાં આવી પહોંચ્યા. વૃક્ષની નીચે બેસી જમીન પર પડેલું એક માટીનું ઢેફું એમણે હાથમાં લીધું. અન્ય બાળકોની જેમ તેમણે પણ માટીનું ઢેફું મુખમાં મૂકી ખાવાનું શરૂ કર્યું. ભક્તિમાતા

આ ચેષ્ટા દૂરથી જોઈ ગયાં. ભક્તિમાતાએ બહેન ચંદનને કહ્યું, “ચંદન ! જો તો ઘનશ્યામ બહાર ફળિયામાં બેઠા બેઠા મૃત્તિકા ખાય છે કે શું ? તપાસ કરો તો !”

ચંદનમાસી દોડી ઘનશ્યામ પ્રભુ પાસે આવ્યાં. જોયું તો ખરેખર ઘનશ્યામ પ્રભુ મૃત્તિકા આરોગતા હતા. ચંદનમાસીએ ઘનશ્યામના હાથમાંથી માટીનું ઢેફું લઈ ફેંકી દીધું ને થોડી ખીજ કરીને કહ્યું, “માટી ખાતાં શીખ્યા છો કે શું ?” એમ કહી ઘનશ્યામ પ્રભુના મુખમાં આંગળી નાખી ખાધેલ મૃત્તિકા બહાર કાઢી. હજુ માટી અંદર રહી ગઈ નથી ને તે જોવા સારુ તેમનું મુખ પહોળું કર્યું.

ત્યાં તો ઘનશ્યામ પ્રભુએ આશ્ચર્ય સર્જ્યું. પોતાનો અદ્‌ભુત પ્રૌઢ પ્રતાપ જણાવ્યો. ચંદનમાસીને મુખમાં અનંતકોટિ બ્રહ્માંડો દેખાડ્યાં. પૃથ્વીથી માંડી અનંત અક્ષરકોટિ સુધીનાં અનંત ધામ અને ધામીનાં દર્શન કરાવ્યાં. ચંદનમાસી તો સમાધિ થઈ ગઈ હોય તેમ સ્થિર થઈ ગયાં. થોડી વાર પછી ઘનશ્યામ પ્રભુએ લીલા સંકેલી લીધી.

ચંદનમાસી આ અલૌકિક ઐશ્વર્ય જોઈ આનંદ પામી ગયાં. તેમણે ઘનશ્યામની માફી માગી ને કહ્યું, “તમારે વિષે અન્ય બાળક જેવો પ્રાકૃતભાવ પરઠ્યો હોય તો માફ કરી દેજો ને મારી પર રાજી રહેજો. આપ જેવા દેખાવ છો તેવા નથી જ ! અને જેવા છો તેવા અમે દેખી શકતા નથી..!

ભલે આપ અમારી આંખે કરીને દેખાવ આવા પણ તમને દિવ્ય સમજી શકીએ. તમારે વિષે પ્રત્યક્ષ ભગવાનપણાનો નિશ્ચય સદા રહે તેવી દિવ્યબુદ્ધિનો યોગ અમને જરૂર આપજો.”

## વિસાર્યા તો વિઘ્ન

એક દિવસ ઘનશ્યામ પ્રભુને રમાડવા લક્ષ્મીબાઈને આપી ભક્તિમાતા પોતે ઘરના કામકાજમાં પરોવાઈ ગયાં. લક્ષ્મીબાઈ ઘનશ્યામને રમાડતાં હતાં. પરંતુ તેઓને ઘનશ્યામ પ્રભુને વિષે બાળકપણાનો ભાવ. એમને અચાનક યાદ આવ્યું કે, ‘હું ઘરે ચૂલા પર દૂધ ગરમ કરવા મૂકીને આવી છું. દૂધ ઊભરાઈ જશે તો !’ તેઓ ઘનશ્યામ પ્રભુને તેડી પોતાના ઘરે આવ્યાં. ઘનશ્યામ પ્રભુને ઓસરીમાં રમતા મૂકી પોતે રસોડામાં ગયાં. ચૂલા પરથી દૂધ ઉતારી લીધું ત્યાં એમને જમવાનો સંકલ્પ થયો તેથી દૂધ-ખીચડી જમાડવા બેઠાં. તેઓ ઘનશ્યામ પ્રભુને વીસરી ગયા કેમ કે મહાત્મ્ય નહોતું ને ?

ઘનશ્યામ પ્રભુ ઓસરીમાં એકલા રમી રહ્યા હતા. અસુર કાલીદત્તે જાણ્યું કે આજે ઘનશ્યામ એકલા રમી રહ્યા છે. તેને મારવાનો મોકો છે. તેણે આસુરી માયા પેદા કરીને મિત્ર ભૈરવદત્તને વંટોળિયા સ્વરૂપે મોકલ્યો. છપૈયાને વિષે ભયંકર વંટોળિયો ચડ્યો. ચારેબાજુ ધૂળની ડમરીના ગોટા ઊડવા લાગ્યા. ઝાડ-પાન ખડખડવા લાગ્યાં. કેટલાંય ઝાડ મૂળસોતાં ઊખડી ભોંય ભેગાં થઈ ગયાં એવું ભયંકર વિનાશક વાતાવરણ સર્જાયું. એ જ વખતે એ અસુર આવી બાળ ઘનશ્યામ પ્રભુને ઓસરીમાંથી ઊંચકીને આકાશ માર્ગે ચાલ્યો.

ભક્તિમાતા ચારેબાજુ અંધારું જોઈ બેબાકળા બની ઘરની ઓસરીમાં આવ્યાં. ત્યાં લક્ષ્મીબાઈ તથા ઘનશ્યામને ન દીઠાં એટલે લક્ષ્મીબાઈના ઘરે ગયાં. લક્ષ્મીબાઈને પૂછ્યું, ‘‘મારા ઘનશ્યામ ક્યાં ?’’ લક્ષ્મીબાઈએ જોયું તો ઓસરીમાં ઘનશ્યામ પ્રભુ ન મળે ! લક્ષ્મીબાઈએ કહ્યું, ‘‘ઘનશ્યામને ઓસરીમાં રમતા મૂકી હું રસોડામાં હતી ને કામમાં ઘનશ્યામને ભૂલી ગઈ. હવે, ખબર નથી રહી કે ઘનશ્યામ ક્યાં હશે ? કોણ લઈ ગયું હશે ?’’

ભક્તિમાતા તો ગભરાઈને રુદન કરવા લાગ્યાં. આજુબાજુના લોકો બધા એકઠા થઈ ગયા. તેમાં કોઈએ કહ્યું, ‘‘ઘનશ્યામ પ્રભુને તો અસુર આકાશ માર્ગે લઈ જતો મેં જોયો હતો.’’ આ સાંભળી સહુ ચિંતાતુર થઈ ગયા.

આ બાજુ અસુર ઘનશ્યામ પ્રભુને આકાશમાં લઈ જતો હતો. તેથી ઘનશ્યામ પ્રભુએ શરીરમાં એટલું બધું વજન વધારી દીધું કે અસુરને વજન ઉપાડવું કષ્ટ થઈ પડ્યું. તેને થયું કે આ તો કોઈ મોટી પાષાણની શિલા જેટલું વજન છે. તેથી મૂકી દેવાનો પ્રયત્ન કર્યો પણ ઘનશ્યામ પ્રભુની ઇચ્છા ન હતી તેથી મૂકી શક્યો નહીં. ઘનશ્યામ પ્રભુએ અસુર તરફ કરડી નજર કરી. એટલે અસુર ત્યાં જ મરણને શરણ થયો. ને તુરત જ વંટોળિયો શાંત થઈ ગયો. ઘનશ્યામ પ્રભુ પણ સહુ રુદન કરતા હતા ત્યાં આવી પહોંચ્યા.

ભક્તિમાતા તો ઘનશ્યામ પ્રભુને હેમખેમ જોઈ રાજી રાજી થઈ ગયાં. તેમણે પૂછ્યું, ‘‘તમે ક્યાં હતા મારા લાલ ? તમને શું થયું હતું ? તમને કોણ ઉપાડી ગયું હતું ?’’ ભક્તિમાતા તથા લક્ષ્મીબાઈ તરફ ઠાવકું મોં રાખી ઘનશ્યામ પ્રભુએ કહ્યું, ‘‘અમને ભૂલી જવાય, અમને ગૌણ કરવામાં આવે કે અમને વીસરી જવામાં આવે તો વિઘ્ન જ આવે ને ?’’ ભક્તિમાતા તથા લક્ષ્મીબાઈ સમજી ગયાં કે આપણે ઘનશ્યામ પ્રભુને વિસાર્યા ને એટલે જ વિઘ્ન થયું છે.

તેમણે ઘનશ્યામ પ્રભુની માફી માગતાં કહ્યું, ‘‘હવે ક્યારેય કોઈ પણ ક્રિયામાં

અમો તમને વિસારીશું નહીં..!!" ઘનશ્યામ પ્રભુએ તેમને માફ કરતાં મર્માળું હાસ્ય વેર્યું. જાણે કહેતા હતા કે, 'આવું થોડું એક જ વખત બન્યું છે..!!'

## ચૌલ સંસ્કાર

ઘનશ્યામ પ્રભુનું ત્રીજું વર્ષ બેઠું. ધર્મ-ભક્તિએ નક્કી કર્યું કે હવે જેઠ વદિ પાંચમે ઘનશ્યામ પ્રભુના બાળકેશ ઉતરાવવા એટલે કે ચૌલસંસ્કાર વિધિ કરવો.

તેથી તેમણે આનંદ, ઉત્સાહ ને ઉમંગથી સગાંસંબંધીઓને પત્ર લખી બોલાવ્યાં. સગાંસંબંધીઓ તથા પુરવાસીઓ સહુ ભેગાં મળી આ પ્રસંગને માણતાં મંગળ ગીતો ગાવા લાગ્યાં. સૌના ઉરે પ્રભુભક્તિનો આનંદસાગર લહેરાવા લાગ્યો. ઘનશ્યામ પ્રભુને લઈ સહુ નારાયણ સરોવર ઉપર આવ્યા. ભક્તિમાતા ઘનશ્યામ પ્રભુને ખોળામાં લઈ કેશ ઉતરાવવા બેઠાં.

ઝમઈ નામના વાળંદને પ્રભુના કેશકર્તનની સેવા બજાવવા મળી તેથી તે આનંદ પામતા હતા. ઝમઈએ ઘનશ્યામ પ્રભુનું મસ્તક પલાળી અસ્ત્રો હાથમાં લઈ મુંડન શરૂ કર્યું. પ્રભુએ વિચાર્યું કે આ મારી સેવા કરે છે. મારા સંગમાં આવનારને હું મારા સ્વરૂપની ઓળખાણ કરાવું છું. તો આના પર પણ કૃપા કેમ ન કરું ? એમ પોતાનો નિશ્ચય કરાવવા લીલા શરૂ કરી.

તેથી તે જ વખતે ઝમઈને ઘનશ્યામ પ્રભુ દેખાતા જ બંધ થઈ ગયા. પ્રભુ પોતે અદૃશ્ય થઈ ગયા. ઝમઈ તો હાથમાં અસ્ત્રો લઈ બેસી જ રહ્યા ને મૂંઝાઈને ચારેબાજુ જોવા લાગ્યા. ભક્તિમાતાને પણ નવાઈ લાગી કે ઝમઈ ઘનશ્યામની હજામત કરતા બંધ કેમ થઈ ગયા ? ભક્તિમાતા તો ઘનશ્યામને ખોળામાં બેઠેલા દેખતાં હતાં. તેથી તે બોલ્યાં, "ઝમઈ ! તમે બેસી કેમ રહ્યા છો ! જલદી મુંડન પૂરું કરો, મોડું થાય છે." ઝમઈએ કહ્યું, "પણ બા ! ઘનશ્યામ ક્યાં છે ? તેઓ તો અદૃશ્ય થયા છે. મને દેખાતા જ નથી ને ! કઈ રીતે હજામત પૂરી કરું ?"

ભક્તિમાતા સમજી ગયાં કે, 'નક્કી ઘનશ્યામ પ્રભુએ અલૌકિક ચરિત્ર શરૂ કર્યું લાગે છે.' ભક્તિમાતાએ પ્રાર્થના કરી કે, "હે ઘનશ્યામ ! કૃપા કરી આપની દિવ્ય લીલા સંકેલી ઝમઈને દર્શન આપો. જુઓ, તમે આ અડધી હજામતમાં કેવા લાગો છો ? તમને આ નથી શોભતું. ઝમઈને હજામત પતાવી લેવા દો."

બાળ ઘનશ્યામ પ્રભુએ કાલું કાલું બોલતાં કહ્યું, "પણ દીદી ! આ અસ્ત્રો મને બહુ વાગે છે. મારા વાળ ખેંચાય છે." ઝમઈને પોતાની ભૂલ ઓળખાઈ. તેમણે

તુરત અસ્ત્રો બદલી નાખ્યો. પછી પ્રાર્થના કરતાં બોલ્યા કે, ‘‘ઘનશ્યામ ! તમે રાજી રહેજો. આપે કૃપા કરી મને સેવા આપી, પણ હું અન્ય બાળકની જેમ જ આપને સમજતો હતો. મને ખબર નહિ કે આપ મનુષ્ય નહિ પણ સર્વોપરી ભગવાન છો. હવે હું આપની દિવ્યભાવે સેવા કરીશ. માટે મને દર્શન આપો.’’ ઘનશ્યામ પ્રભુ દિલના દયાળુ હતા. તેમણે તરત ઝમઈને દર્શન આપ્યાં. ઝમઈએ હવે કાળજી રાખી. દિવ્યભાવ સોતી સેવા કરી. ઘનશ્યામ પ્રભુની હજામત પૂર્ણ કરી.

ઝમઈને આટલી નાનકડી સેવાના બદલામાં ઘનશ્યામ પ્રભુને વિષે ભગવાનપણાનો નિશ્ચય થયો હતો. તેમને હવે ઘનશ્યામ પ્રભુ માટે ધર્મ-ભક્તિના પુત્ર તરીકેની નહિ ભગવાનપણાની પ્રતીતિ થઈ ચૂકી હતી. તેઓ સેવા પૂર્ણ કરી વંદન કરતા ને આનંદ પામતા ચાલ્યા ગયા.

વાહ ! ઘનશ્યામ પ્રભુ ! તમે માત્ર નાનકડી સેવાના બદલામાં આપના દિવ્યાતિદિવ્ય કારણ સ્વરૂપનું પ્રદાન કરો છો ! કૃપા કરી સહેજે નિશ્ચય કરાવો છો ? આપ કેટલા બધા દયાળુમૂર્તિ છો..? એટલે તો કહ્યું છે ને...

“મનુષ્યભાવ દિવ્ય પરમાણી, અલૌકિક મહિમા ઉર આણી;
કર્યું જેણે હેત તે સાથે, જન્મમરણ નથી માથે.”

## કાલીદત્તનું કાસળ

છપૈયામાં ધર્મદેવની પ્રતિષ્ઠા ચોમેર પ્રસરી ચૂકી હતી. ને વળી ઘનશ્યામ પ્રભુને વિષે પણ લોકો અસાધારણ પ્રેમ દાખવતા તેમજ તેમને કોઈ બાળક નહિ, અવતાર નહિ; પણ અવતારી એવા મહાપ્રભુનાં દર્શન થતાં ને એમ જ માનતા હતા. તેથી કેટલાક દ્વેષી લોકો દાઝે બળી મરતા ને ઈર્ષ્યાવૃત્તિથી પીડાતા હતા. કેટલાય તો ધર્મદેવનો પરિવાર કેમ હેરાન થાય તેના વારંવાર પેંતરા પણ રચતા હતા.

તેમાં એક કાલીદત્ત નામનો અસુર હતો. તે હરહંમેશ ઘનશ્યામ પ્રભુને રંજાડવાના ને મારવાના પેંતરા રચતો. તેણે જ ઘનશ્યામ પ્રભુના પ્રાગટ્યના છઠ્ઠા દિવસે કોટરા આદિક રાક્ષસીઓને મોકલી હતી. તેના તમામ પાસાં ઘનશ્યામ પ્રભુ અવળાં પાડી દેતાં, તેથી તેની મેલી મુરાદ બર આવતી નહીં.

આજે ઘનશ્યામ પ્રભુના ચૌલસંસ્કાર વિધિ પ્રસંગે અનેક સગાંસંબંધી ને મહેમાનો

આવ્યાં હતાં. ભક્તિમાતા તેમની સરભરા કરવામાં ને એમને જમાડવામાં ઓતપ્રોત બન્યાં. અને ઘનશ્યામ પ્રભુને સાચવવા બીજાને સોંપી ભૂલી ગયાં.

"કર્યો મોટો ઉત્સવ તે દિન રે, તેડાવ્યા વિપ્ર ને હરિજન રે;
તેના કામકાજ માંહિ માત રે, ભૂલી ગયાં છે સુતની વાત રે,
પોતે રહ્યાં જન જમાડવા રે, પુત્ર પરને આપ્યો રમાડવા રે."[૧૨]

ઘનશ્યામ પ્રભુ તે જોઈ ત્યાંથી છટકી ગયા ને મિત્રો સંગાથે આંબાવાડિયામાં રમવા માંડ્યા. સહુ બાલમિત્રોને પોતાનો અજબ પ્રતાપ સમયે સમયે દેખાડી સુખ આપી રહ્યા હતા. કાલીદત્ત ત્યાંથી પસાર થયો. તેણે ઘનશ્યામ પ્રભુને એકલાઅટૂલા જોયા. તેણે ઘનશ્યામનો ઘડો લાડવો કરી નાખવો એવું નક્કી કરી પોતાની માયાવી વિદ્યા વડે જોરશોરથી પવન ફૂંકાવાનો શરૂ કર્યો. બધા જ બાલમિત્રો આડાઅવળા વિખેરાઈ ગયા.

ઘનશ્યામ પ્રભુ એકલાઅટૂલા થયા તેથી કાલીદત્ત મારવા માટે નજીક આવ્યો ને અટ્ટહાસ્ય કરી ઘનશ્યામ પ્રભુનો હસ્ત પકડ્યો. પણ પકડતાંની સાથે જ જાણે મહાભયંકર અગ્નિથી દાઝ્યો હોય એવી તેને પીડા થવા માંડી. કાલીદત્ત વધુ ખિજાયો. એણે પોતાની આસુરી માયા ફેલાવી ચારેબાજુ ભયંકર વાવાઝોડું ઉત્પન્ન કર્યું. પવનના સુસવાટા સાથે ધોધમાર વરસાદ ચાલુ થયો. વીજળીના કડાકા અને ભયંકર ગડગડાટ વાતાવરણને ભેંકાર બનાવી રહ્યા હતા. સૌ બાળસખા રોતા-કકળતા ડરીને ભાગી ગયા તો કેટલાક આંબાના ઝાડની ઓથમાં લપાઈ ગયા.

ઘનશ્યામ પ્રભુ પાસે કાલીદત્તે આવી પોતાનું વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું અને જે વૃક્ષ નીચે પ્રભુ બેઠા હતા તે વૃક્ષ ઉપર ચઢી પોતાના વજનથી કડડડ ભૂસ કરતું વૃક્ષને હેઠું પાડ્યું. કાલીદત્તને ક્યાં ખબર હતી કે સર્વનાં નાડીપ્રાણ જેના હાથમાં છે એવા મહાપ્રભુને મારવાનો હું વ્યર્થ પ્રયાસ કરી રહ્યો છું.

કાલીદત્તે તો માન્યું કે આ ઝાડ ઘનશ્યામ પર પડવાથી શત્રુ નાશ પામી જશે. પણ જોયું તો ઘનશ્યામ ઝાડની બખોલ વચ્ચે હસતાં હસતાં બેઠા હતા. દુષ્ટ રાક્ષસના ગુસ્સાનો હવે પાર ન રહ્યો. તેથી પોતાના ભયંકર એવા બંને હાથ લાંબા કરી ઘનશ્યામને જ્યાં પકડવાનો પ્રયત્ન કર્યો છે ત્યાં ઘનશ્યામ પ્રભુએ એવી કરડી નજર કરી કે અસુર ઝંઝાવાતમાં ફંગોળાયો, અથડાયો, કુટાયો અને જોરથી પછડાયો. મોંમાંથી લોહીની ધારા છૂટી અને તે જ મિનિટે તે મરણને

૧૨. ભક્તચિંતામણિ : પ્રકરણ-૧૯

શરણ થયો.

તોફાન શાંત થયું. સખાઓ બહાર આવ્યા ને ચિંતાતુર બની ઘનશ્યામની શોધમાં નીકળ્યા. "ઘનશ્યામ, હે ઘનશ્યામ, વ્હાલા ભૈયા ! તમે ક્યાં છો ? અરર... અમે ભક્તિમાતાને શું જવાબ આપીશું..!" એમ બધા જોર જોરથી રડવા લાગ્યા.

હવે ભક્તિમાતા બધા મહેમાનોની સરભરામાંથી મુક્ત થયાં ત્યારે ઘનશ્યામ સાંભર્યા. ઘરમાં જોયું, શેરીમાં જોયું પણ ક્યાંય ઘનશ્યામ ન દેખાયા. એટલે એકદમ ફાળ પડી. ભક્તિમાતા ધીરજ ગુમાવી બેઠાં. "મારા લાલને કોઈ શોધી લાવો. એમના વગર મારું શું થશે ?" એમ કહી હૈયાફાટ રુદન કરવા લાગ્યાં.

ધર્મપિતા, મામા, મોટા ભાઈ બધા ચિંતાતુર બની શોધવા નીકળ્યા. શોધતાં શોધતાં સૌ આંબાવાડિયામાં આવ્યા. ત્યાં એક ઝાડની બખોલમાં ઘનશ્યામ પ્રભુ આનંદ-કિલ્લોલ કરતા દેખાયા. બાજુમાં જ દુષ્ટ અસુર કાલીદત્તની આંખો ફાટી ગઈ હતી. મોં પહોળું થઈ ગયું હતું. મોંમાંથી લોહી વહી રહ્યું હતું. દાંત પડી ગયા હતા. એવા વિકરાળ સ્વરૂપમાં મરેલી હાલતમાં તેને જોયો.

સૌ આ દૃશ્ય જોઈ આનંદિત થયા. ભક્તિમાતાના હૈયે પણ હાશ થઈ. પણ એમને ખ્યાલ આવી ગયો કે, 'ઘરે પ્રસંગ હતો ને મહેમાનો આવ્યા હતા. તેથી હું તેમની સરભરા કરવામાં ઘનશ્યામ પ્રભુને ભૂલી ગઈ. સગાંસંબંધી, મહેમાનોને મુખ્ય કર્યાં. ને લાડકવાયા ઘનશ્યામને ગૌણ કર્યા. હું ઘનશ્યામને ભૂલી ગઈ એનું જ આ પરિણામ છે. અને એટલે જ આ વિઘ્ન આવ્યું.'

તેમણે ઘનશ્યામ પ્રભુને કહ્યું, "હવે હું તમને કદી ગૌણ નહિ કરું ને કદી તમને ભૂલીને કોઈ ક્રિયા કરીશું નહીં." એમ કરી વ્હાલ કરવા લાગ્યાં ને ઘનશ્યામ પ્રભુનાં ગુણગાન ગાવા લાગ્યાં. બધાને નિશ્ચે થયું કે આ પરાક્રમ તો મહાપ્રભુનું જ હોઈ શકે. એમ ઘનશ્યામ પ્રભુનો ખૂબ ખૂબ મહિમા સમજતાં સૌ ઘર તરફ વળ્યા.

# ૪

# અયોધ્યામાં નિવાસ

## (આ.સં. ૧૮૪૦-૪૧, ઈ.સ. ૧૭૮૩-૮૫)

### અયોધ્યાગમન

"અનેક વિઘ્નો અસુરે કરાવ્યાં, તે દંપતીને દિલમાં ડરાવ્યાં;
ધર્મે વિચાર્યું મન માંહી આવું, હવે રહેવા પુર અન્ય જાવું."[૧૩]

અસુર કાલીદત્તનો નાશ થવાથી ગામને વિષે થોડી રાહત તો થઈ, તેમ છતાં હજુ પણ ઘણા અસુરો હતા તે ધર્મદેવના પરિવારને હેરાન-પરેશાન કરવામાં કોઈ કસર છોડતા નહોતા. દિન-પ્રતિદિન અસુરોનો ત્રાસ વધવાથી ધર્મદેવે વિચાર્યું કે હવે વધુ સમય છપૈયામાં રહેવું હિતાવહ નથી કેમ કે હજુ બાળકો નાનાં હતાં. તેમજ તેમની આજીવિકા પર પણ અસર પડી હતી. તેથી તેમણે છપૈયા છોડી અયોધ્યામાં વસવાનું નક્કી કરી લીધું. હવે ઘનશ્યામ પ્રભુ આ લોકમાં (અવરભાવમાં) ચાર વર્ષના થયા હતા.

ધર્મદેવ, ભક્તિમાતા, બે પુત્રો, સુવાસિનીભાભી તેમજ ઘરવખરીનો સામાન જે કાંઈ વસ્તુઓ લઈ જઈ શકાય એવી હતી તે બધી ગાડામાં ભરી દીધી. એક ગાડામાં ધર્મદેવનો આખો પરિવાર બેઠો ને બીજા ગાડામાં ઘરની ઘરવખરી ભરી.

"જમી પ્રભાતે કરી નિત્યકર્મ, બેઠા રથે રામપ્રતાપ ધર્મ,
સુવાસિની ને સતી ભક્તિમાય, બેઠાં જુદા બે સુખપાલમાંય;
માતાની પાસે ઘનશ્યામ શોભે, શું વ્યોમ પાસે ઘનશ્યામ શોભે,

૧૩. શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૨, વિશ્રામ-૯

ચાલ્યાં સહુ વાત થઈ પ્રકાશ, સૌ ગામનાં લોક થયાં ઉદાસ;
જાણે છપૈયાપુર દેહરૂપ, આત્મા ગયો શ્રીવૃષવંશભૂપ,
લોકો મળી સૌ પુરબાર આવ્યાં, પ્રવાસી સૌને સ્થિર ત્યાં રખાવ્યાં;
સર્વે મળ્યા પુરુષ ધર્મ સાથે, હેતે કર્યું વંદન જોડી હાથે,
નારી નરો બાળક ગામવાસી, દિસે તહાં સૌ દિલમાં ઉદાસી;
ફરી ફરી શ્રીહરિમુખ ભાળે, સૌ આંખમાંથી બહુ આંસુ ઢાળે."[૧૪]

છપૈયાપુરના ગ્રામજનોને ખબર પડી કે ધર્મદેવ પરિવારસહ છપૈયા છોડી અયોધ્યાગમન કરી રહ્યા છે તેથી સૌ હેતવાળા જનો એકઠા થઈ ગયા. ધર્મદેવનું કુટુંબ છપૈયા છોડી રહ્યું છે તે જાણી ઘણાને હૈયે ધ્રાસકો પડ્યો. સૌ નર-નારીને ઘનશ્યામ પ્રભુનું ઘેલું લાગેલું હતું. તેમના પ્રત્યે સવિશેષ સ્નેહ હતો. ઘનશ્યામ પ્રભુ વિના છપૈયામાં શૂનકાર સર્જાઈ જશે. ગામનાં પાદર, સરોવરો, કૂવાઓ, નદીઓ, વૃક્ષો, જંગલો, બાળમિત્રો વગેરે ઘનશ્યામ પ્રભુની હાજરીમાત્રથી જીવંત બની જતાં હતાં તે સ્થળો હવે સાવ નિર્જન ને ભેંકાર ભાસશે. ઘણાય ગ્રામજનોને એમ લાગ્યું કે છપૈયાથી ધર્મદેવનો પરિવાર નથી જતો પણ છપૈયાનું સઘળું સુખ ચાલ્યું જાય છે.

ધર્મદેવના પરિવારજનો ગાડામાં બેસી ગયા. ગાડાવાળાને ધર્મદેવે ગાડું ચલાવવાનું કહ્યું. ગાડું ધીરે ધીરે ચાલવા માંડ્યું. સહુ નર-નારીઓ ઘનશ્યામ પ્રભુના આકર્ષણને લઈને ધીરા ડગલે પાછળ પાછળ આવે છે. ધર્મદેવ સૌને નમીને પાછા વળવાનું કહે પણ નર-નારીઓ કઈ રીતે પાછાં વળી શકે ! ઘનશ્યામ પ્રભુ સહુના પ્રાણ હતા. તેમને જતા જોઈ ઘણાને ગળે ડૂમો ભરાઈ આવ્યો. કોઈ ધીમાં ધીમાં ડૂસકાં લઈ રહ્યું, તો કોઈ પાલવમાં મુખ છુપાવી આંસુઓની ધારાઓને રોકવા મથી રહ્યું હતું. કાળજાના કટકા જેવા ઘનશ્યામ પ્રભુની વિદાય સૌને વસમી થઈ પડી. ઘનશ્યામ પ્રભુ પણ મૂક થયા હતા. તેઓ બેઠા બેઠા વિચારતા હતા કે, ભલે અયોધ્યા જઈએ પણ ત્યાંથી અહીં આવીને અવનવી લીલા કરી છપૈયાવાસીઓને સુખ તો આપવું જ પડશે.

મખોડાઘાટ થઈ ગાડાં સરયૂ કિનારે પહોંચ્યાં. સંધ્યારાણીનું આગમન થઈ ચૂક્યું હતું. સૂરજ પણ અસ્તાચળે અસ્ત થતા પહેલાં ઘનશ્યામ પ્રભુનાં દર્શનની ઝંખનાએ ઘડીક વિસામો કરું એવું વિચારી ધીમે ધીમે આથમતો હતો. ગાડામાંથી સરસામાન ઉતારી સરયૂ નદી પાર કરવા નાવમાં બધો જ સામાન ગોઠવી દેવામાં

---

**૧૪. શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૨, વિશ્રામ-૯**

આવ્યો. ધર્મદેવનો પરિવાર પણ હોડીમાં બેસી સરયૂ પાર કરવા બેઠો.

નાવના ખેવટિયાને આજ અકારણ અંતરે આનંદ વર્તી રહ્યો હતો. વારે વારે ઘનશ્યામ પ્રભુમાં એનું ચિત્ત ચોંટી જતું હતું. ઘનશ્યામ પ્રભુના કામણગારા સ્વરૂપના વધુ સમય સુધી દર્શન થાય, નિરખવા મળે તે માટે નાવને ધીરે ધીરે હલેસાં વડે હંકારતો હતો. તેને નક્કી ઘનશ્યામ પ્રભુને વિષે ભગવાનપણાની આજ પ્રતીતિ થઈ ગઈ હતી. કોઈના કહ્યા વગર, વગર શાસ્ત્રે, વગર ગુરુએ, વગર ઉપદેશે એને ઘનશ્યામ પ્રભુને વિષે સર્વોપરીપણાની ઓળખાણ સાવ એમ જ વગર દાખડે પ્રભુની કૃપાથી થઈ હતી.

સરયૂ નદી પણ આનંદિત થતી, ઊછળકૂદ કરતી શાંત પ્રવાહે વહી રહી હતી. સ્વયં પુરુષોત્તમનારાયણ નિત્ય સરયૂમાં સ્નાન કરીને પાવન કરશે. સરયૂને પ્રભુના ચરણ પખાળવાનો લહાવો મળશે. તેથી સરયૂ પણ હરખઘેલી બની ઉતાવળી ઉતાવળી વહેવા માંડી.

નાવિકે અયોધ્યાના ઘાટ પર ધર્મદેવના પરિવારને ઉતાર્યો. ધર્મદેવ સપરિવાર અયોધ્યાપુરને વિષે પધાર્યા હતા. આખું અયોધ્યા આજે પાવન થવાનું હોય ને પુરુષોત્તમનારાયણની અનંત લીલાઓને મનભરીને માણવા મળશે. તેથી વાતાવરણમાં અચાનક પલટો આવી ગયો. જાણે બધે જ સાત્ત્વિકતા ને દિવ્યતા છવાઈ ગઈ હોય એવો ભાસ થવા માંડ્યો. ધર્મદેવ સપરિવાર અયોધ્યાના શાખાનગર બરહટ્ટામાં પોતાના નિવાસસ્થાને પહોંચ્યા ને પછી તેઓએ ત્યાં જ વસવાટ શરૂ કર્યો હતો.

## મલ્લોનો પરાભવ

અયોધ્યામાં બરહટ્ટા શાખાનગરને વિષે ધર્મદેવના પરિવારમાં ઘનશ્યામ પ્રભુનું અહીં પણ અનેરું આકર્ષણ સૌને થતું. તેઓના નિત્યક્રમ મુજબ વહેલું ઊઠવું, નહાવું, ધોવું, પૂજા, અભ્યાસ વગેરેમાં મગ્ન રહેવા લાગ્યા હતા.

અતિ ભગવત્‌પરાયણ જીવિતવ્ય આવી નાનકડી બાલ્યાવસ્થામાં જોઈ સહુ મુગ્ધ થતા હતા. અહીં તેમણે મલ્લોના અખાડામાં પણ જવાનું શરૂ કર્યું. ત્યાં જઈ કુસ્તી-દાવપેચ શીખતા. અખાડામાં આવતા કેસરીસંગ, ભવાનીસંગ, માનસંગ, રાધેચરણ, શામલાલ તિવારી તથા જંગબહાદુર વગેરે મલ્લો સાથે કુસ્તી કરતા. એક દિવસ નેપાળથી કેટલાક મલ્લો અયોધ્યા આવ્યા. તેમણે ઘનશ્યામ પ્રભુને કુસ્તીદાવ કરતા જોયા. તેમણે પડકાર કર્યો કે, “અમે બધેયથી મલ્લોને જીતીને

ફરતાં ફરતાં અહીં આવ્યા છીએ. તમે અમારી સાથે મલ્લબાજી કરો ને જીતો તો ખરા.''

ઘનશ્યામ પ્રભુએ પડકાર ઝીલી લીધો. સરયૂકાંઠે રામઘાટે ઘનશ્યામ પ્રભુ ને નેપાળના મલ્લોનો કુસ્તીદાવ, જબ્બર જંગ ખેલાયો. ઘનશ્યામ પ્રભુની કુસ્તીની ચતુરાઈ આગળ નેપાળના મલ્લો પરાસ્ત થયા. મલ્લોએ હાર સ્વીકારી લીધી. તેમણે કહ્યું, ''તમે ભલે દેખાવ છો નાના બાળક, પણ તમે બાળક તો નથી જ. જરૂર આપ કોઈ અવતારી પ્રભુ જ છો.''

ઘનશ્યામ પ્રભુએ મોટા મોટા મલ્લોને પરાસ્ત કર્યા હતા. અયોધ્યામાં એ વાતની સૌને ખબર પડી. અયોધ્યાના રાજા રાયદર્શનસિંહના મલ્લો ભીમસંગ, માનસંગ, દિલ્લીસંગને પણ ઘનશ્યામ પ્રભુના કુસ્તીદાવ, મલ્લબાજીની ચતુરાઈની વાહ વાહ સાંભળવા મળી. તેથી તેઓ ઈર્ષ્યાભાવથી સળગી રહ્યા.

તેમણે રાજા રાયદર્શનસિંહને કહ્યું, ''ઘનશ્યામે ભલે બીજા મલ્લોને હરાવ્યા પણ અમારી પાસે એનું ગજું નહીં. અમે એને ચપટીમાં રગદોળી નાખીશું. માટે તમે જાહેરમાં એમની સાથે કુસ્તીદાવ કરાવો. અમે તમારી વાહ...વાહ... કરાવી દઈશું.''

રાજા રાયદર્શનસિંહ ઘનશ્યામ પ્રભુથી પરિચિત હતા. તેમને ખબર હતી કે ઘનશ્યામ એ કોઈ સામાન્ય બાળક નથી. ઘનશ્યામને હરાવવા કે એમને જીતવા એ સહેલું કામ નથી ને અભિમાનીને તો તેઓ સારી રીતે સબક શીખવે છે. ને આ કાર્ય તો સ્વયં પ્રભુનું છે ને તે પ્રભુ જ કરી શકે. એમ રાજાને ઘનશ્યામ પ્રભુ પ્રત્યે દિવ્યભાવ હતો. અહોભાવ હતો.

રાજા રાયદર્શનસિંહના મલ્લોએ ઘનશ્યામ પ્રભુ સાથે જાહેરમાં કુસ્તી કરવાનો ખૂબ આગ્રહ રાખ્યો ત્યારે રાજાએ કહ્યું, ''જોજો હો... તમે નાનકડા બાળક સામે હારીને તમારી ને અમારી ફજેતી ન કરાવતા.'' પણ અભિમાની મલ્લોને પોતાના બાહુબળનું, કસરતી શરીરનું ગુમાન હતું તેથી તેઓ કહેવા લાગ્યા કે, ''ઘનશ્યામને તો અમે ચપટી વગાડતાં જ ભોંય ભેગા કરી દેશું. અમારા કાંડાનાં કૌવત આગળ ઘનશ્યામની શું વિસાત..!'' રાજા રાયદર્શનસિંહે કહ્યું, ''સારું. કુસ્તીદાવની ખબર બધાને આપી દો. ને આ કુસ્તીદાવ જોવા અમે પણ આવીશું. ને જે જીતશે તેને સારો એવો સરપાવ પણ આપીશું.''

રાજાના મલ્લોની ઘનશ્યામ પ્રભુ સાથે કુસ્તીદાવની વાત ઘડીકમાં તો આખા અયોધ્યામાં પ્રસરી ગઈ. બીજા દિવસે બરહટ્ટા શાખામાં આંબલીના વૃક્ષ પાસેના

મેદાનમાં મલ્લો સાથે કુસ્તીદાવ કરતાં ઘનશ્યામ પ્રભુને નિહાળવા તેમજ કોણ હારશે ? કોણ જીતશે ? અભિમાની મલ્લોનું ગુમાન પ્રભુ કેવી રીતે ઉતારશે ? તો મલ્લો ઘનશ્યામને કેવી રીતે ચપટીમાં રગદોળશે ? તે જંગ જોવા અયોધ્યાના રાજા રાયદર્શનસિંહ ને અયોધ્યાવાસીઓ પણ ઊમટ્યા.

ધર્મદેવ-ભક્તિમાતાને આ વાતની ખબર પડતાં તેઓ ચિંતાતુર થયાં. આવડા મોટા ભીમકાય મલ્લો સામે નાનકડા ઘનશ્યામ પ્રભુનું શું થશે ? મલ્લો તો ઘડીકમાં હાડકાં ખોખરાં કરી નાખશે ! ઘનશ્યામ પ્રભુ માતાપિતાની ચિંતા જાણી ગયા. તેમણે કહ્યું, "તમે શું અમને બાળક સમજો છો ? અમે તમારા પુત્ર માત્ર છીએ ? અમે દેહધારી છીએ ? અમે મનુષ્ય જેવા છીએ ? આ બધું તો આ માયિક આંખે દેખાય છે. તમે અમને કેમ ભૂલી ગયા ? અમે તો સાક્ષાત્, સર્વ કારણના કારણ સ્વયં પૂર્ણ પુરુષોત્તમનારાયણ છીએ. ધાર્યું તો બધું અમારું થાય છે. તો દેહધારી મલ્લો અમને શું કરી શકવાના છે ? એના પગનું-હાથનું હાલવું-ચાલવું એ તો અમે જ્યાં સુધી ચાલવા દઈએ ત્યાં સુધી જ ચાલે છે. એની પોતાની મેળે એક તસુ પણ ખસવાની શક્તિ એમની પાસે નથી."

ધર્મ-ભક્તિને આ સાંભળી ધરપત થઈ. હવે એમને ચિંતા રહી નહીં. તેઓ પરિવારસહ ઘનશ્યામ પ્રભુની મલ્લો સાથેની કુસ્તીબાજી-મલ્લબાજીનું દર્શન કરવા પધાર્યાં.

ઘનશ્યામ પ્રભુ પધાર્યા છે એ જાણીને ભીમકાય એવો ભીમસંગ સાથળ પર હાથ પછાડી મોટો અવાજ કરી ગર્જ્યો,"એય છોકરડા ! અહીં વચ્ચે અખાડામાં આવી જા. કોના પગમાં કેટલું જોર છે ને કાંડામાં કેટલું બળ છે તે બધાની સામે હમણાં અબઘડી જ ખબર પડી જશે."

ઘનશ્યામ પ્રભુ તો દેહાભિમાની મલ્લોનું દેહાભિમાન જોઈ મનમાં હસે છે. પામર જીવને ક્યાં ખબર છે કે હું કોની સાથે બડાઈ મારું છું ? ઘનશ્યામ પ્રભુ તો અલમસ્ત બેફિકર થઈ અખાડા મધ્યે પહોંચ્યા. ભીમસંગે મોટી વજનદાર સાંકળ ઉપાડી પોતાના થાંભલા જેવા પગે બાંધી. પછી ઘનશ્યામ પ્રભુને કહ્યું, "આ સાંકળ ખેંચી મને પાડી દેવામાં આવે અગર અહીંથી મારા પગને થોડો પણ ખસેડી દઈશ તો તું મારા કરતાં વિશેષ બળિયો કહેવાઈશ ને જીત્યો પણ ગણાઈશ." એમ કહી અહંકારથી નગરજનો તરફ જોઈ મોટેથી અટ્ટહાસ્ય કરવા લાગ્યો.

ઘનશ્યામ પ્રભુ તૈયાર થયા. મલ્લ પણ પગને વજનદાર કરી અક્કડ થઈ અડીખમ ઊભો રહ્યો. બધાને થયું કે આ ભીમકાય મલ્લના થાંભલા જેવા પગ

સરખા તો ઘનશ્યામ છે. તે કેમ કરીને આ ભીમકાયને ભોંય ભેગો કરી શકશે ? કે એના પગને હલાવી પણ શકશે ? ઘનશ્યામ પ્રભુએ હળવેકથી નીચા નમી સાંકળ હાથમાં પકડી પછી એક જોરદાર ઝાટકો માર્યો. ત્યાં તો જાણે શું થયું, કેમ થયું ? ભીમસંગ હવામાં ફંગોળાયો ને અધ્ધરથી ભોંય પર ચત્તોપાટ પડ્યો. પગે બાંધેલી સાંકળના પણ ત્રણ ટુકડા થઈ ગયા. જોવાવાળી જનમેદની હતી તે સર્વે ઘનશ્યામ પ્રભુનું આવું પરાક્રમ જોઈ ચિત્કારી ઊઠી.

કદાવર ભીમસંગ નાનકડા બાળ ઘનશ્યામ પ્રભુ આગળ પરાસ્ત થતો જોઈ વધુ ક્રોધે ભરાયો. બીજી સાંકળ લઈ ઘનશ્યામના પગે બાંધવાનું કહ્યું. તેને મનમાં એમ કે હું પણ આવી જ રીતે એક ઝાટકે ઘનશ્યામને હવામાં ફંગોળી દઈશ. ઘનશ્યામ પ્રભુએ ચરણમાં સાંકળ બાંધી લીધી ને પછી ભીમસંગને સાંકળ ખેંચવા કહ્યું.

ઘનશ્યામ પ્રભુ તો વિના સંકોચે પગ પૃથ્વી પર ખોડી સ્થિર ઊભા રહ્યા. ભીમસંગે હાથ-પગ પછાડતા ને પોતાની તાકાતનું પ્રદર્શન કરતાં કરતાં સાંકળનો છેડો પકડ્યો. તેણે અટ્ટહાસ્ય કરી જોરથી સાંકળનો ઝટકો માર્યો. પણ આ શું ? ઘનશ્યામ પ્રભુ તો પોતાની જગ્યા પર અડીખમ સ્થિર જ ઊભા હતા. એક તસુ જેટલો પણ એમનો ચરણ ખસ્યો નહીં. તેના બદલે ભીમસંગના જોરદાર ઝાટકાથી સાંકળ તૂટી ગઈ તેથી તે ભયંકર રીતે પાછળ આંબલીના ઝાડ સાથે ભટકાયો ને પછી જમીન પર પટકાયો તેથી લોહીલુહાણ થઈ ગયો. મોઢેથી લોહી નીકળવા માંડ્યું. જમીન પર તે ચત્તોપાટ પડ્યો પડ્યો કણસવા લાગ્યો.

એકઠી થયેલી જનમેદની આ દૃશ્ય જોઈ ઘનશ્યામનો જયજયકાર કરવા લાગી. રાજા રાયદર્શનસિંહે પણ ઘનશ્યામનો જય ઘોષિત કર્યો. તેમણે કેટલાંય કીમતી વસ્ત્રો-આભૂષણો આપી ઘનશ્યામ પ્રભુનો રાજીપો પ્રાપ્ત કર્યો. ત્રણેય મલ્લોની સાન ઠેકાણે આવી ગઈ અને ઘનશ્યામ પ્રભુ પાસે માફી માગતાં બોલ્યા, "અમે આપને ઓળખી ન શક્યા ને આપની સામે અમે દેહાભિમાની થયા તેનું ફળ અમને મળી ચૂક્યું છે. હવેથી ક્યારેય અમે અમારા બાહુબળનું પ્રદર્શન નહિ કરીએ ને એમાં પણ તમારી સામે તો નહિ જ." એમ કરગરવા લાગ્યા. અયોધ્યાવાસીઓ પણ ઘનશ્યામ પ્રભુનું આવું અલૌકિક ચરિત્ર જોઈ અહોભાવથી વંદન કરવા લાગ્યા. ધર્મપિતા તથા ભક્તિમાતા પણ અત્યંત હર્ષ થકા ઘનશ્યામ પ્રભુને ઊંચકી ઘર તરફ જવા નીકળ્યાં.

# બીજાને પ્રાર્થના ??

એક વખત સાંજના સમયે ધર્મદેવ-ભક્તિમાતા અને રામપ્રતાપજી-ઘનશ્યામ પ્રભુ વગેરે ભોજન જમાડવા બેઠાં હતાં. એ સમયે એક અસુર ટોળકી લઈ વંટોળિયા સ્વરૂપે આવ્યો. પવનના સુસવાટા વાવા લાગ્યા. મોટા મોટા ઝાડની ડાળીઓ હલવા માંડી. કેટલીય ડાળીઓ તેમજ પાન ખરવા લાગ્યાં. મકાનોનાં નળિયાં પણ ફંગોળાઈને દૂર પડવા માંડ્યાં. ધૂળની ડમરી ઊડવા માંડી. એવી તો ભયાનક આંધી ચડી કે તેથી બધે અંધારું અંધારું થઈ ગયું.

ઘનશ્યામ પ્રભુએ મનુષ્યચરિત્ર શરૂ કર્યું. તેઓ ગભરાઈ ગયા. બીક લાગી છે એવા ભાવ લાવીને કહ્યું, “દીદી ! આ શું થયું છે ? બીક લાગે છે.” માતાએ જાણ્યું કે ઘનશ્યામ પ્રભુ બી ગયા લાગે છે. એટલે ઊભા થઈ ઘનશ્યામને તેડી છાતીસરસા ચાંપી દીધા. ભક્તિમાતા અજવાળું કરવા અગ્નિ લેવા ચૂલા પાસે ગયાં પણ અગ્નિ ઓલવાઈ ગયો હતો. તેથી દીવો થયો નહીં. અંધારી રાતે વાવાઝોડું અને વરસાદ વરસવા લાગ્યો હતો. તેમને થોડી ગભરાહટ થઈ.

દીવો ન મળ્યો, દેતવા પણ ન મળ્યા હોવાથી હાંફળાં-ફાંફળાં થઈ અકળાઈ ગયાં અને અન્ય ઐશ્વર્યાર્થીઓને સંભારવા લાગ્યાં અને પ્રાર્થના કરવા લાગ્યાં જે, “અમારી સહાય કરો, રક્ષા કરો.” તે સાંભળી ઘનશ્યામ પ્રભુ ઓશિયાળા થયા, નારાજ થયા. ને તુરત બોલ્યા જે, “હે દીદી ! જો અમારી પ્રાર્થના કરો તો તત્કાળ સહાય કરીએ. અમે કેવા છીએ ? અમે સર્વના ઉપરી ભગવાન છીએ એ પણ ભૂલી ગયા ? તમને અસંખ્ય વાર પ્રતીતિ કરાવી છે છતાં તમે સમય આવ્યે કેમ અમને ભૂલી જઈ અન્યનો આશરો કરો છો ? ને દીદી ! મારી મરજી વિના તો કોઈથી તરણું પણ તોડી શકાતું નથી. આવું કર્તાપણું અમારે વિષે તમે દૃઢ કરો ને અમારી પ્રાર્થના કરો.”

આ સાંભળી ભક્તિમાતાને તુરત પોતાની ભૂલ ઓળખાણી. તેમણે બીજાં નામ લેવાનાં પડતાં મૂકી, “હે ઘનશ્યામ, હે હરિકૃષ્ણ, હે સર્વ કારણના કારણ ! તમો સહાય કરો.” એવી પ્રાર્થના કરી ત્યાં જ ઘનશ્યામ પ્રભુના જમણા ચરણના અંગૂઠામાંથી તેજ નીકળવા માંડ્યું ને આખા ઘરમાં શીતળ-શાંત તેજ પ્રસરી ગયું ને તે તેજથી અસુર પણ બળવા માંડ્યો તેથી તે ભાગી ગયો ને વાવાઝોડું તુરત શમી ગયું. વાતાવરણ શાંત થઈ ગયું.

ધર્મદેવ, ભક્તિમાતા તેમજ રામપ્રતાપજીને સમજાઈ ગયું કે કદી અન્ય

ઐશ્વર્યાર્થીનો આશરો કરવો નહીં. ઉપરાંત મહાપ્રભુનો આશરો કર્યો હોવાથી તેમનો અનાશ્રય થઈ જાય તેથી તેમનો દ્રોહ પણ થઈ જાય. માટે કદી ઘનશ્યામ પ્રભુનું સર્વ કર્તાપણું વિસારવું નહીં. ને ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં અનાશ્રય કરવો નહીં. તો જ આપણા સર્વોપરી પ્રભુ રાજી થાય.

## હિંસા એ તો મોટું પાપ છે

"છપૈયાપુર સુંદર સ્થાન, તેમાં લીલા કરે ભગવાન;
એક સમય શ્રીઘનશ્યામ, વેણીપ્રયાગ માધવરામ,
એ આદિ સર્વે તૈયાર થયા, મીન સાગર ઉપર ગયા;
શ્રીહરિને કરવું છે સ્નાન, વસ્ત્ર ઉતાર્યાં સુંદર સ્થાન."[૧૫]

આજે ઘનશ્યામ પ્રભુએ વેણી, માધવ, પ્રાગ વગેરે મિત્રો સાથે મીન સરોવરમાં નહાવા માટે પ્રયાણ કર્યું. સહુ મીન સરોવરના કાંઠે આવ્યા. ત્યાં વડના ઝાડ નીચે કપડાં વગેરે મૂકી સરોવરમાં નહાવા ગયા.

એ વખતે સરોવરના કાંઠે એક કદાવર કાળો ડિબાંગ માછીમાર ઊભો હતો તે માછલાં પકડવાની જાળ બિછાવી માછલાં પકડતો હતો. જાળમાં ફસાયેલાં માછલાંને પાણીમાંથી બહાર કાઢે એટલે માછલાંઓ તરફડી મૃત્યુ પામે. પછી તે મરેલાં માછલાંઓના ટોપલા ભરતો હતો.

ઘનશ્યામ પ્રભુ તો અત્યંત દયાળુમૂર્તિ હતા. આટલાં બધાં માછલાંની હિંસા થતી જોઈ તેઓ તો દ્રવી ગયા. તેમને અરેરાટી થઈ આવી. આટલા બધા જીવોની હિંસા તેઓ જોઈ શક્યા નહીં. તેથી મિત્રોને સાથે લઈ માછીમાર પાસે આવ્યા. માછીમારે એક મોટા ટોપલામાં માછલાં ભેગાં કર્યાં હતાં. તે બધાં જ મૃત અવસ્થામાં હતાં. મરેલાં માછલાંના ટોપલા જોઈ ફરી પ્રભુ કંપી ગયા. તેમણે જાણ્યું કે આ પાપીને ઉપદેશ આપવો નિરર્થક છે. તેને અન્ય રીતે સબક શિખવાડવો પડશે.

ઘનશ્યામ પ્રભુએ મરેલાં માછલાંઓનો ટોપલો હતો તે પર કરુણામય દિવ્યદષ્ટિ રેલાવી. એટલે તમામ મૃત માછલાંમાં ચેતન આવ્યું. સહુ સજીવન થઈ પાણીમાં કૂદી પડ્યાં. માછીમાર તો આ જોઈ કાપો તો લોહી ન નીકળે એવો આભો બની ગયો. પોતાની કલાકોની મહેનત પર આ ઘનશ્યામે પાણી ફેરવી નાખ્યું છે એમ જાણી તે ક્રોધે ભરાયો ને ઘનશ્યામ પ્રભુને મારવા દોડ્યો.

ઘનશ્યામ પ્રભુ ક્યાં કોઈથી ડરે એવા હતા ? એમના સંબંધે, એમના સ્મરણે

૧૫. શ્રી ઘનશ્યામલીલામૃતસાગર : તરંગ-૨૪

નિર્ભય થઈ જવાતું હોય તો તે દિવ્ય મૂર્તિને વળી ભય શાનો ? જ્યાં માછીમાર નજીક આવ્યો ત્યાં ઘનશ્યામ પ્રભુએ એની સામું દૃષ્ટિ કરી ને સમાધિ કરાવી દીધી. ત્યાં જ તે કાષ્ઠવત્ સ્થિર થઈ ગયો. સમાધિમાં તે યમપુરીમાં ગયો. ત્યાં મહાભયંકર એવા યમના દૂતો માછીમારને તેણે કરેલી હિંસા બદલ તપાવેલ લાલચોળ સળિયાથી મારવા માંડ્યા. માછીમાર તો ત્રાહિમામ્ પોકારી ઊઠ્યો.

સમાધિમાંથી બહાર આવી તે ઘનશ્યામ પ્રભુના ચરણોમાં પડી ગયો. પ્રાર્થના કરી કગરવા લાગ્યો, “હે ઘનશ્યામ ! તમે બાળક નથી. તમે તો સાક્ષાત્ ભગવાન છો. મને બચાવો. પ્રભુ ! હવે હું ક્યારેય કોઈ જીવની હિંસા નહિ કરું. મારાં કરેલાં પાપ બદલ હવે મને ખૂબ પસ્તાવો થાય છે. અજ્ઞાને કરી આ પાપના ધંધામાં હું પડ્યો હતો. હવે હું આજથી આ ધંધો જ છોડી દઉં છું. પણ અત્યાર સુધી કરેલી હિંસાને માફ કરી મારી પર આપ રાજી થાવ.”

ઘનશ્યામ પ્રભુએ જાણ્યું કે તે સાચા ભાવે પશ્ચાત્તાપ કરે છે. તેથી દયાળુ મૂર્તિએ તેના અત્યાર સુધીના કરેલા તમામ પાપોને કૃપાદૃષ્ટિ વડે બાળી નાખ્યાં ને કહ્યું, “હવેથી ક્યારેય કોઈ પણ જીવની હિંસા કરીશ નહિ, કેમ કે હિંસા એ તો મહામોટું પાપ છે.” માછીમારનાં પાપો બળી ગયાં તેથી પાપના ભારથી હળવો ફૂલ થઈ ગયો. ઘનશ્યામ પ્રભુના ચરણોમાં પડી પોતાનું જીવનપરિવર્તન પામી નવી દિશાનું જીવન જીવવાના સંકલ્પ સાથે ત્યાંથી ઘરે જવા નીકળ્યો.

ખરેખર, આટલાં બધાં પાપો એકસાથે ક્ષણમાં ઘનશ્યામ પ્રભુ સિવાય તો કોણ માફ કરી શકે ? ને પળમાં પાપીના જીવનનું પરિવર્તન કોણ કરી શકે ? ઘનશ્યામ પ્રભુએ માછીમારના જીવનનું પરિવર્તન કરી ઘરે મોકલ્યો ને પોતે મિત્રો સંગાથે મીન સરોવરમાં નહાવા કૂદી પડ્યા.

## ભૂતોનો મોક્ષ

અયોધ્યામાં નવા નવાબ આવ્યા હતા. તે બહુ ક્રૂર હતા. લોકોને વગર વાંકે રંજાડે, લોકોને લૂંટી પણ લેતા. અયોધ્યામાં તેમનો ત્રાસ ખૂબ ફેલાયો હતો તેથી ઘણા લોકો ત્યાંથી હિજરત કરવા લાગ્યા. ધર્મદેવ તો ધર્મપરાયણ હતા. નવાબની રંજાડ નીતિથી તેઓ પણ કંટાળી ગયા હતા. તેમણે પણ થોડો સમય અયોધ્યા છોડવા વિચાર કર્યો ને પરિવારને લઈને છપૈયા પાસે તિનવા ગામે થોડો વખત રહેવા ગયા.

તિનવામાં તેમના સંબંધી પ્રથિત પાંડે રહેતા હતા. તેમના ઘેર તેઓ રહ્યા.

પ્રથિત પાંડેનાં પત્ની વચનાબાઈ હતાં. તેમને ઘનશ્યામ પ્રભુ પર અતિશે સ્નેહ તેથી રોજ લાડ લડાવે ને નિત્ય નવી રસોઈ જમાડે. વચનાબાઈને ભક્તિમાતા પ્રત્યે પણ ખૂબ હેત થયું. ભક્તિમાતા પણ ઘરના કામકાજમાં વચનાબાઈને મદદ કરે. રોજ કૂવે પાણી ભરવા જાય. વચનાબાઈએ ભક્તિમાતાને કહેલું કે, 'ગામના કૂવે દિવસે પાણી ભરવા જવું પણ સાંજ પડી જાય પછી ન જવું. કેમ કે તે કૂવામાં અનેક ભૂતોનો વાસ હતો.'

એક દિવસ સાંજે પાણી ખૂટ્યું તેથી ભક્તિમાતા પાણી ભરવા કૂવે ગયાં. દોરડું બાંધીને ઘડો કૂવામાં ઉતાર્યો અને ભક્તિમાતા ઘડો ઉપર ખેંચે તે પહેલાં અંદર રહેલા ભૂતોએ ઘડો પકડી લીધો. ભક્તિમાતાને એ જ વખતે વચનાબાઈએ આપેલી ચેતવણી યાદ આવી. તેઓ ડરી ગયાં અને હાથમાંથી દોરડું મૂકી દઈ ઉતાવળે ઘરે આવ્યાં.

તેમણે ઘરે આવીને બધી વાત કરી. ઘનશ્યામ પ્રભુએ આ વાત સાંભળી નક્કી કરી લીધું કે આવતી કાલે સવારે એ ભૂતોનો મોક્ષ કરવો જ. કેમ કે સહુના મોક્ષ માટે તો તેઓ પ્રગટ્યા હતા. તો પછી એમની કૃપાદૃષ્ટિમાંથી ભૂતો પણ કેમ બાકાત રહે ?

બીજે દિવસે સવારે ઘનશ્યામ પ્રભુ એ ભૂતિયા કૂવા પર પહોંચી ગયા. તેઓ કૂવામાં ભૂસકો મારવા માટે તૈયાર થયા. ગામના લોકોએ તેમ કરતા ખૂબ રોક્યા. કૂવામાં ભૂસકો મારવાની ના કહી : "ઘનશ્યામ ! તમે જો કૂવામાં ઊતરશો તો ભૂતો તમને મારી નાખશે. માટે તમે ના પડો." પણ ઘનશ્યામ પ્રભુ શા માટે કૂવામાં ભૂસકો મારવાના હતા તે તો તેઓ જ જાણતા હતા. તેથી ગામલોકો ના... ના... કરતા રહ્યા ને ઘનશ્યામે કૂવામાં જોરથી ભૂસકો લગાવી દીધો.

વર્ષોથી અસદ્‌વાસનાથી પીડાતાં એવા અસંખ્ય ભૂતો સફાળા જાગી ગયાં. એમણે જોયું તો કોઈ નાનકડો બાળક દેખાયો. ભૂતો રાજી થયાં. એમને એમ જ થયું કે આ બાળકને પણ મારી આપણી પંક્તિમાં ભેળવી દઈશું. આજ સામે ચાલીને આપણું ખાજ આવ્યું છે. પરંતુ ભૂતોને ક્યાં ખબર હતી કે ઘનશ્યામ પ્રભુ એમની પંક્તિમાં ભળવા નહિ, પણ તમામ ભૂતોને એમના મુક્તોની પંક્તિમાં ભેળવવા આવ્યા હતા.

ભૂતો બાળ ઘનશ્યામ પ્રભુને મારવા નજીક આવ્યાં. એ જ ઘડીએ ઘનશ્યામ પ્રભુએ પોતાનામાંથી તેજ છોડ્યું. ચારેબાજુ તેજ તેજ છવાઈ ગયું. ભૂતો તો તેજના અંબારથી અંજાઈ ગયાં ને બળવા લાગ્યાં. તેઓ ચીસો પાડવા માંડ્યાં.

હવે એમનાથી બળતરા સહન ન થવાથી ઘનશ્યામ પ્રભુ પાસે હાથ જોડી પ્રાર્થના કરવા લાગ્યાં : ‘‘હે પ્રભુ ! અમારી પર દયા કરો. અમને બચાવી લો, આ ભૂતયોનિમાંથી છોડાવી અમારો ઉદ્ધાર કરો. ઘણાં વર્ષો પહેલાં અમે દારૂ પીતાં, જુગાર રમતાં, માંસ ખાતાં, ચોરી કરતાં, વ્યભિચાર કરતાં, જુઠું બોલતાં... આવાં અનેક પાપકર્મ કરેલાં હતાં તે કર્મને પરિણામે અમે સૌ આ ભૂતયોનિને પામ્યાં છીએ. અમે ખૂબ દુઃખી છીએ. માટે હે દયાળુ પ્રભુ ! અમારાં પાપકર્મને બાળી દઈ અમારો ઉદ્ધાર કરો. અમારો મોક્ષ કરો.’’

ઘનશ્યામ પ્રભુ ભૂતોનો ઉદ્ધાર કરવા જ તો કૂવામાં પડ્યા હતા. તેથી ભૂતો પર કરુણા વરસાવી પાણીની અંજલિઓ છાંટી તેમનાં પાપ બાળી નાખ્યાં. ને સહુના દેખતાં ભૂતોને ધામમાં મોકલ્યાં. નાનકડા ઘનશ્યામ પ્રભુ જે ગામ જતા, જે સ્થાનકમાં રહેતા ત્યાં સર્વેના કષ્ટને તેઓ હરી લેતા. દરેક સ્થાનને પોતાના સંબંધવાળું કરી દિવ્યતા આપતા ને કાંઈક અવનવું ચરિત્ર કરી પોતાની દિવ્ય સ્મૃતિ મૂકી જતા હતા.

## કડવાં ચીભડાં મીઠાં થયાં

વશરામ તરવાડી જે ઘનશ્યામ પ્રભુના અવરભાવના મામા હતા, તેમણે ત્રણ ખૂણિયા ખેતરમાં મકાઈ તથા ચીભડી વાવેલી. તેમાં ચીભડીએ ચીભડાં બેઠાં ત્યારે ચાખી જોયાં તો કડવાં ઝેર જેવાં ચીભડાં પાકેલાં. કોઈના જમવાના કામમાં આવે નહિ તેવાં કડવાં હતાં. તેથી તેઓ ઉદાસ થઈ ગયા. વશરામ મામાએ ભક્તિમાતાને ઉદાસ મને કહ્યું કે, ‘‘બહેન ! આપણા ખેતરમાં બધાં ચીભડાં કડવાં થઈ ગયેલાં છે. જો મીઠાં હોત તો ઘનશ્યામને હોંશે હોંશે જમાડત.’’

એટલામાં ઘનશ્યામ પ્રભુ હાથમાં ચીભડાં લઈ જમતાં જમતાં ત્યાં આવી પહોંચ્યા ને મામાને કહ્યું, ‘‘જુઓ, હું આ તમારા ખેતરમાંથી ચીભડાં લાવ્યો છું. બહુ મીઠાં છે. આવું ચીભડું તો મેં ક્યારેય જમાડ્યું નથી.’’ મામાને આશ્ચર્ય થયું. ઘનશ્યામને સાથે લઈ ખેતરમાં ગયા. ત્યાં જઈ એક પછી એક ચીભડાં ચાખવા માંડ્યાં તો બધાં ચીભડાં મીઠાં મધુરાં થઈ ગયેલાં. વશરામ તરવાડી તો આ જોઈ આશ્ચર્ય પામી ગયા.

ત્યારે ઘનશ્યામ પ્રભુ બોલ્યા, ‘‘મામા ! આવું કેમ થયું તમને ખબર છે ? પહેલાં તમે જો ચીભડાં અમને જમાડવાનો સંકલ્પ કર્યો હોત તો પહેલેથી જ એ ચીભડાં મીઠાં પાકત. પણ તમે અમને ભૂલી ગયા. તેથી એ ચીભડાં કડવાં પાક્યાં.

પણ આપે ભક્તિમાતાને કહ્યું કે, ઘનશ્યામને ચીભડાં આપત. એટલે તમારા ચીભડાંમાં અમારો ભાગ નક્કી કર્યો તેથી તે ચીભડાં મીઠાં થઈ ગયાં.''

વશરામ મામા સમજી ગયા કે હવેથી કાંઈ પણ કરીએ તેમાં પ્રથમ ભગવાનને અર્પણ કરવું અથવા કાંઈ કરતાં પહેલાં ભગવાનને ભેળવવા તો અવશ્ય ભગવાન ભેગા ભળી રક્ષા કરે ને કશું જ વિઘ્ન આવી શકે નહીં.

## એમનું તો એમને આપવું જ

ઘનશ્યામ પ્રભુના મિત્ર મંછારામના ખેતરમાં પણ ચીભડાં વાવેલાં હતાં. તે મિત્રોને લઈ જમવા જતા. તેમાં થોડોઘણો ચીભડાંનો બગાડ પણ થતો. આથી મંછારામની માતુશ્રીએ મંછારામને કહ્યું કે, ''આપણા ખેતરમાં ઘનશ્યામ આવીને ચીભડાંનો બગાડ કરે છે. કેટલાંય ખાઈ જાય છે અને ખવડાવે છે. માટે એમને કહી દેજે કે અમારા ખેતરમાં તમારે આવવું નહીં.''

પણ સૌના આશ્ચર્ય વચ્ચે બન્યું એવું કે એ જ દિવસે મંછારામની વાડીના ચીભડાંના વેલા એકસામટા સુકાઈ ગયા. મંછારામનાં માતુશ્રી મૂંઝાઈ ગયાં. આમ કેમ થયું ? અચાનક ચીભડાંના વેલા સુકાઈ ગયા. એ કાંઈ સમજાતું ન હતું. એકીસાથે આખાય વરસની મહેનત ઉપર પાણી ફરી વળ્યું હતું.

મિત્ર મંછારામ પરિસ્થિતિ સમજી ગયા હતા. તેમણે માતુશ્રીને કહ્યું, ''મા ! તમે ઘનશ્યામને આપણી વાડીમાં પેસવા દેવાની ના પાડી એટલે જ આપણા વેલા સુકાઈ ગયા છે. એ તો પ્રગટ ભગવાન છે. ફળના દાતા છે. કર્તા ને હર્તા છે. એ કુરાજી થાય તો ચીભડાં નહિ પણ આપણું કરેલું-કારવેલું બધું જ સુકાઈ જાય. આપણે જે કાંઈ વાવ્યું છે તે એમનું જ છે. માટે એમનું તો એમને આપવું જ જોઈએ.''

મંછારામની માતાને ભૂલ ઓળખાણી. દોડતાં ઘનશ્યામ પ્રભુ પાસે આવ્યાં અને કહ્યું, ''હે ઘનશ્યામ ! હું આપને અન્ય બાળક જેવા સમજી બેઠી. મેં તમારે વિષે મનુષ્યભાવ પરઠ્યો. મારી ભૂલ થઈ ગઈ. મને ક્ષમા કરો ને હવે તમારે ખુશી પડે તેટલાં ચીભડાં નિત્ય જમજો અને જમાડજો. અમે તમને કાંઈ કહેશું નહીં. ને આ વાડી તમારી જ છે એમ સમજજો.''

અને ત્યાં તો ચીભડાંના વેલા પહેલાં હતા એમ લીલા થઈ ગયા. ને વાડીમાં ચીભડાં પણ પહેલાં કરતાં ડબલ પાક્યાં. પાકે જ ને ! કેમ કે બધું જ પ્રભુને સોંપી દીધું હતું એટલે પ્રભુ એની ચિંતા કરે જ.

# તરવૈયા ઘનશ્યામ પ્રભુ

એક દિવસ મીન સરોવરમાં વેણી, માધવ, પ્રાગ, રઘુનંદન, સુખનંદન વગેરે મિત્રો સાથે ઘનશ્યામ પ્રભુ નહાવા ને જલક્રીડા કરવા આવ્યા. સરોવરના કિનારે મહુડાના વૃક્ષ નીચે વસ્ત્રો મૂકી સૌ નહાવા પડ્યા. મિત્રો સંગાથે ઘનશ્યામ પ્રભુ જલક્રીડા કરી અનેક પ્રકારે સુખ આપતા. બધા મિત્રો કરતાં ઘનશ્યામ પ્રભુ મનુષ્યભાવમાં (અવરભાવમાં) નાના હતા. પણ દિવ્યભાવમાં (પરભાવમાં) એમનાથી મોટું બીજું કોઈ નથી. બધા જ એમનાથી નાના છે ને એમના વડે છે.

ઘનશ્યામ પ્રભુ તો તરતાં તરતાં સામે કિનારે પહોંચી ગયા. મહાપ્રભુને તરવાનું શું ને થાકવાનું શું હોય ? એમની પાસે તો એવી અનંત કળાઓ હતી. તેથી તેઓ ઝડપથી પાણીમાં ઢબતા ઢબતા સામે કાંઠે નીકળ્યા. તે જોઈ વેણીરામને પણ શૂરાતન ચઢ્યું. તેથી તે પણ તેમની પાછળ ગયા. પણ વળતી વખતે તરતા તરતા થાકી જવાથી પાણીમાં ડૂબી ગયા.

સહુ મિત્રોએ વેણીરામને ડૂબતા જોયા એ વાત ઘનશ્યામ પ્રભુને કહી. વેણીરામના ડૂબી જવાથી સહુ મિત્રો ઉદાસ થઈ ગયા. શું થશે ? ને કેમ થશે ? એનાં માતાપિતાને શું જવાબ આપીશું ? આવા અનેક પ્રશ્નોથી બધા ઝંખવાણા પડી ગયા. એટલામાં તો ત્યાં બધાને બોલાવવા ભક્તિમાતા આવ્યાં. રડતાં રડતાં મિત્રોએ ભક્તિમાતાને વાત કરી. એ પહેલાં તો માર પડશે એ બીકે ઘનશ્યામ પ્રભુ તો ડૂબકી મારીને પાણીમાં ગરક થઈ ગયા. ઘણી વાર સુધી તેઓ બહાર ન આવ્યા તેથી ભક્તિમાતા તો ખૂબ દુઃખી થઈ ગયાં. શું કરવું તેનો રસ્તો સૂઝતો નથી.

એવામાં ગામમાંથી જાણીતા બે તરવૈયા આવ્યા. ભક્તિમાતાએ તેમને કહ્યું, ''તમે ગમે તે કરો પણ મારા ઘનશ્યામને તથા વેણીને બચાવો.'' બંને તરવૈયાઓ પાણીમાં પડ્યા. આખું સરોવર ફેંદી વળ્યા પણ બેમાંથી એકેયની ભાળ મળી નહીં. સૌને ચિંતાનો પાર નહોતો. તેવામાં સૌના આશ્ચર્ય વચ્ચે ઘનશ્યામ પ્રભુ અને વેણી બંને એકબીજાના હાથ ઝાલી હસતા ને રમતા ગામમાંથી આવી રહ્યા હતા.

એમણે તો ભેગા થયેલા ટોળામાં આવી બધાને પૂછવા માંડ્યું : ''શું થયું ? શું થયું છે ? કેમ બધા ભેગા થયા છો ?'' ભક્તિમાતા, બાળમિત્રો તથા ભેગા થયેલા સહુ આશ્ચર્ય પામી ગયા કે જે હમણાં તળાવમાં ડૂબી ગયા હતા તે અહીં ક્યાંથી ?

તેમને શોધવા માટે તો સહુ મથે છે ને આ તો બંને સાથે ગામમાંથી આવે છે... આવું કેમ ?

ઘનશ્યામ પ્રભુ પણ બધું જ જાણતા હોવાથી મનમાં ને મનમાં હસે છે. જાણે કહેતા હોય કે અમારી લીલા અપરંપાર છે. તેનો તાગ લઈ શકાય નહીં. આમ એકસાથે અનેક ઠેકાણે દર્શન દેવા તે ભગવાન વિના બીજું કોણ કરી શકે ? એમ આજે પણ એમણે પોતાનું ઐશ્વર્ય દર્શન સૌને મીન સરોવર પર કરાવ્યું ને સૌને આશ્ચર્ય પમાડ્યું !!!

## ગોમતી ગાય

ધર્મદેવના ઘરે એક ગાય હતી. તેનું નામ ગોમતી હતું. તે ગુણિયલ પણ હતી. જાણે ઘનશ્યામ પ્રભુની સેવા કરવા માટે જ કોઈ ધામમાંથી અહીં આવીને વસી ન હોય એમ તે ઘનશ્યામ પ્રભુની દૂધની સેવા કરતી. તે ગોમતી ગાયને જ્યારે દોહવા બેસે ત્યારે ચાર શેર દૂધ આપતી. દિવસમાં બે વખત દોવે કે ચાર વખત દોવે. એમ જ્યારે પણ દોવે ત્યારે ગોમતી અચૂક ચાર શેર દૂધ આપતી. ધર્મદેવના ઘરે નિયમ હતો કે ઘનશ્યામ પ્રભુ જમવા બેસે ત્યારે તેમને ગોમતીનું બશેર દૂધ જમવા માટે અવશ્ય આપવું જ.

પણ સુવાસિનીભાભીએ ગોમતી ગાય તથા ઘનશ્યામ પ્રભુ વચ્ચેની એકતાની કસોટી કરવા માટે પદ્ધતિ બદલી અને નક્કી કર્યું કે હવેથી ઘનશ્યામને શેર જ દૂધ આપવું. સાંજે સુવાસિનીભાભી ગાયને દોવા બેઠાં તો નવાઈની વાત બની કે વર્ષોથી ટંકે ચાર શેર દૂધ દેતી ગોમતીએ સાંજે અડધું એટલે કે બશેર જ દૂધ આપ્યું. દૂધ ઓછું મળ્યું એટલે સુવાસિનીભાભીએ ઘનશ્યામને દૂધ આપવામાં હજુય કાપ મૂક્યો અને શેરને બદલે અડધો શેર દૂધ આપ્યું અને પરિણામે સવારમાં ગોમતીએ શેર જ દૂધ દોવા દીધું.

આમ કેમ બન્યું ? ગોમતી કેમ દૂધ ઓછું આપવા માંડી તે સુવાસિનીભાભી સમજી ગયાં હતાં ને ભક્તિમાતાને પણ ખબર પડી ગઈ કે ઘનશ્યામના દૂધમાં કાપ મૂકવામાં આવે છે તેથી ગોમતીએ પણ દૂધ આપવામાં કાપ મૂક્યો છે.

ભક્તિમાતાએ સુવાસિનીભાભીને કહ્યું, “તમારા મનમાં જે સંકલ્પ હોય તે મૂકી દો અને ઘનશ્યામને જે બશેર દૂધ પીરસો છો તેમાં ભલા થઈને કાપ ન મૂકશો. અને એમનામાં કાપ મૂકશો તો દૂધમાં કાપ આવશે જ ! અંતે આપણે

બધાં દૂધ વગરનાં રહીશું.'' સુવાસિનીભાભીએ પણ સ્વીકાર્યું કે, 'વાત સાચી છે. ગોમતી ગાય ખરેખર ઘનશ્યામ પ્રભુની સેવા કરવા માટે જ દૂધ આપે છે ને તેની પાછળ આપણને પણ લાભ મળે છે.'

"સુવાસિની હરિ આગળ, સ્તુતિ કરે જોડી કર;
હે દયાળુ હે હરિકૃષ્ણજી, ક્ષમા કરો મુજ પર,
સુરભીનો સ્નેહ જોવા સારુ, મેં કર્યું આ કામ;
દોષ ન જોશો મમ વિષે, દીનબંધુ ઘનશ્યામ,
સુરભીનો જે સ્નેહ છે, તેવો મારે થજ્યો મહારાજ;
તવ મૂર્તિમાં નિશદિન, ભક્તિ આપો મુને આજ,
તવ રૂપનું દિવ્યભાવથી, હું ધરું નિત્યે ધ્યાન;
મનુષ્ય બુદ્ધિ ન આવે મુને, એ આપો વરદાન."[૧૬]

સુવાસિનીભાભીએ ઘનશ્યામ પ્રભુની માફી માગી ને પશ્ચાત્તાપ કરી કહ્યું, ''હવે તમને પહેલાંની જેમ જ બશેર દૂધ પીરસીશ.'' ઘનશ્યામ પ્રભુ એમના પર રાજી થઈ ગયા ને સ્નેહ વરસાવવા લાગ્યા. ત્યારબાદ ગોમતી ગાય પણ પૂર્વવત્ દૂધ આપવા માંડી.

ઘનશ્યામ પ્રભુએ એ દિવસે સૌને શિખવાડ્યું કે, કદી ભગવાનની સેવામાં કાપ ન મૂકવો. એમને આપવાથી ક્યારેય ખૂટી જતું નથી. ને કોઈ એમને આપે તો આપનારની ચિંતા એમની થઈ જાય છે.

આપણું સર્વસ્વ તન-મન-ધન એમનું જ માનવું ને એમને અર્થે જ કરી રાખવું તો સર્વે ચિંતા એ કરે જ.

## આંખોમાં બ્રહ્માંડોનું દર્શન

ઘનશ્યામ પ્રભુ અવરભાવમાં મનુષ્ય સરીખી લીલા કરતાં તે અદ્દલ મનુષ્યભાવ જણાવે. એક વખત એમની જમણી આંખ લાલચોળ થઈ થોડી સૂઝી ગયેલી એવું એમણે જણાવ્યું. સુવાસિનીભાભીએ આંખ લાલ થયેલી જોઈ પૂછ્યું : ''તમારી આંખ કેમ લાલ થઈ ગઈ છે. આંખે દુ:ખે છે કે શું ? એવું જો હોય તો લાવો, મારી પાસે આંખમાં આંજવાનું અંજન છે તે તમને આંખમાં આંજી દઉં.''

ઘનશ્યામ પ્રભુને ઢોલિયા પર સુવડાવી, સુવાસિનીભાભીએ આંખમાં અંજન

૧૬. શ્રી ઘનશ્યામલીલામૃતસાગર : તરંગ-૩૬

આંજ્યું. ઘનશ્યામ પ્રભુએ કહ્યું, ‘‘ભાભી ! આ અંજન આંજવાથી તો ઘણું સારું લાગે છે. આંખો ઠરે છે. તો મારી બીજી આંખમાં પણ આંજી આપો ને !’’

સુવાસિનીભાભીએ કહ્યું, ‘‘સારું, લાવો બીજી આંખમાં પણ આંજી દઉં. આંખ ખોલો જોઉં !’’

“અવિનાશીએ આંખ ઉઘાડી, પોતાની માયા તેમાં દેખાડી.”

ઘનશ્યામ પ્રભુએ બીજી આંખ ખોલી એટલે સુવાસિનીભાભીને આંખમાં અનેક બ્રહ્માંડો દેખાવા લાગ્યાં. આવું અલૌકિક ઐશ્વર્ય જોઈ સુવાસિનીભાભી તો સ્થિર થઈ ગયાં. આંજવાનું અંજન તેમના હાથમાં જ રહી ગયું. થોડી વારે ઘનશ્યામ પ્રભુ મલકાતા બોલ્યા, ‘‘ભાભી ! કેમ આંજતાં નથી ? શું જોઈ રહ્યાં છો ?’’ સુવાસિનીભાભી કહે છે, ‘‘ઘનશ્યામ પ્રભુ ! તમારી અલૌકિક કળાનું, અલૌકિક ઐશ્વર્યનું દર્શન કરી રહી છું. આપ કેટલા બધા સમર્થ છો. આપ કેવળ કૃપા કરી અમને આપના વિષે દિવ્યભાવનો નિશ્ચય દૃઢ કરાવવા કેવાં ઐશ્વર્યનાં દર્શન કરાવો છો ? આપે આંખે દુખવાની લીલા શા માટે કરી ? તે હવે સમજાઈ ગયું.’’

એમ કહી ઘનશ્યામ પ્રભુને હેત કરવા લાગ્યાં. ત્યાં ઘનશ્યામ પ્રભુ બોલ્યા, ‘‘ભાભી ! હવે આંખમાં અંજન આંજો.’’ એમ કહ્યું ત્યાં તો જે ઐશ્વર્ય દેખાતું હતું તે બંધ થઈ ગયું ને પછી સુવાસિનીભાભી ‘મહાપ્રભુની સેવા મને મળે ક્યાંથી ? આ સેવા મારા સુધી હોય જ ક્યાંથી ? આ તો એમની કરુણા જ કહેવાય’ એવો દિવ્યભાવ લાવી પ્રેમથી બીજી આંખે અંજન કરવા લાગ્યાં.

## તકની સેવા

એક સમયે છપૈયામાં કોઈ મોટું લશ્કર આવી રહ્યું હતું તેવું જાણી ધર્મદેવ તથા અન્ય સગાંસંબંધીઓ પોતાના ઘરનો માલસામાન ગાડામાં ભરી અન્ય ગામમાં જતા રહેવાના સંકલ્પથી ઉતાવળા ચાલવા લાગ્યાં. થોડી વારમાં તેઓ નાગપુરના પાદરમાં પહોંચ્યાં.

બપોરનો સમય હતો, માથે તાપ હતો. તેથી ધર્મદેવનું ગળું સુકાયું. તેમને તરસ લાગી ને પાણી પીવાની ઇચ્છા વ્યક્ત કરી. પાણી સાથે હતું નહીં. તેથી તેમણે રામપ્રતાપભાઈને કહ્યું, ‘‘તમે વગડામાં જઈ આજુબાજુમાં જો કૂવો હોય તો પાણી ભરી આવો ને ! તરસ ઘણી લાગી છે.’’

રામપ્રતાપભાઈને એમ કે હજુ થોડી વાર ચાલશે એમ સમજી ધર્મપિતાની

વાતને બહુ મન પર ન લીધી ને કહ્યું, ‘‘હમણાં થોડો થાક ખાઈને પછી લઈ આવું છું.’’

નાનકડા ઘનશ્યામ પ્રભુ પિતાની તૃષાને જાણી ગયા. તેમણે સેવા કરવાનો મોકો છે, તક છે તે ઝડપી લીધી. તેમણે હાથમાં લોટો લીધો ને પોતાના મિત્રો વેણી, માધવ વગેરેને લઈ કૂવો શોધી કાઢી કૂવામાંથી પાણી ભરવા ગયા. કૂવો તો બહુ ઊંડો હતો. પાણી પણ ઊંડું હતું. લોટા સાથે બાંધવાની દોરી પણ નહોતી. કૂવામાંથી પાણી સીંચવું કેમ ? પણ આ તો ઘનશ્યામ પ્રભુ હતા. આવા બધા પ્રશ્નો એમને થોડા સતાવે ? એ તો મહાપ્રભુ હતા. એમણે તો કૂવા પર જેવો લોટો ધર્યો કે તુરત કૂવો આખો પાણીથી ઊભરાઈ ગયો. ઘનશ્યામ પ્રભુએ લોટો ભરી લીધો અને દોડતા આવી પાણી ધર્મપિતાને આપ્યું.

ધર્મદેવે પાણી ગાળ્યું ને પછી ધરાવ્યું. ઘનશ્યામ પ્રભુએ પોતાની મરજી જાણી તરસ છીપાવી તેથી ધર્મદેવ ખૂબ રાજી થયા. થોડી વાર પછી રામપ્રતાપભાઈએ કહ્યું, ‘‘લાવો પાણી ભરી આવું.’’ ત્યારે ધર્મદેવે કહ્યું, ‘‘રામપ્રતાપ, જે થાય ટાણે તે ન થાય નાણે. હવે એક લાખ લોટા ભરીને પાણી લાવો તોય ઘનશ્યામ ખરે ટાણે જે એક લોટો પાણી લઈ આવ્યા તેની તુલ્ય તો નહિ જ આવે. એમણે સેવા કરી તે તકે કરી છે. મૂલ્ય પાણીનું નહિ તકનું છે.’’

આવી રીતે ઘનશ્યામ પ્રભુ નાનકડી બાલ્યાવસ્થાએ પણ એમના ઉત્તમ દિવ્ય ગુણો પ્રદર્શિત કરતા. સમયે સમયે અવનવું શીખવતા. સાથે રહેલાને પણ અનેક દિવ્યદૃષ્ટિનું ભાથું આપતા હતા. આ જ તો એમની અલૌકિકતા હતી.

## પ્રભુ રિસાઈ ગયા

ધર્મદેવે પોતાના ખેતરમાં મકાઈ તથા ચીભડી ભેગી વાવી હતી. મકાઈ-ચીભડીની સાથોસાથ ઘણું ઘાસ પણ ઊગ્યું હતું. તે ઘાસને નીંદાવવું જરૂરી હતું તેથી રામપ્રતાપભાઈ કેટલાક માણસોને લઈ ખેતરે ગયા.

સાથે ઘનશ્યામ પ્રભુ પણ ગયા. સૌ માણસો ઘાસનું નીંદામણ કરવા લાગ્યા. સાથે ઘનશ્યામ પ્રભુ મદદ કરવા લાગ્યા. પણ તેઓ બીજા કરતાં જુદા જ હતા ને ! એથી એમની રીત અન્ય કરતાં અકળ ને જુદી જ હોય. તેમ છતાં તેમાં કાંઈક હેતુ ને સંદેશ હોય.

ઘનશ્યામ પ્રભુ ઘાસ નીંદવાને બદલે મકાઈ અને ચીભડી મૂળમાંથી ઉખેડવા મંડ્યા ને ઘાસ એમ ને એમ રહેવા દે ! થોડી વાર તો આમ ચાલ્યું. કોઈએ

રામપ્રતાપભાઈને કહ્યું, ‘‘જુઓ, આ ઘનશ્યામ પ્રભુ શું કરવા બેઠા છે ? એમને કાંઈક શિખવાડો.’’ રામપ્રતાપભાઈએ આ જોયું એટલે તેઓ ગુસ્સે થઈ ગયા અને બોલ્યા, ‘‘ઘનશ્યામ ! તમે આ શું કરો છો ? આ મકાઈ અને ચીભડી કાઢી નાખતાં તમને શરમ નથી આવતી ? બીજા બધા કરે છે તે શું તમે નથી જોતા ? બસ, વણ વિચાર્યે નર્યો બગાડ જ કરો છો.’’

મોટા ભાઈના આવા શબ્દો સાંભળી ‘તેઓ આવું શા માટે કરે છે ?’ તે જણાવતાં કહ્યું કે, ‘‘મોટા ભાઈ ! ચીભડી અને મકાઈ તો થોડી છે અને ઘાસ ઘણું છે. તેથી થોડું હોય તેને કાઢીએ તો થોડા જીવની હિંસા થાય ને ? એટલે હું આ ઘાસ રહેવા દઉં છું.’’

આ સાંભળી રામપ્રતાપભાઈ ફરી ગુસ્સે થઈ ગયા અને કહ્યું ‘‘જોઈ હવે તમારી દયાળુતા. બધે દયા રાખશો તો ઘરમાં અનાજ આવશે ક્યાંથી ?’’ એમ કહી મારવા માટે દોડ્યા. ઘનશ્યામ પ્રભુ તો ત્યાંથી ઘર તરફ નાસી ગયા.

“હવે શ્રીહરિ ત્યાંથી રિસાણા, છાના ઘેર આવીને સંતાણા;
ગાયો બાંધવાની છે ગમાણ, તેમાં સૂતા છે જીવનપ્રાણ,
ખડ ઢાંકી લીધું સહુ અંગે, જુવો શયન કર્યું શ્રીરંગે.”[૧૭]

ઘનશ્યામ પ્રભુ ઘેર આવી છાનામાના ગૌશાળામાં ગાયો બાંધવાની ગમાણમાં જઈને કોઈને ખબર ન પડે એમ ઉપર ખડ નાખીને સૂઈ ગયા. બપોર થઈ; મોટા ભાઈ ઘેર આવ્યા. ત્યારે ભક્તિમાતાને ખબર પડી કે ઘનશ્યામ તો રિસાઈને વહેલા ખેતરમાંથી નીકળી ગયા છે. તેથી પોતે દિલગીર થઈ ગયાં અને માતૃહૃદય દ્રવી ઊઠ્યું. ઉચ્ચ સ્વરે રુદન કરવા લાગ્યાં. સુવાસિનીભાભી પણ ઉદાસ થઈ ગયાં. રામપ્રતાપભાઈને પણ પોતે ગુસ્સો કર્યો તે બદલ પસ્તાવો થયો. તેઓ તત્કાળ ઘનશ્યામ પ્રભુને શોધવા માટે નીકળ્યા.

જ્યાં જ્યાં રમવાનાં સ્થળ હતાં તે બધાં સ્થળો જોયાં. વેણી, માધવ અને પ્રાગ આદિ સખાઓને પણ પૂછ્યું. છપૈયાની ચારેબાજુ તપાસ કરી. નજીકના ગામોમાં પણ તપાસ કરી. સગાંસંબંધીઓને પણ પૂછ્યું. પણ ક્યાંય ઘનશ્યામ પ્રભુની ભાળ ન મળી. તેથી ઉદાસ થઈ પાછા વળ્યા. છપૈયા આવતાં એક વડના વૃક્ષ નીચે હિંમત હારી ચૂકેલા રામપ્રતાપભાઈ બેસી ગયા. ઘનશ્યામ પ્રભુના વિયોગથી છાતી ભરાઈ આવી અને ઊંચે સાદે રડી પડ્યા.

---

૧૭. શ્રી ઘનશ્યામલીલામૃતસાગર : તરંગ-૩૫

ઘનશ્યામ પ્રભુ અંતર્યામીપણે મોટા ભાઈ તથા ઘરના સર્વેની વેદના જાણી ગયા. આખરે તેઓ દરિયાવદિલ તો હતા જ. દયાના મહાસાગર હતા તે કાંઈ આજે સુકાઈ નહોતા ગયા કે નહોતી એમાં ઓટ આવી. આ તો મોટા ભાઈને પોતાના વિષે મનુષ્યભાવ આવી ગયેલો તે ટળાવવા સારુ દિવ્ય ચરિત્ર કર્યું હતું.

રામપ્રતાપભાઈની ઉદાસીનતા ટળાવવા માટે પ્રભુના સંકલ્પથી આકાશવાણી થઈ, 'તમારા ઘનશ્યામ પ્રભુ તો ઘેર છે. બીજે ન શોધશો. જલદી ઘેર જાઓ.' આવું સાંભળી તેઓ તુરત ઘરે આવ્યા.

અહીં ઘરે પણ ભક્તિમાતા, ધર્મપિતા, ભાભી વગેરે ઘનશ્યામ પ્રભુને શોધી રહ્યાં હતાં. પણ મળતા નહોતા ત્યારે ભક્તિમાતા રુદન કરતાં કહેવા લાગ્યાં, "હે ઘનશ્યામ ! તમે સર્વ કારણના કારણ સ્વરૂપ ભગવાન છો, અંતર્યામી છો. માટે જ્યાં હોય ત્યાંથી જવાબ આપો. અમારા ગુનાને માફ કરો. દયા કરી આપની લીલા બંધ કરી અમને દર્શનનું સુખ આપો."

ત્યાં જ સામેથી જવાબ મળ્યો, "હે દીદી ! હું તો આપણી ગાયો બાંધવાની ગમાણ છે તેમાં સૂતો છું." અને આ સાંભળતાં જ સૌએ ગમાણ તરફ દોટ મૂકી. સૂતેલા ઘનશ્યામ પ્રભુ પરથી ઘાસ હટાવી બહાર કાઢ્યા. ભક્તિમાતાએ પ્રેમવિભોર થઈ તેડી લીધા. ઘનશ્યામ પ્રભુએ છેટેથી મોટા ભાઈને આવતા જોયા. એટલે પોતે દોડીને સામા ગયા ને મોટા ભાઈને કહ્યું, "તમે મને શોધવા ગયા હતા ને ? હું તો ઘરમાં જ હતો. ચાલો, ચાલો, આપણે બધા ભેગા મળી જમાડી લઈએ."

આવા દિવ્ય ગુણો ઘનશ્યામ પ્રભુ પ્રદર્શિત કરતા. તેમની દૃષ્ટિ કેવી વિશાળ. રીસ ખરી પણ કાયમી નહીં. દુઃખ ખરું પણ પ્રેમ મૂકીને નહીં. આવું અદ્‌ભુત ચરિત્ર જ એમની સર્વોપરીતાની સાબિતી છે.

## અંગૂઠી લીલા

દેહધારી હોય તેને ભૂખેય લાગે, તરસ પણ લાગે ને ઊંઘ, આળસ વગેરે જણાય. કેમ કે આ સર્વે ભાવો દેહને વિષે છે. તેથી દેહધારીમાં જણાય. પણ જે દિવ્યાતિદિવ્ય ને ભવ્યાતિભવ્ય છે, જેમાં ત્રિકાળને વિષે માયા નથી, માયાના કોઈ ભાવ નથી એમને લૌકિક ક્રિયા શાની હોય ? આ લોકમાં (અવરભાવમાં) એમને વિષે એવી તમામ ક્રિયા જણાતી હોય અથવા એવી ક્રિયા તેઓ કરતા હોય કે પછી દેહધારીને એવું દેખાતું હોય તો મહારાજ અને મોટાપુરુષને વિષે

માત્ર લીલા સમજવી; બાકી એમને વિષે એવા ભાવો કે ગુણો નથી. એમની લૌકિક ક્રિયાને વિષે પણ અલૌકિકતા અવશ્ય હોય જ ! જો એને સમજતા ને દેખતા આવડે તો.

આજે ઘનશ્યામ પ્રભુએ બહુ ભૂખ લાગી હોય એવું જણાવ્યું. સુવાસિનીભાભી પાસે રસોડામાં જઈ કહ્યું, ‘‘ભાભી ! બહુ ભૂખ લાગી છે. જલદી જમવાનું આપો.’’ સુવાસિનીભાભીએ પ્રેમથી લાડ લડાવતાં કહ્યું, ‘‘ઘનશ્યામ પ્રભુ ! જુઓ હું રસોઈ જ બનાવું છું. બસ, થોડી વારમાં તૈયાર થઈ જશે. આપ, ઘડીક ખમો પછી હું આપને ગરમાગરમ રસોઈ પીરસીને જમાડું.’’ આમ કહી સુવાસિનીભાભીએ હાથમાં પહેરેલી સોનાની અંગૂઠી (વીંટી) કાઢી બાજુ પર મૂકી લોટ બાંધવા માંડ્યો. ઘનશ્યામ પ્રભુ તેને જોઈ રહ્યા હતા.

હવે ઘનશ્યામ પ્રભુએ અદ્‌ભુત લીલા કરવાનું શરૂ કર્યું. ભાભીને ખબર ન પડે તેમ ધીમા પગલે અંગૂઠી સરકાવી લીધી ને ઘરમાંથી છાનામાના છટકી, સીધા પહોંચ્યા ઉમરાવ હલવાઈની દુકાને.

પ્રભુએ હલવાઈને અંગૂઠી બતાવીને કહ્યું, ‘‘આના (અંગૂઠીના) બદલામાં કેટલી મીઠાઈ જમવા દેશો..?’’ સોનાની અંગૂઠી જોઈ હલવાઈ લલચાઈ ગયો. તેમણે ઘનશ્યામ પ્રભુ સામે જોઈ કહ્યું, ‘‘તારે કેટલી મીઠાઈ જોઈએ છે ?’’ ઘનશ્યામ પ્રભુએ કહ્યું, ‘‘હું ધરાઈને જમું એટલી મીઠાઈ આપવી હોય તો અંગૂઠી આપી દઉં.’’ હલવાઈ તો ઘનશ્યામ પ્રભુને વિષે મનુષ્યભાવ (અવરભાવ) જ દેખતો હતો ને જાણતો હતો. તેમને થયું આ નાનું બાળક જમી જમીને શું જમવાનું છે ? તેથી હલવાઈએ શરત મંજૂર રાખીને કહ્યું,

“માંગો તેટલી આપીએ અમો, પણ જમાય તેટલી જમો;
પામર તે પ્રભુને શું જાણે, લોભી આધીન થૈ મત તાણે,
લાખો મણ જમીને પચાવે, કોટિ બ્રહ્માંડને તે છૂપાવે;
વાલીડો બેઠા આસન વાળી, પાડી કંદોઈને શિર તાળી,
ઘરમાં બેઠા વાળી પલાંઠી, મન ધારી રહ્યા છે અંગૂઠી;
લોટો પાસે મૂકયો છે સુધારી, ભર્યું છે તેમાં નિર્મલ વારિ,
મીઠાઈ આપી પાત્ર મોઝાર, જમવા લાગ્યા જીવનસાર;
ક્ષણમાત્રમાં તે જમી ગયા, બીજી લેવાને તૈયાર થયા,

ત્યારે લાવીને આપી મીઠાઈ, જોતાં જોતાં જમી ગયા ત્યાંઈ;
લાવી લાવી આપે નરનાર, પાત્રમાં ન દેખે તલભાર,
દોડી દોડી લેવા સારુ જાય, ખાલીનું ખાલી પાત્ર દેખાય;
જેટલી દુકાને ભરી હતી, બધી જમી ગયા પ્રાણપતિ."[૧૮]

હલવાઈને ક્યાં ખબર હતી કે આ બાળક નથી, બાળપ્રભુ છે. હલવાઈએ અંગૂઠી લઈ મીઠાઈ ઘનશ્યામ પ્રભુ પાસે મૂકવા માંડી. પ્રભુ તો જમવા જ માંડ્યા. જમતા જાય ને ઉદર પર હસ્ત ફેરવતા જાય ને વચ્ચે વચ્ચે જળ ધરાવતા જાય. તેમજ કંદોઈને કહેતા જાય, "મીઠાઈ હજુ લાવો, હજુ તો અમે ખૂબ ભૂખ્યા છીએ." ઘણીબધી મીઠાઈ ઘનશ્યામ પ્રભુ જમ્યા છતાં હજુ એમનું જમવાનું ચાલુ જોઈ હલવાઈ આશ્ચર્ય પામ્યો. પણ હવે તે વધુ મીઠાઈ આપતાં ખચકાયા. ઘનશ્યામ પ્રભુએ કહ્યું, "આપણી શરત છે કે હું જમું ત્યાં સુધી મીઠાઈ તમારે આપવાની."

તેમણે મીઠાઈ આપવા માંડી. પણ તે ચિંતામાં પડ્યો કે આ કેટલું જમશે ? મારી આખી દુકાન ખાલી કરી નાખી છતાં હજુ ધરાવાનું કે ઊઠવાનું તો નામ જ લેતા નથી. હવે શું થશે ? પોતાના ભાઈની દુકાનમાંથી મીઠાઈ લાવી આપી છતાં ઘનશ્યામ પ્રભુ ના પાડતા જ નથી. તેઓ ધરાતા જ નથી.

ક્યાંથી ધરાય ? પોતાની ભેળા અનંત મુક્તોને જમાડતા હોય ત્યાં અનંતનું આટલેથી શે પૂરું થાય ?

અંતે હલવાઈ થાક્યા. એની પાસે હવે પ્રાર્થના સિવાય બીજું કાંઈ રહ્યું નહોતું. તેણે દીન થઈ ઘનશ્યામ પ્રભુને હાથ જોડ્યા ને કહ્યું, "હે ઘનશ્યામ, આપને હું બાળક સમજતો હતો. પણ આપ બાળક નથી તેની પ્રતીતિ મને થઈ. આપ તો સાક્ષાત્ ભગવાન છો. આપ હવે મારા પર દયા કરો. હવે મારી આબરૂ ન લો. મને આપને આપેલા વચનથી ચલિત ન કરો. આપ કૃપા કરી આપના ઘરે સિધાવો."

ત્યાં તો ઘનશ્યામ પ્રભુએ દયા લાવી ધરાઈ ગયાનો ઓડકાર ખાધો અને હસતાં હસતાં કંદોઈની દુકાનનો ઓટલો ઊતરી ગયા અને જલદી જલદી ઘર તરફ ચાલ્યા. અહીં ઘરે ભક્તિમાતા, સુવાસિનીભાભી, રામપ્રતાપભાઈ વગેરે અંગૂઠીની શોધાશોધ કરી રહ્યાં હતાં. એટલામાં ઘનશ્યામ પ્રભુ ઘરે આવ્યા. માતાપિતાએ પૂછ્યું, "ઘનશ્યામ ! તમે અંગૂઠી લીધી છે ? જો લીધી હોય તો

---

૧૮. શ્રી ઘનશ્યામલીલામૃતસાગર : તરંગ-૪૦

આપી દો. નાહકના શોધાવશો નહીં.'' ઘનશ્યામ પ્રભુ ઘડીક અજાણ્યા થઈ ગયા. જાણે પોતાને કાંઈ ખબર જ નથી તેમ બધાંની સાથોસાથ શોધવા માંડ્યા. પણ ઇચ્છારામભાઈએ ધીમે રહીને ધર્મપિતાને કહી દીધું, ''આ ઘનશ્યામભાઈએ જ અંગૂઠી લીધી છે. મને ખબર છે.''

ધર્મપિતા તથા રામપ્રતાપભાઈ ઘનશ્યામ પ્રભુ પર અકળાઈ ગયા. ત્યારે ઘનશ્યામ પ્રભુ બોલ્યા કે, ''અમે તો ઉમરાવ હલવાઈની દુકાને જઈ તેની મીઠાઈ ખાધી છે.'' એમ સાચેસાચું કહી દીધું. સહુ ઘનશ્યામ પ્રભુને લઈ હલવાઈની દુકાને આવ્યા. ને અંગૂઠી પાછી માગી. હલવાઈ ગુસ્સે થયા ને કહેવા લાગ્યા, ''મારી આખી દુકાનની મીઠાઈ જમી ગયા ને હવે અંગૂઠી પાછી માગવા આવ્યા છો ? શરમ નથી આવતી તમને ?'' ઘનશ્યામ પ્રભુએ કહ્યું, ''તમે તમારી દુકાનમાં જોઈ આવો. જો મીઠાઈ ઓછી થઈ હોય કે મીઠાઈ જ ન હોય તો અંગૂઠી પાછી ન આપશો.'' હલવાઈએ દુકાનમાં જોયું તો આખીયે દુકાન પ્રથમની જેમ મીઠાઈથી ભરેલી હતી એમ જ મીઠાઈથી ભરેલી જોઈ !!

ઉમરાવ હલવાઈ તો આશ્ચર્યચકિત થઈ ગયા. તેમને ઘનશ્યામ પ્રભુમાં ભગવાનપણાનો નિશ્ચય વધુ દૃઢ થયો. તેમણે ધર્મદેવને બધી વાત કરી ને પછી તેમની માફી માગી અંગૂઠી પાછી આપી.

આ જ એમનું અલૌકિક ચરિત્ર હતું કે તેઓ જમે તે ભેળા અનંત મુક્તોને પણ જમાડે તોપણ ઓછું ન થવા દે..!

## ચકલાંને સમાધિ

ધર્મદેવે ખેતરમાં ડાંગર વાવી હતી. ડાંગર મોટી થઈ ને તૈયાર થઈ ગઈ હતી. ધર્મદેવને બાજુના ગામે જવાનું હોવાથી ઘનશ્યામ પ્રભુને કહ્યું, ''આપણું ખેતર ગામની સમીપે છે તેથી ચકલાં આદિ જનાવર ડાંગરને ખાઈ જાય છે. હું બહાર જાઉં છું. બપોર સુધીમાં પાછો આવી જઈશ. ત્યાં સુધી ડાંગરના પાકને તમે સાચવજો. ને ચકલાં આદિ કોઈ પશુ-પક્ષી આવે તેને ભગાડજો.'' ઘનશ્યામ પ્રભુએ કહ્યું, ''ભલે, સારું. હું ખેતરે જઈશ.''

ધર્મદેવે ઘનશ્યામ પ્રભુને ચરણમાં મોજડી પહેરાવી હાથમાં સોટી આપી ખેતરે મોકલ્યા. ને ધર્મદેવ કામ સારુ મુડાડી ગામે ગયા.

ઘનશ્યામ પ્રભુએ ખેતરમાં જોયું તો ચકલાં ડાંગર ખાતાં હતાં. કેટલાંક જમીન પર, કેટલાંક ડૂંડાં પર, તો કેટલાંક છોડ પર બેઠેલાં હતાં. ઘનશ્યામને થયું, 'જો

ચકલાંને ખાવા દઉં તો પિતા ખિજાય ને ન ખાવા દઉં તો ચકલાં ભૂખ્યાં રહે.' પોતે દયાળુ મૂર્તિ હતા. કોઈને ભૂખ્યા શે દેખી શકે !

"શ્રીહરિ ગયા ખેતરમાંયે, જુવે ચકલાં હજારો ત્યાંયે;
કરે વિચાર શ્રીઘનશ્યામ, હવે શું કરવું મારે કામ,
ખાવા દીધે મહાદુ:ખ થાય, મોટા ભાઈ પિતા ખિજવાય;
ઉડાડું તો લાગે મુને ત્રાસ, માટે કળા કરું સુખરાશ."[૧૯]

તેમણે વચ્ચેનો રસ્તો કાઢ્યો. કેમ કે તેઓ તો સર્વ કારણના કારણ સ્વરૂપ ભગવાન હતા. તેમના માટે શું અશક્ય હતું. ?

"ઘેરે સાદે કર્યો છે હોંકાર, વાપ્યો છે શબ્દ ક્ષેત્ર મોઝાર;
પંખીડાં બેઠાં છે જેહ સ્થાન, થઈ પડ્યાં છે સમાધિવાન,
એમ ઓછી કરી છે ઉપાધિ, કરાવી ચકલાંને સમાધિ."[૨૦]

તેમણે જોરથી સાદ પાડ્યો. તે સાદ આખા ખેતરમાં પહોંચી વળ્યો. જે જે ચકલાંએ આ સાદ સાંભળ્યો તે બધાંયને કરાવી દીધી સમાધિ. જેમ હતાં તે જ અવસ્થામાં બધાં સ્થિર થઈ ગયાં.

ચકલાંને સમાધિ કરાવી ઘનશ્યામ પ્રભુ તો ભામેચા ગામના માધવરામ શુક્લાના ખેતરમાં મહુડાના વૃક્ષ નીચે બકસરામ અને રઘુવીરની સાથે રમવા લાગ્યા.

ધર્મદેવ તથા રામપ્રતાપભાઈ મોડેથી ખેતરની ખબર કાઢવા આવ્યા. ઘનશ્યામને ન ભાળ્યા. તેથી તેમને શોધતાં શોધતાં જ્યાં ઘનશ્યામ પ્રભુ રમતા હતા તે ખેતરમાં આવ્યા. ઘનશ્યામ પ્રભુને રમતા જોઈ રામપ્રતાપભાઈ ખિજાયા, "તમને ખેતર સાચવવા, ડાંગર ચકલાં ન ખાઈ જાય તે સાચવવા મોકલ્યા હતા ને તમે અહીં રમત રમો છો ! ખેતરમાં ચકલાંએ કેટલી બધી ડાંગર બગાડી હશે !" ઘનશ્યામ પ્રભુએ કહ્યું, "ચકલાં આપણી ડાંગર બગાડશે નહિ, ચાલો આપણે જોઈએ."

"પંખીડાં સર્વ ઠરી ગયાં છે, જેમ છે તેમ સ્થિર થયાં છે;
કૈંક ચંચુમાં લીધા છે દાણા, તેની નાડી ને પ્રાણ ખેંચાણા,
કૈંક છોડ પર રહ્યાં બેઠાં, કૈંક તો પૃથ્વીયે પડ્યાં હેઠાં;
એવું દેખી કહે મોટા ભાઈ, જુવો જનક આ તો નવાઈ,
આ તે જીવે છે કે ગયાં મરી, વાત ખોટી હશે કે આ ખરી;

---

૧૯-૨૦. શ્રી ઘનશ્યામલીલામૃતસાગર : તરંગ-૪૪

એમ કહીને ઝાલવા જાય, ત્યાં તો ચકલાં ચૈતન્ય થાય,
કરી મહારાજે ઇચ્છા રૂડી, સર્વ સાથે ગયાં તે ઊડી;
પામ્યા વિસ્મે ભાઈ મનમાંય, જુવો જનક આ શું કેવાય,
મારા નાના ભાઈ ઘનશ્યામ, જરૂર છે આ એમનું કામ."

ખેતરમાં જઈને જોયું તો ચકલાં તો બધાં સ્થિર થયેલાં ને નિશ્ચેતન અવસ્થામાં પડેલાં. કોઈ જમીન પર તો કોઈ ઠૂંડા પર તો કોઈ ડાંગરના છોડ પર તો કેટલાંકની ચાંચમાં ડાંગર એમ ને એમ પડેલાં હતાં. આ જોઈ રામપ્રતાપભાઈને થયું કે આ બધાં ચકલાં મરી ગયાં છે કે શું ? આ તો ગજબ થઈ ગયો..!

ઘનશ્યામ પ્રભુ ઊભા ઊભા હસતા હતા. એમણે ફરીથી સાદ પાડ્યો. ત્યાં તો બધાંય ચકલાંને સમાધિ ઊતરી ગઈ ને ફરર કરતાં બધાં ચકલાં ઊડી ગયાં.

ધર્મદેવ તથા રામપ્રતાપભાઈને નિશ્ચયે થયું કે આ મહાપ્રભુ ઘનશ્યામનું જ કામ છે. એ વિના પક્ષીઓને પણ સમાધિ કોણ કરાવી શકે ? બધાના નાડીપ્રાણ એમના હાથમાં જ છે. ઘનશ્યામ તો સ્વયં અક્ષરાતીત પુરુષોત્તમ પોતે છે. એમ મનોમન વિચારતા સૌ ઘરે આવ્યા.

## વેણીરામને સાજા કર્યા

તરગામ ઘણાય દિવસો સુધી રોકાઈને પછી ધર્મદેવ, ભક્તિમાતા, રામપ્રતાપભાઈ, ઇચ્છારામ તથા સુવાસિનીદેવી વગેરે છપૈયાપુર પરત પધાર્યાં. છપૈયાવાસી તેમજ સગાંસંબંધીને ખબર પડતાં સહુ એમને મળવા તથા ખબરઅંતર પૂછવા આવવા લાગ્યા.

વશરામ ત્રવાડી પણ આવ્યા. તેમને જોઈને ઘનશ્યામ પ્રભુએ પૂછ્યું, ''તમે વેણીરામને કેમ સાથે લાવ્યા નહીં ?'' વશરામ મામાએ કહ્યું, ''વેણીરામ તો કેટલાક દિવસથી માંદા થયા છે. પથારીવશ છે. તેમનાથી આવી શકાય એવું નથી કે એમને લાવી શકાય એમ હતા નહિ તેથી લાવ્યા નથી.''

"કોઈને દુ:ખિયો રે, દેખી ન ખમાય દયા આણી રે..."

તો આ તો પોતાના હતા.

ઘનશ્યામ પ્રભુ તો પોતાના પરમ સખાની માંદગી સાંભળી દિલગીર થયા. જેમને ઘનશ્યામ પ્રભુ સાથે હેત હોય, સખાભાવ હોય, સુખ-દુ:ખમાં સાથે રહ્યા હોય, અવરભાવમાં ઘણી એકતા જણાવતા હોય એવાને પ્રભુ કેમ ભૂલે ? એમનું

દુઃખ કે એમને દુઃખી કેમ જોઈ શકે ?

અવરભાવમાં મહાપ્રભુ તેમજ એમના મોટાપુરુષ સાથે આગવા સ્નેહનો નાતો, એમની સારસંભાળ, એમની સાથે હેત જીવને અવરભાવમાં ખૂબ સુખિયો કરી મૂકતાં હોય છે !! અને એવા સંયોગ થોડા બધાને મળે !? ઘનશ્યામ પ્રભુના સખા થવાનું થોડું કંઈ બધાને મળે !? વેણીરામને તે યોગ પ્રાપ્ત થયો હતો તેથી તેને તો નિશ્ચિંત જ રહેવાનું હોય ને !


ઘનશ્યામ પ્રભુ તુરત જ ધર્મદેવને સાથે લઈ વેણીરામની સંભાળ લેવા ગયા. ધર્મદેવ, ઘનશ્યામ પ્રભુ ને વશરામ મામા બધા ઘરે પહોંચ્યા. વેણીરામ પથારીમાં સૂતા હતા. માંદગીથી અશક્ત હોવાથી ઊભા થવાયું નહીં. પરંતુ બાળસખા ઘનશ્યામ પ્રભુનાં દર્શન થવાથી તેને ખૂબ આનંદ થયો. તેમને લાગ્યું, ‘ઘનશ્યામ પ્રભુ જ મારી દવા કરશે..! એ જ સાજા કરશે..!’

ઘનશ્યામ પ્રભુ વેણીરામની નજીક જઈ બોલ્યા, “વેણીરામ ! સાજા થવું છે ને ?” વેણીરામે હા પાડી. “જુઓ, તમને સાજા થવાની દવા બતાવું...” એમ કહી બોલ્યા, “વેણીરામ ! આપણે સર્વે સાથે રમતા હતા, અમે જે દિવ્ય લીલા કરતા હતા તેનું ચિંતવન કરો. અને બીજું અમને સ્વયં પુરુષોત્તમનારાયણ જાણી હરિકૃષ્ણ તથા ઘનશ્યામ એ બે નામનું ઉચ્ચારણ કરજો, તમારા દેહની માંદગી દૂર થઈ જશે.” એમ કહી વેણીરામનાં માતુશ્રી લક્ષ્મીબાઈને કહેવા લાગ્યા, “થોડી વાર પછી વેણીરામ જે ખાવા માંગે તે બનાવી આપજો.” એમ કહી વેણીરામને માથે સ્નેહપૂર્વક દિવ્ય હસ્ત પ્રસરાવી સ્નેહ આપી, ધીરજ આપી છપૈયા જવા નીકળ્યા.

વેણીરામ બાળસખા ઘનશ્યામ પ્રભુના કહ્યા પ્રમાણે દિવ્ય સ્મૃતિ કરતા થકા હરિકૃષ્ણ, ઘનશ્યામ એ બે નામ ઉચ્ચારતા હતા. થોડી વારમાં જ એમના શરીરે સુવાણ થવા માંડી. પડખું ફેરવ્યું, પથારીમાં બેઠા થવાયું ને પોતાનાં માતુશ્રીને બોલાવી જમવા માગ્યું. તેમનાં માતુશ્રીએ ‘શું જમવાની ઇચ્છા છે ?’ તે પૂછ્યું.

વેણીરામે શીરો જમવા માગ્યો. લક્ષ્મીબાઈએ ઉત્સાહ ને પ્રેમથી શીરો બનાવી આપ્યો. ને વેણીરામ જેમ જેમ શીરો જમાડતા ગયા ને ભોજન પૂર્ણ કર્યું ત્યાં સુધીમાં તો રોગ ગાયબ થઈ ગયો ને પોતે સાવ સાજા-નરવા થઈ ગયા ને જાતે પથારીમાંથી ઊભા થઈ વાતો કરવા લાગ્યા. તેમનાં માતુશ્રીને કહ્યું, “હું તો ઘનશ્યામ પ્રભુ પાસે રમવા જઉં છું, મારી ચિંતા કરતા નહીં. મને હવે કોઈ માંદગી નથી.” એમ કહી દોડીને ઘરની બહાર નીકળી ગયા.

આ બધું લક્ષ્મીબાઈ તેમજ ઘરનાં સર્વે જોઈ જ રહ્યાં. લક્ષ્મીબાઈ પણ નિશ્ચિંત હતાં. તેમણે પોતાને જ મનસા કહ્યું, ‘વેણીરામ ! તારી ચિંતા કરનાર સ્વયં અક્ષરધામના અધિપતિ છે. પછી અમારે ચિંતા શું કામ કરવી જોઈએ ? ને અમારી કરેલી ચિંતા કામ પણ શું આવવાની ?’ અવરભાવના દેહની તથા જીવની ચિંતા ધણીને જ સોંપવી જોઈએ.



આદ્ય સ્થાપક
ગુરુદેવ પ.પૂ. બાપજી



દિવ્ય પ્રેરક
ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી

## સંસ્થાપક ગુરુદેવ પ.પૂ. બાપજી

“સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં.” - આ સૂત્રને જીવન પર્યંત ધારણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા-ઉપાસના અને મહિમાનો સર્વજનના હિતમાં પ્રચાર કરનાર ગુરુદેવ પ.પૂ. બાપજી એક સિદ્ધાંતવાદી સત્પુરુષ છે.

ગુરુદેવ પ.પૂ. બાપજીનું સિદ્ધાંતવાદી જીવન, નિર્દંભ સાધુતા, ધર્મ-નિયમની અણીશુદ્ધતા, નિર્માનીપણું ને નિર્દોષભાવથી ભરેલું પારદર્શક જીવન, પોતાની અહમ્શૂન્યતા ને શ્રીજીનું જ કર્તાપણું આદિ ગુણોએ લાખોના જીવનમાં પ્રેરણાનાં પીયૂષ પાયાં છે. જેના પગલે પગલે સર્જાયો છે લાખો સંતો-હરિભક્તોનો અણીશુદ્ધ સમુદાય. આવા દિવ્ય સત્પુરુષના સંબંધમાં આવનાર હરેક વ્યક્તિના જીવનમાં જીવનપરિવર્તનના દીવડા પ્રકાશ્યા છે.

ગુરુદેવ પ.પૂ. બાપજીનું દિવ્ય અને વિરલ વ્યક્તિત્વ એવું અનોખું છે કે જેમના સાંનિધ્યમાં ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની યથાર્થ ઓળખાણ અને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થાય છે. મનને શાંતિનો અનુભવ થાય છે. આંતર પવિત્રતા પ્રગટે છે. પંચમહાલના ડુંગરાઓમાં વસતા ગરીબ, દલિત, પછાત ને અંધશ્રદ્ધામાં અટવાયેલાઓના બેલી બની તેમના જીવનમાં તેઓએ પ્રકાશ પાથર્યો છે ને તેમના અંધકારમય જીવનમાં આમૂલ પરિવર્તન આણ્યું છે. ૮૯ વર્ષની ઉંમર સુધી અસંખ્ય ગામડાંઓમાં તથા હજારો ભક્તોના ઘરોની વ્યક્તિગત મુલાકાત લઈ તેઓએ અવિરત વિચરણ કર્યું છે. તેમના આ વિચરણથી સર્વત્ર અનોખી આધ્યાત્મિક સુવાસ ફેલાઈ રહી છે.

દેશ-સમાજમાં આધ્યાત્મિક ઉન્નતિનું કાર્ય હોય કે પછી સમાજસેવા કરવાનું ભગીરથ કાર્ય હોય તેમાં ગુરુદેવ પ.પૂ. બાપજીની નિરંતર પ્રેરણા મળતી રહી છે. તેઓની પ્રેરણાથી જ દેશ-સમાજની આધ્યાત્મિક ઉન્નતિ માટે એસ.એમ.વી.એસ. સંસ્થાના સંતો-કાર્યકરો અવિરત વિચરણ કરી જીવનપરિવર્તન માટેનો દિવ્ય સંદેશ જન જન સુધી પહોંચાડી રહ્યા છે. વળી, શૈક્ષણિક સેવાઓ, તબીબી સેવાઓ, ભૂકંપપીડિતોને સહાય તેમજ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્યની સેવાઓ તેમજ રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા આવતાં રચનાત્મક આયોજનો જેવાં કે ‘વાંચે ગુજરાત’ તથા ‘સ્વચ્છતા અભિયાન’ આદિ આયોજનો પણ સંસ્થા દ્વારા ગુરુદેવ પ.પૂ. બાપજીની પ્રેરણાથી ચાલી રહ્યાં છે. વળી, સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓને વધુ વેગવંતી બનાવવા ગુરુદેવ પ.પૂ. બાપજીની પ્રેરણાથી ‘એસ.એમ.વી.એસ. ચૅરિટીઝ’ની સ્થાપના કરવામાં આવી છે.

એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા થતા તમામ સેવાકાર્યોનું શ્રેય ગુરુદેવ પ.પૂ. બાપજીના ચરણે સમર્પિત છે. તેઓની જ દિવ્ય પ્રેરણાથી સંસ્થાની આન, બાન, શાન સમગ્ર વિશ્વમાં લહેરાઈ રહી છે. સંપ્રદાય તથા ઈતર સંપ્રદાયના મુમુક્ષુઓ, સંતો અને અગ્રેસરો પણ આ સત્પુરુષની આધ્યાત્મિક પ્રતિભાને વંદન કરી કૃતાર્થતા અનુભવી રહ્યા છે. તેઓની આ દિવ્યતાનું એક અને માત્ર એક કારણ તેઓ ગણાવે છે અને તે છે એકમાત્ર ભગવાન સ્વામિનારાયણનું કર્તાપણું ! તેઓના ક્રાંતિકારી કાર્યોને વધુ વેગ આપી જન જન સુધી તેમનો સંદેશો પહોંચાડવા ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી સંસ્થાનું પ્રમુખપદ સંભાળી રહ્યા છે.

આપણા સૌના જ્ઞેય, ધ્યેય અને ઉપાસ્ય મૂર્તિ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. જે સમગ્ર સંપ્રદાયના તમામ આશ્રિતગણનું લક્ષ્ય છે, નિશાન છે અને મુકામ છે. સૌએ એમના દિવ્ય સ્વરૂપમાં જોડાઈ છતે દેહે મૂર્તિસુખના અનુભવી થવું અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિને પામવી એ જ અંતિમ લક્ષ્ય સેવવાનું છે.

છતાં શ્રીજીમહારાજના પ્રાગટ્યથી માંડીને આ લોકમાં દેખાતો ભાવ અદૃશ્ય કર્યો ત્યાં સુધીના તેઓના તમામ ચરિત્રો પણ અતિ દિવ્ય ને કલ્યાણકારી જ છે. એ ચરિત્રોનું વાંચન, મનન અને ચિંતન પણ અંતઃકરણને શુદ્ધ અને પવિત્ર કરનાર છે.

સદ્. મુક્તાનંદ સ્વામીએ જ્યારે જ્યારે પણ શ્રીજીમહારાજને પૂછ્યું કે, “હે મહારાજ ! અંતરે શાંતિ થાય, ઉદ્વેગ શમી જાય અને સદાય સુખિયા રહેવાય એવો ઉપાય બતાવો.” ત્યારે ત્યારે શ્રીજીમહારાજ પોતાનાં દિવ્ય ચરિત્રો જ સંભળાવતા. શ્રીજીમહારાજ એમના પ્રશ્નોના સ્થાને શા માટે પોતાનાં દિવ્ય ચરિત્રો સંભળાવતા હશે ? તો આ લીલા પાછળનું રહસ્ય પણ તેઓનું એ જ હતું કે આ બધા પ્રશ્નોનો ઉપાય એટલે અમારા દિવ્ય ચરિત્રોનું શ્રવણ, વાંચન અને મનન કરવું. આ ચરિત્રોમાં સર્વે વાત આવી જાય છે.

આ વાતને સમર્થન આપતાં શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૫૮મા વચનામૃતમાં કહ્યું છે, ‘અમે જે જે ચરિત્ર કર્યાં હોય અને જે જે આચરણ કર્યાં હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય અને અમારો મહિમા પણ આવી જાય.’ આમ, શ્રીજીમહારાજના દિવ્યજીવનનું વૃત્તાંત સૌના માટે સદાય સુખિયા થવા પથદીપક સમાન છે. માટે આ પુસ્તકમાં રજૂ કરેલ સ્વામિનારાયણ ભગવાનના જીવનવૃત્તાંતના વાંચન-શ્રવણથી જરૂર સર્વે અંગે પૂર્ણ થશે અવી અપેક્ષા છે.

– ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી

SMVS
સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા